# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

## મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફ્ય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)


**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-માર્ચ-૨૦૦૬**

મુહર્રમુલ્ હરામ-સફરુલ્ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૨૭

વર્ષ : ૦૩ અંક : ૦૩, સળંગ અંક : ૨૭



★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

★ પત્ર વ્યવહારનુ સરનામું ★

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## લો ઝુમ કે નામ મુહમ્મદ ﷺ કા

लो ज़ुम के नाम मुहम्मद का ईस नाम से राहत होती है
ईस नाम के सदक़े बटते हैं ईस नाम से बरकत होती है

ये शाने करम अल्लाहो गनी अल्लाह का दिया देते हैं नबी
देखे तो सदा देकर कोई हर चीज़ ईनायत होती है

नअतों के सजाते हैं गजरे पढते हैं सलामों के नग्मे
कोई माने या न माने अपनी तो ईबादत होती है

मौसम तो बदलते रहते हैं अरमान मचलते रहते हैं
देखें किस वक़्त मदीने में जाने की सूरत होती है

ख़ुशबख्त मुसाफ़िर तयबह के हो सामने जब दरबारे नबी
यूं देखो गुंबद को जैसे क़ुर्आन की तिलावत होती है

अपने दु:ख दर्दो मुसीबत में दुन्या में हज़ारों रोते हैं
जो यादे नबी में अश्क गिरे उस अश्क की क़ीमत होती है

अपने तो **नियाज़ी** अपने हैं गैरों ने भी हम से प्यार किया
सब नामे नबी का सदक़ा है अपनी जो ईज़्ज़त होती है


★ માનદ તંત્રી ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**

**નૂરાની આર્ટ-દયાદરા**

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧,
મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧





થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા *(માસિક)* માર્ચ-૨૦૦૬

★ વર્ષ : ૦૩ ★ અંક : ૦૩ ★ સળંગ અંક : ૨૭



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : **હે મુજદ્દિદ અલ્ફેષાની ! આજે ફરી જમાનાને તમારી જરૂરત છે !** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૯ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૨ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૫. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૬ |
| ૦૬. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૯ |
| ૦૭. | આબે ઝમઝમ શરીફ એક જીવંત મો'જિઝો | **કાર્યાલય** | ૨૧ |
| ૦૮. | મુજદ્દિદે વક્ત હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہ | **રજૂકર્તા** : જનાબ મૌલાના મોહસિન હવેલીવાલા | ૨૪ |
| ૦૯. | આ'લા હઝરતના કમાલો તથા કરામતોની એક ઝલક ! | **કાર્યાલય** | ૨૭ |
| ૧૦. | તકવાની હકીકત અને તેના ફાયદાઓ | **રજૂકર્તા** : મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાલા | ૩૦ |
| ૧૧. | દસ્તબોસી–કદમબોસી જાઈઝ પણ સિજદો હરામ ! | **રજૂકર્તા** : હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી | ૩૩ |
| ૧૨. | વિ□ભરમાં મુસ્લિમોના વિરોધ સામે યૂરોપ અમેરિકાનું ખંધુ વલણ ! | **કાર્યાલય** | ૩૬ |
| ૧૩. | ૧૪ હજાર બ્રિટિશરો ઈસ્લામના દામનમાં ! | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી–દયાદરા | ૩૮ |
| ૧૪. | ઈઝરાઈલની જેલોમાં થતા જુલ્મ અબૂ ગરીબથી બે હાથ આગળ ! | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી–દયાદરા | ૪૧ |
| ૧૫. | ઔરતોની હિકાયતો | **લેખક** : મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર (પાક.)<br>**અનુવાદક** : આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ) | ૪૪ |
| ૧૬. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૫ |
| ૧૭. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |
| ૧૮. | બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ.... | **કાર્યાલય** | ૪૮ |



## હે માથા ફરેલ શહેનશાહો સામે હક્કનો ઝંડો બુલંદ કરનાર !

# હે મુજદ્દિદ અલ્ફેષાની ! આજે ફરી જમાનાને તમારી જરૂરત છે !

### તંત્રી લેખ

**હૈ ક઼ૌલે મુહમ્મદ ક઼ૌલે ખુદા ફર્માન ન બદલા જાએગા**
**બદલેગા ઝમાના લાખ મગર કુર્આન ન બદલા જાએગા**

કુદરતે ખુદાવંદીનો એ ક્રમ રહ્યો છે કે હઝરત આદમ علیہ السلام ને દુનિયામાં મોકલીને માનવ દુનિયાની વૃદ્ધિ થતી ગઈ અને જ્યારે જ્યારે દુનિયા પર કુફ્ર, શિર્કની ઘનઘોર ઘટાઓ છવાઈ ગઈ, ગુમરાહી તથા બદ્અમલીનાં તોફાનો ઉમટી આવ્યાં, જુલ્મો સિતમ તેના અંતિમ ચરણમાં પહોંચી ગયાં તો રબ તઆલાને દુનિયાવાળાઓ પર દયા આવી અને એ કુફ્ર તથા શિર્ક, ગુમરાહી તથા બદ્અમલી અને જુલ્મો સિતમમાંથી માનવ જગતને મુક્તિ આપવા માટે કોઈ ન કોઈ મુક્તિદાતાને મોકલતો રહ્યો જે ભટકી ગયેલી કૌમને રાહે રાસ્ત (સન્માર્ગે) લાવવા પ્રયત્નો કરે. ઘણા લોકો તેના પ્રયત્નોથી સીધા માર્ગે આવી પણ જતા જ્યારે ઘણા એવા પણ નીકળતા કે તે મુક્તિદાતાની સામે થઈ જતા અને તેના કામોમાં રુકાવટ બનતા અને તેની સામે જંગે ચઢી જતા. તો પછી તે છેવટે હદ વટી જતાં ખુદાની બારગાહમાં તે લોકોના માટે હલાકતની દુઆ કરતો અને તે નાફર્માન કૌમ પર ખુદાનો અઝાબ આવતો અને તેમનું નામો નિશાન ખત્મ થઈ જતું.

ઈસ્લામનો સામાન્ય અભ્યાસ કર્યો હશે તો તમને ખબર હશે જ કે હઝરત નૂહ علیہ السلام ની કૌમ આપની નાફર્માનીથી ન અટકી તો આપે હલાકતની દુઆ કરી જેનાથી પાણીનો અઝાબ આપ્યો અને તેમાં કૌમ ગર્ક થઈ ગઈ. અને જેઓ ફર્માબરદાર રહ્યા તેઓ નૂહ علیہ السلام ની કશ્તીમાં સવાર થઈને બેસી ગયા અને નજાત પામ્યા. હઝરત લૂત علیہ السلام ની કૌમ પર પથ્થર વર્ષાનો અઝાબ આવ્યો હતો. વળી મૂસા علیہ السلام ના દૌરમાં ફિરઔને ખુદાઈનો દાવો કર્યો ત્યારે મૂસા علیہ السلام ની દુઆથી ફિરઔન અને તેની કૌમ દરિયામાં ગર્ક થઈ ગઈ. હઝરત ઈબ્રાહીમ علیہ السلام સામે નમરૂદ હતો એ જ પ્રમાણે હઝરત ઈસા علیہ السلام સુધી કેટલાય નબીઓ થઈ ગયા જેમની નાફર્માન કૌમો પર વિવિધ પ્રકારના અઝાબો આવ્યા અને સૌથી આખરમાં ખાતમુન્નબીય્યિન અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم તમામ કાયનાત માટે નબીએ રહમત બનીને આવ્યા. આપના આગમન પર કુફ્રો શિર્કની ઘટાઓ સમેટાઈ ગઈ, જુલ્મો સિતમની જગાએ અમનો શાંતિનું સામ્રાજ્ય છવાઈ ગયું, નબળાઓ તથા ઔરતો પર, બેવાઓ, યતીમો પર થતા અન્યાયોનો અંત આવ્યો, જુલ્મનો ખાત્મો થયો. તેમજ હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ના નાફર્માનોને પણ કયામત

સુધીની મોહલત મળી કે હુઝૂર ﷺના સદકામાં અગાઉ જેવા અઝાબો અટકી ગયા.

હુઝૂરે અકરમ ﷺના પછી હવે કોઈ નબી આવશે નહીં પરંતુ દુનિયાવાળાઓની હિદાયત માટે ઔલિયા તથા મુજદ્દિદોનો ક્રમ ચાલુ રહ્યો. બેશુમાર ઔલિયાએ કિરામ પેદા થયા જેમણે પોત પોતાના દૌરમાં દીને મુસ્તફાનો પ્રચાર તથા પ્રસાર કર્યો અને દર સો વરસે રબ તઆલા મુજદ્દિદ પેદા કરતો રહ્યો જે દીને ઈસ્લામને જીવંત કરતા રહ્યા, બિદઅતોનો ખાત્મો બોલાવી સુન્નતોને જીવંત કરતા રહ્યા અને મઝહબે હક્કની રક્ષા કરતા રહ્યા. એ ક્રમમાં હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિન્દી નક્શબંદી رحمۃ اللہ علیہ ૧૪ શવ્વાલ હિ.સ. ૯૭૧ જુમ્આના દિવસે સરહિંદ શરીફમાં પેદા થયા. આપનો વંશવેલો ૨૭ વાસ્તા થકી હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી મળે છે.

## આપના વિશે હુઝૂર ﷺની બશારત

અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہએ 'જમઉલ જવામિઅ'માં એક હદીષ લખી છે કે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે, "મારી ઉમ્મતમાં એક શખ્સ થશે જેને **સલહ** (صلہ) કહેવામાં આવશે અને તેની શફાઅતથી એક મહાન સંખ્યા જન્નતમાં દાખલ થશે." આ હદીષ શરીફ જાણે કે હઝરત મુજદ્દિદ رحمۃ اللہ علیہના સંબંધે ઈશારો છે, કેમ કે આપ رحمۃ اللہ علیہ ઉલમા તથા સૂફીઓની દરમ્યાન **સલહ**(صلہ) હતા. આપ رحمۃ اللہ علیہએ જ વહદતુલ વજૂદના મસ્અલાના મામલામાં બંને પક્ષોના મતભેદને દૂર કરીને તેને કેવળ શાબ્દિક મામલો ઠરાવ્યો. આ મસ્અલાના લખાણ બાદ આપ رحمۃ اللہ علیہએ પોતે જ ફર્માવ્યું કે અલ્લાહનો હજારો હજાર એહસાન કે જેણે મને બે દરિયાઓ (પક્ષો) વચ્ચે **સલહ** (સુલહ કરનાર) બનાવ્યો. આપના પછી કોઈ પણ આ લકબથી સરફરાઝ નથી થયો. આ છે મર્તબો મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہનો !

## હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની બશારત

સંખ્યાબંધ બુઝુર્ગોએ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہના આગમનની પૈશનગોઈઓ કરેલી. હુઝૂર પીરાને પીર દસ્તગીર મહબૂબે સુબ્હાની શૈખ અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہએ એક વખત મુરાકબા બાદ ફર્માવ્યું કે, મેં આલમે વાકેઆમાં એક નૂર જોયું છે તે મારા બાદ પાંચસો વર્ષ પછી જાહેર થશે, તે હસ્તીનું નામ શૈખ અહમદ હશે, તેના થકી ઈસ્લામ ધર્મની તજદીદ (જીવંત) થશે. હુઝૂર ગૌષે પાકે પોતાનો મુબારક ખિરકો ખાદિમોને સોંપ્યો અને ફર્માવ્યું, જ્યારે ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہનું આગમન થાય ત્યારે આ મુબારક ખિરકો તેમને આપી દેશો.

પછી આ મુબારક ખિરકો વિવિધ ઝરીઆઓથી સિલસિલાના મશ્હૂર બુઝુર્ગ હઝરત શાહ કમાલ કેતહલી عَلَیہِ الرَّحمَۃُ وَ الرِّضوَانُના પૌત્ર હઝરત શાહ સિકંદર કાદરી قدس سرہના પાસે પહોંચ્યો અને તેઓ થકી હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી عَلَیہِ الرَّحمَۃُ وَ الرِّضوَانُને મળ્યો.

## તા'લીમ તથા બયઅત તથા ખિલાફત

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہએ સૌ પ્રથમ પોતાના પિતા હઝરત શૈખ અબ્દુલ અહદથી તા'લીમ હાંસલ કરી. ત્યારબાદ અધિક તા'લીમ અર્થે સિયાલકોટ આવી હઝરત મૌલાના કમાલ કાશ્મિરીથી

ઈલ્મ હાંસલ કર્યો. હદીષની અમુક કિતાબો મૌલાના યાકૂબ કાશ્મિરીથી પઢી. ૨૧ વર્ષની વયે પુષ્કળ ઈલ્મોથી સજ્જ થઈને સરહિંદ તશરીફ લાવી દર્સ તથા તદરીસની મસ્નદ પર બિરાજમાન થયા. સિયાલકોટમાં હઝરત અલ્લામા મુલ્લા અબ્દુલ હકીમથી જેઓ ઉચ્ચ કક્ષાના આલિમ, મુફસ્સિર, મોહક્કિક હતા તેમણે આપના કમાલો જોઈને બૈઅત કરી લીધી. હઝરત મુજદ્દિદ સાહબના પિતા હઝરત શૈખ અબ્દુલઅહદ હઝરત શૈખ રુકનુદ્દીન ઈબ્ને શૈખ અબ્દુલ કુદ્દુસના ખલીફા મજાઝ હતા જે ચિશ્તિયા સિલસિલાના વિખ્યાત બુઝુર્ગ હતા. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ચિશ્તિયા સિલસિલામાં પોતાના વાલિદથી બૈઅત થયા.

આપના વાલિદ رحمۃ اللہ علیہના ઈન્તેકાલ બાદ આપે હજ્જે બૈતુલ્લાહનો ઈરાદો કર્યો અને સરહિંદથી દિલ્હી તશરીફ લાવ્યા જ્યાં નક્શબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત મુહમ્મદ બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہ આપની જ રાહ જોઈ રહ્યા હતા. હઝરત ખ્વાજા કાબુલથી હિંદુસ્તાન તબ્લીગ તથા રુશ્દો હિદાયતના માટે આવ્યા હતા. આપ દિલ્હીમાં સ્થાયી થયા અને દિલ્હી પહોંચતાં આપને ખ્વાબમાં જણાવવામાં આવ્યું કે, તમે કુતબુલ અકતાબ (મુજદ્દિદ અલ્ફેષાની)ની નજીક પહોંચી ગયા છો, અને આપે જોયું કે જમીનથી આસ્માન સુધી નૂર જ નૂર ફેલાયેલું છે અને આપ એમની જ તલાશમાં ત્યાં મુકીમ રહ્યા. આપને ખ્વાબમાં (મુજદ્દિદ અલ્ફેષાનીનો) હુલીયો પણ દેખાડવામાં આવ્યો હતો." જ્યારે હઝરત શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયા તો હઝરત ખ્વાજા رحمۃ اللہ علیہએ આપ رحمۃ اللہ علیہને જોતાં જ ફર્માવ્યું કે, "મિયાં શૈખ અહમદ ! હું તમારી જ રાહ જોઈ રહ્યો હતો !" આપ رحمۃ اللہ علیہ ખ્વાજા સાહબથી નક્શબંદી સિલસિલામાં બયઅત થયા અને બાતિની ફૈઝ હાંસલ કરવા લાગ્યા. થોડાક દિવસોમાં પોતાના પીરની કીમીયાઈ સોહબતે આપને નક્શબંદી સુલૂકની રાહોએથી તમામ મંઝિલો પાર કરાવીને ખિલાફતના ખિર્કાથી સરફરાઝ કર્યા અને આપ કુત્બિયતના ઉચ્ચ સ્થાને પહોંચ્યા.

## અકબરી યુગ અને દીને ઈલાહીનો ફિત્નો

આપ رحمۃ اللہ علیہ શરીઅતની પાબંદી, બિદઅતોના તથા ગુમરાહીઓના ખાત્મામાં પોતાના સમયના મુજદ્દિદે આ'ઝમ થયા. આપ બે જાલિમ બાદશાહો સામે દીનને જીવંત રાખવા ટક્કર લેતા રહ્યા. આપનું પ્રથમ કારનામુ અકબરી યુગની ચઢતીની ટોચના સમયથી શરૂ થાય છે. હિંદુસ્તાનના શહેનશાહ જલાલુદ્દીન અકબર પોતાના દીનથી ગુમરાહ થયો અને સમયના તે ચાપલૂસ ઉલમાએ તેને સમર્થન કર્યું. ખુશામદખોર સાથીઓએ તેને ચઢાવ્યો અને તેણે "દીને ઈલાહી" નામથી એક નવા ધર્મનો પાયો નાખ્યો.

**ચેતવણી** : જે લોકો આજકાલ વર્તમાન ગૈર કૌમના પ્રધાનો, રાજકરણીઓને રાજી કરવા કે પોતાને કૌમી એકતાના લીડર સમજીને સૌમાં પ્રિય થવા માટે ધર્મોમાં ભેળસેળ કરવાની કોશિશ કરી રહ્યા છે. તેઓ સબક મેળવે કે **તેમનાં કૃત્યો અને અકબરના દીને ઈલાહીમાં કાંઈ ફરક છે ખરો ?** કે જેઓ શિર્કમય મેળાવડામાં, શિર્કનો પ્રચાર કરતા પ્રોગ્રામોમાં સ્ટેજો પર જઈને "રામ–રહીમ, અલ્લાહ તથા ભગવાન એક છે." એવા નારા મારે છે કે જે **કુફ્ર** છે અથવા કહેવાતા જાહિલ પીર બાવાઓ, બની બેઠેલા પેશ્વાઓ, લીડરો મુશ્રિકોનાં સન્માન કરે અથવા પોતે તેમનાં સન્માન પામે છે, બાતિલ

મઅબૂદોને ફૂલહાર ચઢાવી તેને નમે છે અથવા પૂજાવિધિમાં ભાગ લે છે, આરતીની થાળી હાથમાં રાખે છે અને ઉપરથી મુસ્લિમ પેશ્વા કે લીડર હોવાનો દાવો કરે છે ! અને **તેઓ પણ બોધ લે જેઓ તા'ઝીમી સિજદાને જાઇઝ કહેવાની ગુમરાહીમાં ગુમ થયા છે.** તેઓ જુએ કે એના વિરોધમાં જ તો મુજદ્દિદ અલ્ફેષાનીએ સમયના જાહોજલાલવાળા બાદશાહોથી ટક્કર લીધી હતી, અને શું શું તકલીફો વેઠી હતી તે વાંચો, અને એવાં કૃત્યોથી તૌબા કરી નવેસરથી ઈસ્લામ લાવો !

અકબરના દીને ઈલાહીમાં બાદશાહને સિજદો કરવો ફર્ઝે અયન હતો, પેશાની પર ટીલક કરવામાં આવતું, જનોઈ પહેરવામાં આવતી, મસ્જિદ મંદિરનો દરજ્જો સમાન દર્શાવવામાં આવ્યો, બાદશાહને ખુદા ﷻનો અવતાર કહેવામાં આવતો અને તેના માટે તા'ઝીમનો સિજદો જાઈઝ રાખવામાં આવ્યો. કેવળ ઈદો જ નહીં પણ સર્વ કૌમોના તહેવારો મનાવવામાં આવતા, રામ રહીમ એક કહેવામાં આવતુ.

## હઝરત મુજદ્દિદે અલ્ફેષાની અને દીને ઈલાહીનો પ્રતિકાર

જ્યારે હઝરત મુજદ્દિદ માર્ગદર્શનની મસ્નદ પર બિરાજમાન થયા તે સમયે દીને ઈલાહીનો ફિત્નો રોજબરોજ વધતો હતો. હઝરત મુજદ્દિદ સાહબ આવા ગુમરાહ કરનાર સંજોગોમાં કેવી રીતે મૌન રહી શક્તા હતા ! હઝરત મુજદ્દિદ સાહબે "રામ–રહીમ એક"વાળી વિચારધારાનો ખુલ્લો વિરોધ કર્યો અને ફર્માવ્યું, **મિલ્લતે માં જુદાગાના અસ્ત.** "મારો ધર્મ રામ–રહીમ એક તે નથી !"

હઝરત મુજદ્દિદે પોતાના બાતિની નૂર વડે તથા શરીઅતની દલીલોથી એ તમામ ફિત્ના તથા બુરાઈઓનો સામનો કર્યો, અને દીને ઈલાહીની રદ કરી અને ફત્વો આપ્યો કે **''ગૈરે ખુદા માટે તા'ઝીમનો સજદો'' જાઈઝ નથી ! મુસ્લિમો માટે અલ્લાહ ﷻ સિવાય કોઈની સમક્ષ સજદો કરવો 'હરામ' છે.**

## જહાંગીરી દરબારમાં આગમન

અકબર પછી તેનો પુત્ર તખ્ત પર બિરાજમાન થયો. તે પણ પિતાના જ માર્ગ પર હતો. હઝરત મુજદ્દિદ સાહબ દીનના પ્રચારમાં રાત દિવસ વ્યસ્ત હતા. હઝરતના ચાહકો રોજ બરોજ સંખ્યાબંધ વધી રહ્યા હતા. જહાંગીરના દરબારીઓએ હઝરતના વિરૂધ્ધ જહાંગીરના કાન ભંભેરવાનું ચાલુ કર્યું અને ઉશ્કેરવા લાગ્યા કે આ વ્યક્તિ તારી સત્તા વિરૂધ્ધ સાઝિશ (કાવતરુ) કરી રહી છે, તા'ઝીમના સજદાની ના પાડે છે, તે દિવસો દૂર નથી જ્યારે તારી સત્તા પર કબજો કરી લે, તે પોતાના ચાહકોની ફૌજ તૈયાર કરી રહ્યો છે. એટલા માટે જહાંગીરે હઝરતને પોતાના દરબારમાં બોલાવ્યા. હઝરત મુજદ્દિદ સાહબ જહાંગીરી દરબારમાં પધાર્યા તો હઝરતે સુન્નત તરીકા મુજબ સલામ કરી. જહાંગીરે દરબારી અદબો અને તા'ઝીમના સજદાની માંગણી કરી. એના પર હઝરતના ફારૂકી લોહીએ જોશ માર્યો અને હઝરતે ફર્માવ્યું, **આ એક ગુમરાહી છે કે ઈન્સાન કોઈ ઈન્સાનને સજદો કરે. મારું માથુ અલ્લાહ ﷻ સિવાય કોઈની બારગાહમાં નથી ઝુકી શક્તું !** જહાંગીર આ હક્કની અવાજ સાંભળી ગભરાયો કે આ મામલો કોઈ પણ રીતે સમેટાઈ જાય અને મારી વાત પણ રહી જાય. એટલા માટે તેણે પોતાના દરબારીઓને બોલાવીને આ વાત રજૂ કરી કે હું ફલાણા રૂમમાં બેસું છું અને હઝરતને આ

ખિડકીમાંથી અંદર લાવવામાં આવે જેથી હઝરત માત્ર પ્રવેશવા માટે જ નમશે અને એ બહાને મારી વાત બની જશે. જહાંગીરના દરબારીઓ હઝરતને નક્કી કરેલ બારી પાસે લાવ્યા અને અંદર પ્રવેશવા કહ્યું. હઝરત વાત સમજી ગયા! હઝરતે પ્રવેશવા માટે પ્રથમ એક પગ દાખલ કર્યો અને પછી બીજો પગ આ પ્રમાણે હઝરત અંદર પ્રવેશ્યા. જહાંગીરને હઝરતના પગ દેખાયા. તેણે આ વાતને પોતાનું અપમાન સમજ્યું અને ગુસ્સામાં આવીને એની સજામાં હઝરતને કેદમાં બંધ કરવાનો આદેશ આપી દીધો.

## ગ્વાલિયરનો કિલ્લો અને જેલના દિવસો

હઝરત મુજદ્દિદ સાહબને ગ્વાલિયરના કિલ્લામાં બંધ કરવામાં આવ્યા જે હુકૂમતના બાગીઓ (વિદ્રોહીઓ) માટે પ્રખ્યાત હતો. હઝરત મુજદ્દિદ સાહબ હઝરત યૂસુફ عليه السلامની જેમ હજારો ગુમરાહ લોકો માટે માર્ગદર્શન (રુશ્દો હિદાયત)ના મિનાર પુરવાર થયા. હઝરતના ફયૂઝો તથા બરકતો વડે સંખ્યાબંધ ફાસિકો સુન્નતના પાબંદ થઈ ગયા અને ગૈર મુસ્લિમો મુસલમાન બની ગયા.

ડોકટર ઈશ્તિયાક હુસૈન કુરૈશી વાઈસ ચાન્સેલર–કરાચી યુનિ. એ હઝરત મુજદ્દિદ સાહબની નેક કોશિશોના પ્રભાવોને ઘણા ઉમદા રીતે વર્ણન કર્યા છે :–

તેઓ લખે છે, જહાંગીરના સત્તાકાળમાં શૈખ અહમદ જે મુજદ્દિદે અલ્ફેષાનીથી પ્રખ્યાત છે તે આગળ આવ્યા. તેમની સતત કોશિશોથી દીનને જીવતો કરવાવાળી તેહરીક (ચળવળ)ની શરૂઆત થઈ. એટલા માટે આ પરિવર્તનના નતીજામાં રાજકિય ક્ષેત્રે જે કોશિશો કરવામાં આવી તે અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝૈબ આલમગીરના દરબારોમાં બદલાતી હવાઓમાં જોઈ શકાય છે. અકબર આઝાદ ખયાલ અને બેદીનીના શિખરે હતો, જહાંગીરના સત્તા પર બીરાજમાન થવાથી આ આઝાદ ખ્યાલીનો અંત શરૂ થાય છે, શાહજહાં ભલે એક નેક સુન્ની મુસલમાન હતો અને દરબારમાં કોઈ પ્રકારની મઝહબી ઢીલ બરદાશ્ત કરતો ન હતો છતાં તેમણે ગૈર સુન્નીઓને પણ સંતુષ્ઠ રાખ્યા, હઝરત ઔરંગઝૈબ સુન્નિયતની મદદનું નિશાન હતું. *(બહવાલા ફાઝિલે બરેલ્વી ઔર તર્કે મવાલાત, અઝ : પ્રો. મુહમ્મદ મસ્ઊદ અહમદ)*

## હઝરત ઈમામે રબ્બાનીની મુક્તિ

જહાંગીરની પુત્રીને સ્વપ્નમાં હુઝૂર પૂરનૂર صلى الله عليه وسلمના દીદાર થયા. હુઝૂર નબીયે કરીમ صلى الله عليه وسلمએ ઈર્શાદ ફર્માવ્યો કે હું તારા પિતાથી નારાજ છું, કારણ કે તેણે (જહાંગીરે) અમારા એક મુકર્રબ (પ્રિય) નૂરે નજર ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાનીને જેલમાં બંધ કરી રાખ્યા છે. જ્યારે જહાંગીરે આ સ્વપ્ન સાંભળ્યું તો ઘણો પ્રભાવિત થયો. જહાંગીરે હઝરતથી પોતાની કમીઓ અને ભૂલોની માફી માંગી અને હઝરતને મુક્તિ આપવાનો હુકમ આપ્યો. હઝરતે ફર્માવ્યું કે હું ત્યાં સુધી જેલમાંથી બહાર નહીં આવું જ્યાં સુધી કે આ મારી શરતો કબૂલ કરી લેવામાં ન આવે :– દરેક તોડી પાડેલ મસ્જિદોને ફરીથી બનાવી આપવામાં આવે, કાફિરોથી શરીઅતના પ્રમાણે જિઝયો (ટેક્ષ) લેવામાં આવે, મુસ્લિમો પરથી માંસ સંબંધી પાબંદી હટાવવામાં આવે, દરબારમાં તા'ઝીમનો સજદો બંધ કરવામાં આવે. હઝરતની આ પ્રત્યેક શર્તોને મંજૂરી આપવામાં આવી અને હઝરત જેલથી બહાર આવ્યા. ડોકટર ઈકબાલે શું સરસ કહ્યું છે :–

ગરદન ન ઝુકી જિસ્કી જહાંગીર કે આગે
જિસ્કે નફ્સે ગરમસે હૈ ગર્મીએ અજરાર

વો હિંદમેં સરમાયાએ મિલ્લતકા નિગેહબાન
અલ્લાહને બર વક્ત કિયા જિસ્કો કે બેદાર

**વફાત** : હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ એ મૃત્યુના થોડાક દિવસો પહેલાં આમ ફર્માવવાનું ચાલુ કર્યું કે હઝરત નબીએ દો આલમ ﷺ આ દુનિયામાં (૬૩) વર્ષો (જાહેરી રીતે) જલ્વા અફરોઝ રહ્યા, તો પછી એમનો ગુલામ આ ઉમરથી વધુ કેવી રીતે રહી શકે છે ! હઝરત ઈબાદતો તથા રિયાઝતોના લીધે બીમાર પડયા. ઝેકન્નફ્સ (એક બીમારી)નો સખત હુમલો થયો. પરંતુ આ બીમારીમાં પણ હઝરતની ઈબાદતો તથા રિયાઝતોમાં ફરક ન પડયો. મૃત્યુથી એક દિવસ પહેલાં પોતાની ફેમેલી અને ખાદિમોને કહેવા લાગ્યા કે આજની રાત મારી છેલ્લી રાત છે. પછી ૨૮ સફર હિ.સ. ૧૦૩૪, ઈ.સ. ૧૬૨૪માં ફજર બાદ ૬૩ વર્ષની વયે હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ વાસિલે બહક્ક થયા.

વર્તમાનકાળમાં હક્કના તલબગારો માટે તેમજ ગુમરાહીમાં વિવિધ ભરમોમાં જીવતા લોકો માટે આપની જિંદગી એ સીધા માર્ગે આવવા માટે દીવાદાંડી સમાન છે. રબ તઆલા આપણને આવા હક્કગો અને હક્ક માટે મરી ફિટનારા બુઝુર્ગોના નક્શે કદમ પર ચલાવે અને દરેક વાતમાં ખુદાનો ખૌફ રાખી ઈન્સાફથી વર્તવાની અને શરીઅતની પાબંદીમાં જીવવાની તૌફીક અતા કરે. (આમીન)



ગ્વાલિયર (મધ્યપ્રદેશ)નો કિલ્લો જ્યાં તા'ઝીમી સિજદાનો ઈન્કાર કરવાને કારણે જહાંગીર બાદશાહે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ને ઈ.સ. ૧૬૧૯ થી ૧૬૨૦ એક વરસ સુધી કેદ કર્યા હતા. જ્યાં આપના ફયૂઝથી સેંકડો મુશ્રિકોએ ઈસ્લામ કબૂલ કર્યો અને કેટલાએ ગુમરાહો તથા ફાસિકોએ તૌબા કરી દીનની રાહ ઈખ્તિયાર કરી.

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَمَنْ يَّتَبَدَّلِ الْكُفْرَ بِالْاِيْمَانِ

فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِيْلِ ﴿١٠٨﴾ وَدَّ كَثِيْرٌ مِّنْ اَهْلِ الْكِتٰبِ لَوْ يَرُدُّوْنَكُمْ

مِّنْ بَعْدِ اِيْمَانِكُمْ كُفَّارًا ۚ حَسَدًا مِّنْ عِنْدِ اَنْفُسِهِمْ مِّنْ

بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ الْحَقُّ ۚ فَاعْفُوْا وَاصْفَحُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ

بِاَمْرِهٖ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ ﴿١٠٩﴾ وَاَقِيْمُوا الصَّلٰوةَ وَ

اٰتُوا الزَّكٰوةَ ؕ وَمَا تُقَدِّمُوْا لِاَنْفُسِكُمْ مِّنْ خَيْرٍ تَجِدُوْهُ عِنْدَ

اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ ﴿١١٠﴾ وَقَالُوْا لَنْ يَّدْخُلَ الْجَنَّةَ

اِلَّا مَنْ كَانَ هُوْدًا اَوْ نَصٰرٰى ؕ تِلْكَ اَمَانِيُّهُمْ ؕ قُلْ هَاتُوْا بُرْهَانَكُمْ

اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١١١﴾ بَلٰى ۚ مَنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ

مُحْسِنٌ فَلَهٗۤ اَجْرُهٗ عِنْدَ رَبِّهٖ ۪ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ

يَحْزَنُوْنَ ﴿١١٢﴾ وَقَالَتِ الْيَهُوْدُ لَيْسَتِ النَّصٰرٰى عَلٰى شَیْءٍ ۪ وَّ

قَالَتِ النَّصٰرٰى لَيْسَتِ الْيَهُوْدُ عَلٰى شَیْءٍ ۙ وَّهُمْ يَتْلُوْنَ

الْكِتٰبَ ؕ كَذٰلِكَ قَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ مِثْلَ قَوْلِهِمْ ۚ فَاللّٰهُ

يَحْكُمُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿١١٣﴾ وَ

مَنْ اَظْلَمُ مِمَّنْ مَّنَعَ مَسٰجِدَ اللّٰهِ اَنْ يُّذْكَرَ فِيْهَا اسْمُهٗ

وَسَعٰى فِیْ خَرَابِهَا ؕ اُولٰٓئِكَ مَا كَانَ لَهُمْ اَنْ يَّدْخُلُوْهَاۤ

اِلَّا خَآئِفِيْنَ ؕ لَهُمْ فِی الدُّنْيَا خِزْیٌ وَّلَهُمْ فِی الْاٰخِرَةِ عَذَابٌ

عَظِيْمٌ ﴿١١٤﴾ وَلِلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ۚ

**તર્જુમો** : અને જે બદલી લે છે કુફ્રને ઈમાનથી તે (કિસ્મતનો માર્યો) તો ભટકી ગયો સીધા માર્ગથી. દિલથી ચાહે છે ઘણા અહલે કિતાબ કે કોઈક રીતે ફરી બનાવી દે તમને ઈમાન લાવ્યા બાદ કાફિર[૧૨૫]. (તેમની આ ઈચ્છા) તે હસદના કારણે છે જે એમના દિલમાં છે. (આ સર્વ કાંઈ) એના પછી કે જ્યારે સારી પેઠે સ્પષ્ટ થઈ ચૂક્યું છે તેમના પર હક્ક. તો (હે મુસ્તફાના ગુલામો !) માફ કરતા રહો અને દરગુઝર કરતા રહો, ત્યાં સુધી કે મોકલી દે અલ્લાહ (તેમના બારામાં) પોતાનો કોઈ હુકમ. બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર કાદિર છે. અને સહીહ અદા કરો નમાઝ અને આપ્યા કરો ઝકાત, અને જે કાંઈ આગળ મોકલશો પોતાના માટે નેકીઓમાંથી જરૂર પામશો તેનો બદલો અલ્લાહને ત્યાં[૧૨૬]. યકીનન ! અલ્લાહ તઆલા જે કાંઈ તમે કરી રહ્યા છો તે સારી રીતે જોઈ રહ્યો છે. અને તેમણે કહ્યું, ન દાખલ થશે જન્નતમાં (કોઈપણ) એમના સિવાય જેઓ યહૂદી છે કે ઈસાઈ. આ તેમની મનઘડત વાતો છે, આપ (તેમને) ફર્માવો, લાવો તમારી કોઈ દલીલ ! જો તમે સાચા છો. હા ! જેણે પણ ઝુકાવી દીધો પોતે પોતાને અલ્લાહના માટે અને તે મુખ્લિસ (નિખાલસ) પણ હોય તો એના માટે

એનો અજર છે તેના રબની પાસે[૧૨૭]. ન કોઈ ડર છે તેમને અને ન તો તેઓ ગમગીન થશે, અને કહે છે યહૂદી કે નથી ઈસાઈ સીધા માર્ગ પર અને ઈસાઈ કહે છે કે નથી યહૂદી સીધા માર્ગ પર[૧૨૮] જો કે તેઓ સૌ પઢે છે (આસ્માની) કિતાબ. એ જ પ્રમાણે કહી તે લોકોએ જે કાંઈ નથી જાણતા એમના જેવી વાત[૧૨૯]. તો (હવે) અલ્લાહ ફેંસલો કરી આપશે તેમની દરમ્યાન કયામતના દિવસે જે વાતોમાં તેઓ ઝઘડતા રહેતા હતા અને કોણ અધિક જાલિમ છે એના કરતાં જે રોકી દે અલ્લાહની મસ્જિદોથી[૧૩૦] કે ઝિક્ર કરવામાં આવે એમાં એના (પાક) નામનું, અને પ્રયત્નશીલ હોય તેની વિરાનીમાં. તેમના માટે યોગ્ય ન હતું કે પ્રવેશતા મસ્જિદોમાં પણ ડરતા ડરતા. તેમના માટે દુનિયામાં પણ (મહાન) બેઈજ્જતી છે[૧૩૧] અને તેમના માટે આખેરતમાં (પણ) મહાન અઝાબ છે. અને પૂર્વ પણ અલ્લાહનું છે અને પશ્ચિમ પણ[૧૩૨].

## ★ તફસીર ★

**૧૨૫.** યહૂદી જીદ તથા હઠધર્મીના કારણે પોતે પણ ઈમાનની દૌલતથી મેહરૂમ રહ્યા. હવે હસદના માર્યા ચાહે છે કે કોઈ અન્ય પણ ઈમાનની દૌલતથી માલમાલ ન થાય. દરેક સમયે મુસલમાનોને ઈસ્લામથી હટાવવાના માટે કાવત્રાં કરતા રહે છે. અલ્લાહ તઆલા મુસલમાનોને ફર્માવે છે કે તમે તેમની ફિત્નાઅંગેઝીઓ અને શરારતોથી દરગુઝર કરતા રહો. વાત વાત પર તેમની સાથે ઉલઝવાની જરૂરત નથી, જ્યારે યોગ્ય હશે ત્યારે તેમનો ખાત્મો કરવાનો તમને હુકમ આપવામાં આવશે.

**૧૨૬.** નાની કે મોટી જે નેકી કરશો તે ભૂલાવી દેવામાં આવશે નહીં, બલ્કે તેનો પૂરેપૂરો સવાબ તમને અતા કરવામાં આવશે.

**૧૨૭.** આ સર્વ દાવા ફોગટ છે. **નજાતનો કેવળ એક જ માર્ગ છે અને તે છે ઈમાન અને નેક અમલો.** જેણે પોતાની જાત, પોતાની મનેચ્છાઓને અલ્લાહ તઆલાના હુકમની સમક્ષ ઝુકાવી દીધી તે બારગાહે ઈલાહીમાં ખુશ ખુશ હશે, રૂમી કે ઝંગી, અરબી કે અજમીની કોઈ શર્ત નથી.

**૧૨૮.** નજરાનના ઈસાઈ બારગાહે રિસાલતમાં હાજર થયા તો તેમના આગમનના સમાચાર સાંભળીને યહૂદી આલિમો પણ ત્યાં પહોંચી ગયા. બંને પક્ષો વચ્ચે વાતચીત શરૂ થઈ ગઈ. વાતચીત દરમ્યાન યહૂદીએ કહી દીધું કે નસારા (ઈસાઈઓ)નો મઝહબ તદ્દન બાતિલ (ખોટો) છે અને નસારાએ પણ જવાબમાં કહી આપ્યું કે યહૂદીઓને હક્ક તથા સત્ય સાથે કોઈ સંબંધ નથી. અલ્લાહ તઆલા બંનેની ગલતીઓનો ઈઝહાર કરતાં ફર્માવે છે કે જ્યારે તૌરાતમાં હઝરત ઈસા علیہ السلامના આગમન અને તેમની રિસાલતનો ઉલ્લેખ મૌજૂદ છે તો તૌરાત પર ઈમાનનો દાવો કરનારા યહૂદને એ હક્ક નથી પહોંચતો કે તેઓ હઝરત ઈસા علیہ السلامની રિસાલતનો ઈન્કાર કરે, અને ઈન્જીલમાં જ્યારે હઝરત મૂસા علیہ السلامની નબુવ્વતની અગણિત સાક્ષીઓ મૌજૂદ છે તો હવે નસારા કયા મોઢે મૂસા علیہ السلامની નબુવ્વતનો ઈન્કાર કરે છે ?! સારાંશ કે સન્માર્ગનો દામન બંનેવના હાથોએથી છૂટી ગયો છે. બંનેવ પોતાની જીદ પર અડેલા છે.

**૧૨૯.** મૂર્તિપૂજકો, આગ તથા તારાઓના પૂજનારા પણ એ ગલતફહમીનો શિકાર છે. તેઓ પણ પોતાના સિવાય સર્વને ગુમરાહ યકીન કરે છે.

**૧૩૦.** એટલે કે કેવળ ઝબાની દાવાઓને રહેવા દો. પોતાના અમલના આયનામાં પોતાનો ચેહરો જુઓ તો હકીકત જાહેર થઈ જશે. રોમના ઈસાઈઓએ પોતાના બાદશાહ તાયતસ (Titus) સાથે યહૂદીઓથી બદલો લેવાના માટે ફિલિસ્તીન પર લશ્કર મોકલ્યું અને બૈતુલ મુકદ્દસને વિરાન

તથા બર્બાદ કરી નાખ્યું અને તેની જબરદસ્ત ઈમારતને ખંડેરોમાં ફેરવી કાઢી. તો જેમનો અમલ આવો હોય તેને શું હક્ક પહોંચે છે કે તે પોતે પોતાને હક્કનો ઝંડાધારી કહે ? મક્કાના કાફિરોએ હુઝૂરે કરીમ ﷺ અને મુસલમાનોને મસ્જિદે હરામમાં ઈબાદત કરવાથી લાંબા અરસા સુધી રોકી રાખ્યા, તો શું એ મુશ્રિકોને શોભા આપે છે કે હિદાયત પર હોવાનો દાવો કરે ? મકસદ એ થયો કે તે દાવો જેની સાબિતીમાં નેક અમલની સાક્ષી ન હોય તે ધ્યાન કરવાને પાત્ર નથી. આ હુકમ સામાન્ય છે. જે એવું કરે તે સૌથી મહાન જાલિમ છે. કોઈ જમાના કે કોઈ કૌમની સાથે એને ખાસ કરવાની જરૂરત નથી.

**૧૩૧.** વિખેરાયેલા લોકો ત્યારે કૌમ બને છે જ્યારે તેમનામાં એકતા હોય, અને એકતા ત્યારે પેદા થાય છે જ્યારે તેમનું કોઈ ખાસ કેન્દ્ર (મર્કઝ) હોય. એટલા માટે અલ્લાહ તઆલાએ દરેક ઉમ્મતના માટે કિબ્લો નિશ્ચિત કર્યો છે. ક્રમે ક્રમે કૌમોમાં એ ખયાલ જડ પકડતો ગયો કે આ દિશા કોઈ પોતાની જાતી ખાસિયત તથા ખૂબીના કારણે કિબ્લો બનાવવામાં આવી. આ આયતમાં તેમની આ ગલતફહમીના નિવારણનો હેતુ છે કે દિશાઓ સર્વ અલ્લાહની છે, પૂર્વ હોય કે પશ્ચિમ, ઉત્તર હોય કે દક્ષિણ સૌ તેની પેદા કરેલી અને તેના તાબા હેઠળ છે. જો કોઈ દિશાને કિબ્લો બનાવવામાં આવે છે તો કોઈ અંગત વિશિષ્ટતાને કારણે નહીં બલ્કે અલ્લાહ તઆલાના હુકમથી કિબ્લો બનાવવામાં આવે છે. પૂર્વ, પશ્ચિમ સાથે તમારે શો સંબંધ ! તમે તેના હુકમના બંદા છો. તેમજ જો મુશ્રિક કૌમો સૂર્યની પૂજા કરતી હતી, પૂર્વ તેના ઉગવાની દિશા છે એટલા માટે ખાસ તૌર પર તેની પાકીને માનનારી હતી અને અમુક કૌમો પશ્ચિમને પવિત્ર માનતી હતી. અલ્લાહ તઆલાએ દિશા પૂજનની મૂરતના પણ ટુકડે ટુકડે કરી નાખ્યા અને ફર્માવ્યું કે એ દિશાઓ જાતે પોતે કાંઈ જ નથી, તેમની હકીકત બસ એટલી છે કે અલ્લાહ તઆલાએ તેમને પેદા કરી અને તેનો હુકમ તેમનામાં ચાલે છે.

## ઔલાદ પર મહેરબાની અને યતીમો પર રહમતનો બદલો

રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે માણસ પોતાના ખાવા પીવામાં યતીમને શરીક કરે, અલ્લાહ તઆલા એને માટે જરૂર જન્નત વાજિબ કરશે, પરંતુ જો એવા ગુનાહ કર્યા હોય જેની મગફેરત ન હોય. અને જે માણસ ત્રણ છોકરીઓ યા એટલી બહેનોની પરવરિશ કરશે, તેમને અદબ શીખવશે, તેમના પર મહેરબાની કરશે. એટલે સુધી કે અલ્લાહ તઆલા તેમને બેનિયાઝ કરી દે (એટલે કે હવે પછી તેમને કોઈ જરૂરીયાત બાકી ન રહે) તો અલ્લાહ તઆલા તેને માટે જન્નત વાજિબ કરી દેશે. કોઈએ કહયું કે યા રસૂલલ્લાહ ! ﷺ બે પુત્રી હોય તો ?! (એટલે કે બેની પરવરિશમાં પણ સવાબ મળશે ?) ફર્માવ્યું, બે. એટલે કે એને માટે પણ તે જ સવાબ છે અને જો લોકોએ એક ને માટે કહ્યું હોત તો હુઝૂર ﷺ એક માટે પણ ફર્માવી દેતા. અને ફર્માવ્યું, જેની કરીમતીનને અલ્લાહ તઆલાએ દૂર કર્યા તેને માટે જન્નત વાજિબ છે. પૂછવામાં આવ્યું કે કરીમતીન શું છે ? ફર્માવ્યું, આંખો. *(શરહે સુન્નહ)*

અને ફર્માવ્યું કે શું હું તમને એ ન બતાવું કે અફઝલ સદકો શું છે ? તે પોતાની એ છોકરી પર સદકો કરે છે જે તમારી પાસે પાછી ફરે છે (અર્થાત એનો શોહર ગુજરી ગયો યા એને તલાક દેવામાં આવી અને તે પોતાના બાપ પાસે ચાલી આવી છે) તમારા સિવાય એનો કમાનાર (ભરણપોષણ કરનાર) કોઈ નથી. *(ઈમામ અહમદ, ઈબ્ને માજા, હાકિમ)*

*–(કાનૂને શરીઅત, ભાગ–૨)*

દર્સે હદીષે પાક

મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૬ ★

હઝરત સફવાન ઈબ્ને અસાલથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે યહૂદી પોતાના સાથીને બોલ્યો, મને તે નબી પાસે લઈ ચાલ. સાથી બોલ્યો, તેમને નબી ન કહો[૨], જો તે સાંભળી લેશે તો તેમની ચાર આંખો થઈ જશે[૩] . પછી તેઓ બંનેવ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને તેમણે ઉઘાડી નિશાનીઓના બારામાં પૂછયું[૪]. નબી ﷺએ ફર્માવ્યું કે કોઈ ચીજને અલ્લાહની શરીક ન ઠરાવો[૫], ન ચોરી કરો, ન ઝિના કરો, ન નાહક્ક કોઈ મોહતરમ જાનને કત્લ કરો[૬], ન કોઈ બેકુસૂરને હાકિમની પાસે લઈ જાવ કે જેથી તેને કત્લ કરી નાખે[૬] અને ન જાદૂ કરો, ન વ્યાજ ખાવ[૭], ન પાકદામનને ઝિનાનો આક્ષેપ લગાડો, ન જેહાદના દિવસે ભાગવા માટે પીઠ ફેરવો[૮]. અને હે યહૂદીઓ ! તમારા પર ખાસ એ પણ લાઝિમ છે કે શનિવારના બારામાં હદથી ન વધો[૯]. રાવી ફર્માવે છે કે, ત્યારે તે બંનેવે હુઝૂર ﷺના હાથ પગ ચૂમ્યા[૧૦] અને બોલ્યા, અમે ગવાહ છીએ કે તમે સાચા નબી છો[૧૧]. હુઝૂરે ફર્માવ્યું, તો પછી તમને મારા અનુસરણ (પયરવી)થી કઈ ચીજ રોકે છે ?[૧૨] તેઓ બોલ્યા કે દાઊદ علیہ السلامએ રબથી દુઆ કરી હતી કે તેમની ઔલાદમાં નબુવ્વત રહે[૧૩]. અમને ડર છે કે અમે તમારી પયરવી કરી લઈએ તો અમને યહૂદી મારી નાખશે. *(અબૂ દાઊદ તથા નિસાઈ)*

## ★ સમજૂતી ★

**૧**. આપ કૂફાના રહેવાસી બની મુરાદ કબીલાના સહાબી છે. બાર ગઝવાઓમાં હુઝૂર ﷺની સાથે રહ્યા.

**૨**. જણાય છે કે યહૂદીઓનાં દિલ હુઝૂર ﷺની હક્કાનિયતની ગવાહી આપતાં હતાં પણ કેવળ જીદના કારણે ઈન્કાર કરતા હતા.

**૩**. એટલે કે તેઓ ખુશ થઈ જશે અને યહૂદીઓને કહેશે કે તમારા લોકો પણ મને નબી કહે છે. સુબ્હાનલ્લાહ ! મહાનતા તેને કહેવાશે કે દુશ્મન પણ ગવાહી આપે.

**૪**. ઉઘાડી નિશાનીઓથી મતલબ ક્યાં તો નેક અમલો છે જે અમલ કરનાર (આમિલ)ની ખુશનસીબીની નિશાની હોય. આ સ્થિતિમાં હુઝૂર ﷺનો એ જવાબ સવાલના પ્રમાણે છે, અથવા એનાથી મૂસા علیہ السلامના ઉઘાડા નવ મો'જિઝા મુરાદ છે. રબ ફર્માવે છે :–

وَلَقَدْ اٰتَيْنَا مُوسٰى تِسْعَ اٰيَاتٍ بَيِّنَاتٍ આ સ્થિતિમાં હુઝૂર ﷺનો જવાબ હિકમતપૂર્ણ છે. એટલે કે એ ન પૂછો બલ્કે પોતાની ફિકર કરો અને કરવાવાળા અમલો વિશે પૂછો. યાદ રાખશો કે તેમણે નવ ચીજો વિશે પૂછયું, હુઝૂર ﷺએ દસ બતાવી. નવ તે જે દરેક દિવસના હુકમોમાં છે અને દસમી તે જે યહૂદીઓના દીન સાથે ખાસ છે, એટલે કે શનિવારે શિકાર કરવો.

**૫**. શક્ય છે કે એમાં નિર્દેશરૂપે એ બતાવવામાં આવ્યું હોય કે **યહૂદી મુશ્રિક છે, કેમ કે તેઓ હઝરત ઉઝૈર علیہ السلامને અલ્લાહનો પુત્ર માનતા હતા અને પુત્ર બાપનો ભાગીદાર (શરીક) હોય છે.**

**૬**. કે એ બમણો ગુનોહ છે કે હાકિમને ધોકો આપવું અને નિદોર્ષની જાન લેવી એ આમ દિવસોમાં પણ હરામ રહ્યું.

**૭.** આ પરથી જણાયું કે વ્યાજ કોઈ નબીના દીનમાં જાઈઝ ન થયું કેમ કે આ તે અમલોની યાદી છે જે તમામ દીનોમાં રિવાજ પામેલ હતા.

**૮.** આ હુકમ પણ તમામ દીનોમાં રહ્યો જેમાં જેહાદ ફર્ઝ હતો, જેમાં જેહાદ જ ન હતો ત્યાં આ હુકમ પણ ન હતો.

**૯.** એ દિવસે શિકાર ન કરો. એટલે કે શનિવારે શિકાર ન કરવો એ તમારી તૌરાતનો હુકમ છે આ તમારા માટે ઉઘાડી નિશાની હતી. હવે તૌરાત મન્સૂખ થઈ ચૂકી જેથી એ હુકમ પણ મન્સૂખ થઈ ગયો. એના પરથી માલૂમ પડયું કે હુઝૂર ﷺ સર્વ આસ્માની કિતાબોથી વાકેફ છે, અને આ વાકેફિયત હુઝૂર ﷺની નબુવ્વતની દલીલ છે. એટલા માટે તે પ્રશ્નકર્તાઓ હુઝૂર ﷺના કદમોમાં પડી ગયા. (કદમોને ચૂમી લીધા).

**૧૦.** જાહેર એ છે કે પગ મુબારક પર પણ મોઢું લગાડી બોસો આપ્યો. જાણવા મળ્યું કે **બુઝુર્ગોના કદમો ચૂમવા જાઈઝ છે અને પગોને ચૂમવા માટે ઝુકવુ ન સજદો છે ન મના છે, નહીં તો હુઝૂર ﷺ તેમને મના કરી આપતે.** યાદ રાખશો કુર્આન શરીફ, સંગે અસ્વદ, બુઝુર્ગોના હાથ પગો, માં બાપના હાથ પગો ચૂમવા સવાબ પણ છે અને બરકતનો સબબ પણ છે. કેટલાક મશાઈખ તો પોતાના બુઝુર્ગોના તબર્રુકોને ચૂમે છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ હુઝૂર ﷺ નો મિમ્બર ચૂમતા હતા. બોસાની ચર્ચા અને તેના પ્રકારો અમારી કિતાબ **જાઅલ હક્ક વ ઝહકલ બાતિલ**માં જુઓ. *(જે "દયાદરા"ના સરનામે મળી શકશે. 'જાઅલ હક્ક' ભાગ–૧ થી ૫ પ્રકાશિત થયેલા છે. –અનુવાદક)*

**૧૧.** કેમ કે નબી ﷺ નો આ ઈલ્મ ઉઘાડો મો'જિઝો છે. યાદ રાખશો કે આ ગવાહી જાણવા પહેચાનવાના અર્થમાં છે. એટલે કે અમે પહેચાની લીધું કે આપ નબી છે, જેથી તેઓ આ શબ્દથી મો'મિન ન બન્યા એટલા માટે હુઝૂર ﷺ નો આગલો સવાલ દુરુસ્ત થયો.

**૧૨.** એટલે કે જ્યારે તમે મને નબી જાણી લીધો તો પછી માની કેમ નથી લેતા અને મુસલમાન કેમ નથી થઈ જતા ?!

**૧૩.** એમની આ દુઆ કબૂલ છે અને આપ તેમની ઔલાદમાં નથી કે તેઓ બની ઈસ્રાઈલ હતા અને આપ બની ઈસ્માઈલ છે. આ તેમનો કેવળ આક્ષેપ હતો, સર્વ નબીઓએ આપણા નબીની આગાહી કરી હતી. દાઊદ علیہ السلام એ દુઆ કેવી રીતે માંગી શકતા હતા ?! આશ્ચર્ય છે કે એ બંનેવ હમણાં તો હુઝૂર ﷺ નું સમર્થન કરી ચૂક્યા અને હવે આવો આક્ષેપ મૂકી રહ્યા છે ! અમુક યહૂદી એવું પણ કહેતા હતા કે હુઝૂર ﷺ એ કેવળ અરબના મુશ્રિકોના નબી છે, અમારા નથી. કદાચ એમનો એ મકસદ હોય કે એ પણ ગલત હતું. તૌરાત તથા ઝબૂરમાં ખબર હતી કે મુહમ્મદ મુસ્તફા ﷺ આખા જગત માટે નબી થશે અને તમામ શરીઅતોને મન્સૂખ કરનારા.

### માહે સફરની પ્રથમ રાતના નફલ

સફર મહિનાની પ્રથમ રાતમાં ઈશાની નમાઝ બાદ દરેક મુસલમાને જોઈએ કે ચાર રકાત નમાઝ પઢે. પ્રથમ રકાતમાં **સૂરએ ફાતિહા (અલ્હમ્દ)** પછી સૂરત **કુલ્ યા ઐયુહલ કાફિરૂન ૧૫** વાર પઢે. બીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી **૧૫** વાર **કુલ્ હુવલ્લાહુ અહૃદ** પઢે. ત્રીજી રકાતમાં સૂરએ ફાતિહા પછી **૧૫ વાર કુલ અઊઝુબિ રબ્બિલ્ ફલક્** પઢે અને ચોથી રકાતમાં **કુલ અઊઝુ બિ રબ્બિન્નાસ ૧૫** વાર પઢે. સલામ ફેરવ્યા બાદ થોડીક વાર **ઈય્યા કનઅ્બુદુ વ ઈય્યાક નસ્તઈન** પઢે. પછી ૭૦ વાર દુરૂદ શરીફ પઢે તો અલ્લાહ તઆલા તેને ઘણો સવાબ આપશે અને હર બલાથી મેહફૂઝ રાખશે. –*(રાહતુલ કુલૂબ)*

شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ઉર્દૂ અનુવાદક ★

મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

(વિભાગ : ૭)

## હુઝૂરની ઉત્તમ આદતો હદીષોના પ્રકાશમાં

જાણવું જોઈએ કે ઉત્તમ આદતોની દુનિયાવી જિંદગીમાં જરૂરિયાત છે જેની ચર્ચા અમે કરી ગયા છીએ તે કાર્ય ત્રણ પ્રકારનાં છે : (૧) જેની કમીને "ફઝીલત" ગણવામાં આવે છે. (૨) જેના વધારાને "ફઝાઈલ"માં ગણવામાં આવે છે. (૩) જેની વિવિધ સ્થિતિ હોય છે.

જે આદતોની કમી હોવી યોગાનુયોગ પ્રશંસા અને કમાલમાં ગણત્રી થાય છે અને જેની કમી પ્રકૃતિથી અને શરીઅતથી ઉત્તમમાં ઉત્તમ ગણવામાં આવે છે તે ઉંઘ અને ખોરાક છે. સમગ્ર અરબવાળા અને તમામ હકીમો તેની કમીને સારુ ગણતા આવ્યા છે અને બધાએ તેની અધિક્તા ખરાબ સમજી છે. કેમ કે વધારે ખાવું પીવું એ લાલચ અને અતિલોભની નિશાની છે. અને વધુ પડતું ખાવું કેટલાય દુનિયાવી અને આખિરતના નુકસાનોનો સબબ છે. અને તેનાથી શારીરિક, આધ્યાત્મિક અને માનસિક રોગો પૈદા થાય છે. અને તેની કમી આત્મસંતોષ અને નફ્સ પર પકડ માટે સમર્થ હોવાની દલીલ છે. અને ખોરાકની કમી (હકીમોની નજીક) શારીરિક તંદુરસ્તી, હૃદયની શુદ્ધિ અને યાદ શક્તિની તેજીનું કારણ બને છે.

વધારે સૂવું શરીરને સુસ્ત અને કમજોર કરી દે છે અને તેનાથી અકલમાં ઘટાડો અને સુસ્તી અને અશક્તિમાં વધારો થાય છે. માનવી પ્રિય જિંદગીને વેડફી નાખવા માટે ટેવાઈ જાય છે. વધારે પડતુ ઊંઘવાથી હૃદયની કઠોરતા, ગફલત અને દિલના મરણની ભેટ મળે છે. આ કૃત્યની દલીલો અસંખ્ય છે. જેની દરેકને જાણકારી છે અને રોજના અનુભવો તેના સાક્ષી છે. આ સિવાય પાછલી ઉમ્મતની તથા પૂર્વજોની વાતો તેમજ અરબના શેઅરો તથા ખબરો અને સહીહ હદીષો અને પૂર્વજ બુઝુર્ગો તથા પાછલા પાબંદ લોકોના કથનોથી તવાતૂર સાથે વર્ણન થયેલ તથા માન્ય કરેલ છે. અમે તેને દલીલ તરીકે અહીં રજૂ કરતા નથી. કારણ કે આ બાજુ ટૂંકુ રૂપ કબૂલ, તે તરફ તે દલીલો જે આમ અને ખાસમાં મશહૂર, જેથી બુદ્ધિશાળીને ઈશારો પૂરતો છે.

**ઉંઘ અને ખોરાકનું માપ** : નબી કરીમ ﷺએ આ બંને વસ્તુઓ (ઊંઘ અને ખોરાક)માં ખૂબ જ થોડા પ્રમાણમાં ભાગ લીધો છે અને તે પણ એટલો કે જેના વિના કોઈ ઉપાય ન હતો. જેથી એ જાણી લો કે આ કૃત્યો આપની સીરતે મુકદસાથી બહાર રહ્યાં નથી અને એ જ માર્ગ ઈખ્તિયાર કરવા બીજાઓને હુકમ આપ્યો અને પ્રોત્સાહિત કર્યા. કેમ કે વધારે ખોરાકને વધારે ઊંઘ સાથે ગાઢ સંબંધ છે. (એટલે એકનો વધારો બીજાના વધારાનું કારણ છે)

કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમારામાથી હાફિઝ અબૂ અલી સદ્ફી رحمۃ اللہ علیہ એ પોતાની સનદની સાથે હઝરત મકદામ બિન મઅદ યકરબ رضی اللہ عنہ થી હદીષ બયાન કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, માનવજાતે પોતાના પેટથી વધુ ખરાબ કોઈ વાણસ ભર્યું નથી. માનવીને માટે તે થોડા જ કોળીયા પૂરતા છે જે તેની કમરને

સીધી રાખે. જો જરૂર પડે તો એક તૃતિયાંશ ખોરાકના માટે, એક તૃતિયાંશ પાણીના માટે, અને તૃતિયાંશ □સના માટે ખાલી રાખે. આવું એટલા માટે ફર્માવ્યું કે વધારે ખાવા પીવાથી વધુ ઉંઘ આવે છે.

હઝરત સુફયૌન થૌરી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૬૧) ફર્માવે છે કે ઓછું ખાવાથી રાત્રી જાગરણ સરળ બની જાય છે. કેટલાક પૂર્વજ બુઝુર્ગો رضوان اللہ تعالیٰ علیھم اجمعین એ ફર્માવ્યું છે કે વધુ ખાવ નહીં, નહીં તો વધુ પાણી પીવું પડશે, વધુ સૂવું પડશે અને વધુ નુકસાન ઉઠાવવું પડશે. નબી કરીમ ﷺ થી રિવાયત છે કે, "સૌથી પસંદ ખોરાક તે છે જેના ખાવામાં ઘણા બધા હાથ સામેલ હોય."

હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે કે **રસૂલ ﷺ એ ક્યારેય પણ એટલું ખાધું નથી કે જેથી આપનું પેટ ભરાઈ જાય.** અને આપ મકાનમાં હોવા છતાં ઘરવાળાથી ક્યારેય પણ ખાવાનું માંગતા ન હતા અને ન તેની ઈચ્છા જાહેર કરતા હતા. જો ઘરવાળાઓએ ખવડાવી દીધું તો ખાઈ લીધું અને જે કાંઈ ખવડાવી દીધું તે ખાઈ પી લીધું. આ બયાન પર બુરૈરા رضی اللہ عنہ ની હદીષના કારણે કોઈ શંકા ઉપસ્થિત થતી નથી. જેમાં રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, શું હું હાંડીમાં જોતો નથી કે તેમાં ગોશ્ત છે ? વાસ્તવમાં આપના આ સવાલનો હેતુ તમારી શંકાને દૂર કરવાનો હતો. જ્યારે તેઓ એ યકીન રાખતા હતા કે સદકાનું ગોશ્ત ભેટ રૂપે પણ આપના માટે હલાલ નથી. આ સવાલ સુન્નતની તા'લીમ માટે હતો. જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ જોયું કે તે આપના સામે રજૂ નથી કરતા. જો કે એ પણ આપ જાણતા હતા કે, તેઓ આપના પર કોઈને પ્રધાનતા પણ આપતા નથી, ત્યારે તેમની શંકાને જાહેર કરીને મસ્અલાથી તેમને જાણકારી આપી અને ફર્માવ્યું કે, તેમના માટે આ સદકો અને આપણા ભેટ છે.

**ખાવાના આદાબ** : હિકમતે લુકમાનમાં છે કે, **અય પુત્ર ! જ્યારે હોજરી ભરાઈ જાય છે ત્યારે સમજણ સૂઈ જાય છે અને હિકમત ગુમ થઈ જાય છે.** હઝરત સહનૂન رحمۃ اللہ علیہ નું કથન છે કે, **ઈલ્મની દૌલત તે શખ્સ માટે લાયક નથી જે પેટ ભરીને ખાય છે.** સહીહ હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું;

હું ટેકો લગાડીને ખાતો નથી. આ હદીષમાં શબ્દ "ઈત્તિકા"થી મુરાદ ખાવા માટે આરામથી બેસવું છે. એટલે કાઈદા અથવા જલ્સાના પ્રકારમાં અથવા ચાર જાનુ (પલાઠીવાળીને બેસવું) થઈને બેસવું જેથી સહારો મળે અને આ રીતે બેસવાથી આદમી વધુ ખાય છે.

નબી કરીમ ﷺ જ્યારે ખોરાક ખાવા બેસતા ત્યારે ગુઠણ ઉપર કરીને પગ પર વજન આપી અક્કડ બેસતા, અને ફર્માવતા કે, હું એક બંદો છું અને બંદાની રીતે ખાઉં છું અને બંદાની રીતે બેસું છું. સંશોધકોના નજીક કોઈ એક તરફ ઝુકીને ખાવું પરહેઝગારીમાં દાખલ નથી.

**દિલ જાગૃત રહેતું અને આંખો સૂતેલી રહેતી** : સરવરે કોનો મકાં ﷺ નો આરામ ફક્ત નામનો જ હતો અને આ વિશે ઘણી સહીહ હદીષો આવેલી છે. આ સિવાય ફખ્રે દો આલમ ﷺ એ એ પણ ફર્માવ્યું કે, મારી આંખો સૂતેલી હોય છે દિલ સૂતેલું હોતું નથી, આ કારણે ઊંઘ ઓછી આવે. આપ જમણી બાજુ પાસુ ફેરવી સૂતા હતા કેમ કે ડાબી બાજુ પાસુ ફેરવી સૂવામાં ઘણી સગવડતા છે અને આ પાસામાં સૂવાથી દિલ અને તેના સંબંધિત ચીજોમાં શાંતિ પ્રાપ્ત થાય છે જે સુસ્તી અને લાંબી ઉંઘનું કારણ છે. જ્યારે કે જમણા પાસાથી સૂવાથી દિલ લટકેલું અને હરકતમાં છે જેના કારણે જલ્દી જાગી જવાની શકયતા રહે છે અને ગાઢ ઉંઘનો પ્રભાવ ઓછો થઈ જાય છે.




## ગાઈબાના નમાઝ પઢવી કેવી?

**સવાલ** : અમુક લોકોએ શાહ ફહદ (સઊદી અરબિયાનો ભૂતપૂર્વ રાજા)ની ગાઈબાના નમાઝે જનાઝા ભારતમાં પઢી અને દલીલરૂપે કહ્યું કે સરકારે દો આલમ ﷺએ નજ્જાશી (હબ્શાના) બાદશાહની ગાઈબાના નમાઝે જનાઝા પઢી હતી માટે આ શરીઅત મુજબ છે. સ્પષ્ટ જવાબ આપી મહેરબાની ફર્માવશો.

**જવાબ** : સૌ પ્રથમ એ વાત ધ્યાનમાં રહે કે જે લોકોએ શાહ ફહદની ગાઈબાના નમાઝે જનાઝા પઢી તેમની સાથે અમારો કોઈ જ વાસ્તો નથી કારણ કે **આવા નજ્દી (વહાબી) બાદશાહની ગાઈબાના અથવા હાજરની નમાઝથી આપણને કાંઈ જ લેવા દેવા નથી ! આપણે તેની જનાઝાની નમાઝના જ કાઈલ (માનનારા) નથી !**

હવે રહી વાત મસ્અલાની તો આમાં ફકીહોનો ઈખ્તેલાફ છે, જેવી રીતે શાફઈ તથા હંબલી ઈમામોએ એની રજા આપી છે, તેવી જ રીતે હનફી તથા માલિકી ફકીહો મના ફર્માવે છે. ફિક્હે હનફીની એક પ્રખ્યાત કિતાબ દુર્રે મુખ્તારમાં છે : **"નમાઝે જનાઝાની શરત જનાઝાનું હાજર રહેવું છે, માટે ગાયબ માટે નમાઝ દુરુસ્ત નહીં થાય."** હા ! એ વાત સાચી છે કે હુઝૂર ﷺએ નજ્જાશીની ગાઈબાના નમાઝે જનાઝા પઢાવી હતી, પણ હનફી તથા હંબલી ઈમામો અનુસાર આ માત્ર એક ખાસ બનાવ હતો અને તેઓના મુજબ જનાઝા તથા હુઝૂર ﷺના દરમ્યાનથી બધા જ પર્દા ઉઠાવી લેવામાં આવ્યા હતા, જાણે જનાઝો પ્યારા નબી ﷺ સમક્ષ હતો. એક રિવાયત મુજબ કે નજ્જાશીની નમાઝે જનાઝા પઢનાર તેના દેશ હબ્શામાં કોઈ જ ન હતું માટે તેના ખાતર પ્યારા નબી ﷺએ આ એહતેમામ તથા વ્યવસ્થા ફર્માવી. ટૂંકમાં એ કે જ્યાં નજ્જાશીની ગાઈબાના નમાઝ એક સત્ય હકીકત છે એ જ પ્રમાણે બીજા કોઈની ગાઈબાના નમાઝ નબી, સહાબા તથા ખિલાફતે રાશિદામાં ન પઢાવી એ પણ એક સત્ય હકીકત છે. પ્યારા નબી ﷺ દરેક સહાબીના જનાઝામાં જરૂર હાજરી આપતા અને જો કોઈ કારણસર ન પહોંચી શક્તા તો ઈર્શાદ ફર્માવતા, "તમે લોકો મને જનાઝા પર બોલાવી લીધા કરો."

એક વાર કેટલાયે આલિમ, હાફિઝ, સહાબાને કાફિરોએ ધોકો આપી શહીદ કરી દીધા તો પ્યારા નબી ﷺને સખત તકલીફ તથા રંજ થયો અને સતત એક મહીના સુધી નમાઝમાં તે કાફિરો માટે લા'નત ફર્માવતા રહ્યા, પરંતુ તે (શહીદો)માંથી કોઈની પણ ગાઈબાના નમાઝે જનાઝા અદા ન ફર્માવી. આ સિવાય ઘણાયે સહાબા તથા તાબઈન رحمہما اللہએ વિવિધ શહેરોમાં રહેઠાણ બનાવ્યું પરંતુ આવી કોઈ જ રિવાયત નથી મળતી કે મક્કા તથા મદીનામાં રહેવાસીઓએ કૂફા તથા બસરા અને બીજા શહેરોમાં મૃત્યુ પામનારાઓની ગાઈબાના નમાઝે જનાઝા પઢી હોય. ઈમામોની આ વિશે વિવિધ રાય છે પણ સામાન્ય રીતે હનફી મસ્લક મુજબ જ આજે લોકો અમલ કરી રહ્યા છે. અને જો કોઈ પોતાના મસ્લક મુજબ અમલ કરી રહ્યો છે તો એ તેનો અધિકાર છે, આપણને હંબલી તથા શાફઈ મસ્લકના મસ્અલાનો ઈન્કાર કરવાનો હક્ક નથી. પરંતુ કોઈ હનફી મસ્લકવાળો બીજો રસ્તો અપનાવે તો તે શરીઅતનું નહીં પણ પોતાની તબીઅતનું આજ્ઞાપાલન કરી રહ્યો છે.

**લખનાર** : સૈયદ સૈફુદ્દીન ચિશ્તી, રઝા જામેઅ મસ્જિદ–મુંબઈ

## સાયબર કેફે તથા ગેમ પાર્લરનો ધંધો કેવો ?

**સવાલ** : **સાયબર કેફે** (ઈન્ટરનેટ માટે કલબ) અને **ગેમ પાર્લર** ખોલવું શરીઅતની રૂએ કેવું છે ? અને તેની આવક હલાલ છે કે હરામ ? મહેરબાની કરી શરીઅતની રોશનીમાં સ્પષ્ટીકરણ કરશો.

**જવાબ** : મારી જાણકારી અનુસાર અમુક કોમ્પ્યુટર રાખી તેને ઈન્ટરનેટ સાથે સાંકળી દેવામાં આવે છે પછી આવનાર માણસો અમુક નિશ્ચિત સમય માટેનું ભાડુ આપી કેબિનમાં મરજી મુજબની વસ્તુઓ જુએ છે. આ દુકાનને **સાયબર કેફે** કહેવામાં આવે છે. હવે આ કેફેમાં વિવિધ કામો થાય છે :–

**(૧)** ઈન્ટરનેટથી ફોન જોડી દુનિયાના વિવિધ દેશોમાં વાત થાય છે. **(૨)** છોકરા છોકરીઓ બેસી એના વડે દોસ્તી (**Friendship**) જોડે છે. **(૩)** સારી તથા બુરી દરેક પ્રકારની વેબ સાઈટ હોય છે કે ઈચ્છા અનુસાર જોઈ શકાય. **(૪)** ફિલ્મ તથા ગીતો સાંભળી તથા જોઈ શકાય છે. તે સાયબર કેફેમાં જે લોકો ઉપયોગ માટે આવે છે તેમના વિશે ચોક્કસ ખબર હોઈ કે તેઓ દુરુપયોગ કરશે તથા નાજાઈઝ ફાયદો ઉઠાવશે દા.ત. બિભત્સ વેબસાઈટસ જોશે અથવા છોકરા છોકરીઓ મિત્રતા જોડશે અથવા ફિલ્મો અને ગીતો જોશે તથા સાંભળશે તો આ કામ "ગુનાહ પર મદદ" હોવાના કારણે **નાજાઈઝ** છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَلَا تَعَاوَنُوا عَلَى الْاِثْمِ وَالْعُدْوَان ط "ગુનાહ તથા જુલ્મ માટે લોકોની મદદ ન કરો." (પારા–૬, રુકૂઅ–૫)

અને જો યકીન હોય કે એનો જાઈઝ કામમાં ઉપયોગ કરશો દા.ત. ફોનથી વાત કરશો અથવા જાણકારી મેળવવા વેબસાઈટનો ઉપયોગ કરશો તો આ દુરુસ્ત છે અને આથી થયેલ આવક જાઈઝ, હલાલ અને પાક છે. અને જ્યાં સ્પષ્ટ યકીન ન હોય ત્યાં જે વસ્તુ વિશે વધારે ધારણા હોય તે મુજબ અમલ કરવો, કારણ કે વધારે પડતી ધારણાને (ગાલિબ ગુમાનને) પણ યકીનનો દરજ્જો આપવામાં આવે છે.

**(૨)** કોમ્પ્યુટર અથવા બીજા મશીન વડે બાળકોના ખેલની દુકાનને **ગેમ પાર્લર** કહેવામાં આવે છે. આ વિડીયો ગેમ રમનાર તથા જોનાર લોકો પરથી આ હકીકત સામે આવે છે કે આ ખેલ અમુક કારણોસર દુરુસ્ત નથી :–

**૧.** આમાં સમય તથા રૂપિયો બરબાદ થાય છે અને એ અલ્લાહની યાદથી ગાફિલ કરનાર છે.

**૨.** આ ખેલમાં ધાર્મિક અથવા શારીરિક રીતે કોઈ જ ફાયદો નથી. અને ઉલમાના કથનાનુસાર જે ખેલ આ બે વસ્તુથી ખાલી હોય તે જાઈઝ નથી.

**૩.** ખતરનાક નુકસાન તો એ કે એની આદત પડી જાય તો છૂટવું ઘણુ જ મુશ્કેલ છે.

**૪.** લગભગ ગેમો તસ્વીરોવાળી હોય છે જે જાઈઝ નથી.

**૫.** આ પ્રકારના ખેલોથી બાળકોને ભલે રાહત તથા ખુશી મળે છે પણ હરામ કામથી રાહત તથા ખુશી મેળવવી પણ જાઈઝ નથી.

આ સિવાય ગેમોથી બાળકોનું દિમાગ ખરાબ થાય છે અને અસલ તા'લીમ પર સખત અસર પડે છે, બાળકો પઢાઈ તથા બીજા જરૂરી કામોમાં મન નથી લગાડતાં વગેરે. આ કારણો અનુસાર આ ખેલ કુર્આને પાકની આ આયત હેઠળ આવે છે :–

وَمِنَ النَّاسِ مَنْ يَّشْتَرِى لَهْوَ الْحَدِيْثِ لِيُضِلَّ عَنْ سَبِيْلِ اللّٰهِ بِغَيْرِ عَلْمٍ ق وَّ يَتَّخِذَهَا هُزُواً ط اُولٰئِكَ لَهُمْ عَذَابٌ مُّهِيْنٌ ط

"અમુક લોકો ખેલ તમાશો અપનાવે છે જેથી લોકોને અલ્લાહની યાદથી ગાફિલ કરી દે અને દીનની વાતોનો મઝાક ઉડાડે છે. આ જ લોકો માટે બેઈજ્જતીભર્યો અઝાબ છે." *(સૂ. લુકમાન)*

યાદ રહે કે ઉપરોક્ત આયતનું શાને નુઝૂલ ખાસ છે પણ શબ્દો કોમન (આમ) હોવાના કારણે હુકમ પણ આમ રહેશે. એટલે કે **જે ખેલ ફુઝૂલ સમય તથા રૂપિયા બરબાદ કરનાર છે તે ઉપરોક્ત આયતની ચેતવણી હેઠળ દાખલ થશે.** અને

**વિડીયો ગેમ**માં આ બધી ખરાબીઓ હોવાના કારણે તે પણ **નાજાઈઝ** છે, એમાં સમય તથા પૈસા લગાડવા જાઈઝ નથી અને છોડવું, દૂર રહેવું લાઝિમ છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : સૈયદ સૈફુદ્દીન અસ્દક ચિશ્તી, રઝા જામેઅ મસ્જિદ, મુંબઈ

*(હવાલો : જામે શહૂદ ત્રિ માસિક ઉર્દૂ, ઓક્ટો.–૦૫ થી ડિસે.–૦૫, બિહાર શરીફ)*

## વહાબીના નિકાહ પઢાવનાર પાછળ નમાઝ થતી નથી !

શું ફર્માવે છે ઉલ્માએ કિરામ તથા શરીઅતના મુફતીઓ નીચેના મસ્અલામાં કે એક પોતાને સુન્ની કહેતા હાફેઝ સાહબે એક સુન્ની કહેવાતા છોકરાની એક એવી વહાબી છોકરી જેનો બાપ વહાબી હોવા ઉપરાંત વહાબી ઈદારામાં નોકરી કરી રહ્યો છે, તેમના નિકાહ સુન્ની દારુલ ઈફતાવાળા ગામમાં જઈને પઢાવ્યા, જ્યારે કે તે ગામના સુન્ની ઈદારાના મુફતીએ નિકાહ પઢાવવાથી મના કર્યું હતું છતાં એ હાફેઝજીએ ભાળ કાઢયા વિના નિકાહ પઢાવી આપ્યા. આઠ દસ દિવસો પછી ખબર પડતાં તેમને જણાવવામાં આવ્યું કે છોકરી વહાબી છે. આ હાફેઝજી હજી ઈમામત કરે છે તો શું એની ઈમામત શરીઅતમાં જાઈઝ છે ? જો જાઈઝ નથી તો એની પાછળ અત્યાર સુધી જે નમાઝો પઢવામાં આવી તેનું શું ?

[**પ્રશ્નકર્તા** : અલ્હાજ ગુલામ મુહમ્મદ ઈબ્રાહીમ કાપડીયા–ભરૂચ તથા અમજદઅલી ખતીબો ઈમામ ખીમલીવાડ મસ્જિદ, ફુરજા રોડ–ભરૂચ]

**જવાબ ૧** : જો ખરેખર તેણે આવા નિકાહ પઢાવી આપ્યા તો તે સખત ગુનેહગાર, હરામકાર થયો. એ નિકાહ નિકાહ નથી. એના માટે એનાથી તૌબા લાઝિમ છે, એ તૌબા કરે, નહીં તો એને ઈમામ હરગિઝ ન બનાવો :–

لان فی تقد یمه تعظیمه وقد وجب علیهم اهانته شرعًا

આ હાલતમાં જાણીબુઝીને જેમણે જેટલી નમાઝો તેની ઈકતેદામાં પઢી તેને દોહરાવવું અનિવાર્ય છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અબ્દુર્રહમાન રઝવી ગુફિરલહૂ (દારુલ ઈફતા મન્ઝરે ઈસ્લામ, સૌદાગ્રાન–બરૈલી, તા. ૧૯ ઝીલ કઅદ હિ. ૧૪૨૬)

بسم الله الرحمن الرحيم

**જવાબ ૨** : આ ફિત્નાથી ભરપુર દૌરમાં તેહકીક વિના નિકાહ પઢાવાથી બચવું જોઈએ. જો ખરેખર **છોકરી અકીદાની વહાબીઓમાંથી છે તો તે મુર્તદ છે. દુનિયામાં કોઈનાથી તેના નિકાહ નથી થઈ શક્તા.** હાફેઝ પર લાઝિમ છે કે જાણ થયા બાદ એ નિકાહ બાતિલ હોવાનું એલાન કરી આપે અને નિકાહ પેટે જે રકમ વગેરે તેને મળ્યું છે તેને પરત કરી આપે. જાણ થયા પછી પણ જો હાફેઝજી એવું ન કરે, જેમ કે આ જ સવાલ પરથી જાહેર છે તો તેને ઈમામતથી ઉતારી પાડો અને ત્યાં સુધી તેનો બોયકોટ કરો જ્યાં સુધી તૌબા, તજદીદે ઈમાન તથા તજદીદ નિકાહ ન કરે (તૌબા કરે, કલ્મો પઢે નિકાહ દોહરાવે) અને તે નિકાહ બાતિલ હોવાની જાહેરાત ન કરી આપે. જાણ થયા બાદ પણ તેને આવું ન કર્યું તો તેના પાછળ નમાઝ પઢવી દુરુસ્ત નથી. જેથી જે લોકોએ આ બનાવ પછી તે હાફેઝજી પાછળ નમાઝો પઢી છે તેઓ પોત પોતાની નમાઝો દોહરાવે. હવાલો : દુર્રે મુખ્તાર મઅ રદુલ મુહતાર, ભાગ–૪, પેજ–૩૭૬ તથા ગુન્યહ, પેજ–૫૧૩, ફસ્લ ઈમામત તથા રદુલ મુહતાર અલ દુર્રુલ મુખ્તાર, ભાગ–૨, પેજ–૨૯૯ અને દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૧૪૭, ૧૪૮. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મહમૂદ અલી મુશાહિદી મિસ્બાહી (૪–૧૧–૧૪૨૬ હિજરી)

**અલ્જવાબ સહીહ** : (મુફતી) આલે મુસ્તફા કાદરી (૧૦–૧૧–૧૪૨૬ હિજરી)

# દરેક મુસ્લિમે જાણવી જરૂરી ઈલ્મ

**એટલે**

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## જન્નતનું વર્ણન

જન્નત ઘણી જ મોટી અને ઘણી જ સુંદર રહેવાની જગ્યા છે જેને અલ્લાહ તઆલાએ મુસલમાનો માટે બનાવેલ છે. એની દિવાલો સોના ચાંદીની ઈંટો અને મુશ્કના ગારાથી બનેલી છે. જમીન કેસર અને અંબરની છે. કાંકરીયોની જગ્યાએ મોતી અને ઝવેરાત છે. એમાં જન્નતીઓને રહેવા માટે હીરા, ઝવેરાત, મોતીના બનેલા સુંદર વિશાળ મહેલો છે. જન્નતના ૧૦૦ વિભાગ છે. દરેક ભાગનો વિસ્તાર એટલો છે જેટલુ જમીનથી આસ્માન સુધીનું અંતર છે. એના દરવાજા એટલા પહોળા છે કે એની એક બાજુ (બારસાખ)થી બીજી બાજુ સુધી ઝડપી ઘોડાને પહોંચતાં ૭૦ વર્ષ લાગે. જન્નતમાં એવી એવી નેઅમતો હશે કે કોઈના ખ્વાબ કે ખ્યાલમાં પણ નથી આવી શક્તી. જાત જાતનાં ફળો, મેવા, મધ, દૂધ, શરાબ (કે જેમાં દુનિયાના શરાબ જેવી ગંધ કે નશો નહીં હોય બલ્કે ગંધ અને નશા વિનાનું પાક) પીણું હશે. અનેક પ્રકારની સારામાં સારી ખાવાની વાનગીઓ, ઊંચામાં ઊંચા પ્રકારનાં પહેરવાનાં કપડાં કે દુનિયામાં કદી પણ કોઈને પહેરવા કે જોવામાં પણ નહીં મળ્યાં હોય, તેવી નેઅમતો જન્નતીઓને આપવામાં આવશે.

સેવા–ચાકરી માટે હજારો પાક (સાફ) ગિલમાન અને સોહબત સહવાસ માટે સેંકડો હૂરો મળશે. જે એટલી બધી સ્વરૂપવાન છે કે, જો તેમાંની કોઈ દુનિયાના તરફ ડોકીયું કરે તો તેની ચમક અને સુંદરતાથી આખી દુનિયાના લોકો બેભાન થઈ જાય, જન્નતમાં ન ઊંઘ આવશે, કે ન બીમારી આવશે. કોઈ પણ પ્રકારની બીક (ભય) પણ નહીં હોય કે ન તો કદી મૌત આવશે, કોઈ જાતની તકલીફ કે દુઃખ પણ નહીં હોય, બલ્કે દરેક જાતનો આરામ સુખ જ હશે. દરેક ખ્વાહિશ (મનની) લાલસા પૂરી થશે અને સૌથી મોટી નેઅમત તો એ છે કે જન્નતમાં જન્નતીઓને અલ્લાહ તઆલાનો દીદાર (દર્શન) થશે*.

## દોઝખ વિશે બયાન

આ પણ એક રહેઠાણની જગ્યા છે. એમાં ઘોર અંધકારમયી અને ખૂબ જ ગરમી ધરાવતી કાળી આગ છે. એમાં અજવાળાનું નામ નિશાન પણ નથી, આ ગુનેહગારો અને કાફિરોને રહેવા માટે બનાવવામાં આવેલ છે. કાફિરોને એમાં હમેશાં કેદી બનાવી રાખવામાં આવશે. દોઝખની આગ જેમ જેમ સમય વીતશે તેમ તેમ વધતી જશે. એ આગ એટલી ગરમી ધરાવે છે કે એમાંથી સોયના નાકાની જેટલી આ દુનિયા તરફ ખોલી દેવામાં આવે તો દુનિયાવાળા બધાય એની ગરમીથી બળી ખાક થઈ જાય. અગર જહન્નમ (દોઝખ)નો કોઈ ચોકીદાર (ગેટકીપર) દુનિયામાં આવી જાય તો તેની બિહામણી શક્કલ જોઈને બધાય લોકો મૃત્યુ પામે, કોઈ બચી ન શકે. દોઝખીઓને જુદા જુદા અનેક અઝાબ આપવામાં

*આ દુનિયવી જિંદગીમાં અલ્લાહ તઆલાને આંખ વડે જોવું ફક્ત રસૂલુલ્લાહ ﷺ માટે જ ખાસ છે. હા, આખેરતમાં દરેક સુન્ની મુસલમાનને અલ્લાહ તઆલાનો દીદાર થશે. હવે રહી સ્વપ્નમાં જોવાની વાત કે દિલની આંખથી જોવાની વાત તો તે બીજા અંબિયાએ કિરામ બલ્કે ઔલિયાએ કિરામને પણ એ મહાન દૌલત નસીબ થઈ છે. શરહે અકાઈદ વગેરે અકાઈદની કિતાબોમાં છે કે આયતો, હદીષો અને ઈજમાએ ઉમ્મતથી દીદારે ઈલાહી સાબિત છે. જન્નતમાં પણ આંખોથી દેખવાનો મોઅતઝલા ફિર્કાવાળાઓ ઈન્કાર કરે છે. પરંતુ અહલે સુન્નત વ જમાઅતના નઝદીક આંખોથી દેખવાનો મસ્અલો ઈત્તેફાકી (સર્વાનુમતે) છે.*

આવશે, મોટા મોટા સાપ, વીંછી કરડશે, ભારે ભારે હથોડાઓથી તેમનાં માથાં છુંદવામાં આવશે, ભૂખ, તરસ ખૂબ જ લાગશે, ઉકળતા તેલની જેમ ગરમ પાણી, પરૂ, પીવા માટે આપશે. ઝેરી–કાંટાળા થોર અને એવા ઝેરી કાંટાળા ફળો ખાવા આપવામાં આવશે. જ્યારે એ ફળોને ખાશે ત્યારે એ ગળામાં અટકી જશે. એને ઉતારવા માટે પાણી માગવામાં આવશે તો તે જ ઉકળતું ગરમ પાણી આપવામાં આવશે એને પીતાં જ આંતરડાઓના ટુકડે ટુકડા થઈને વહી જશે. તરસ એટલી બધી લાગી હશે કે જ્યારે એમને એ પાણી આપવામાં આવશે ત્યારે તરસના માર્યા તરસ્યા ઊંટની જેમ તેના ઉપર તૂટી પડશે. કાફિરો અઝાબથી કંટાળીને મૌતની ઉમ્મીદ (આશા) ધરાવશે, પરંતુ ત્યાં મૌત નહીં આવે. ત્યારે પરસ્પર સલાહ મશ્વેરો કરીને દોઝખના દારોગા (ગેટકીપર) હઝરત માલિક علیہ السلامને બૂમો પાડી કહેશે, હવે તમે તમારા પરવરદિગારથી અમારો કિસ્સો પૂર્ણ કરાવી દો. (એટલે કે મૌત અપાવો કે જેથી અઝાબથી છૂટીએ.)

હઝરત માલિક એક હજાર વર્ષ સુધી બિલકુલ જવાબ નહીં આપે, હજાર વર્ષ પછી કહેશે, મને શું કહો છો ? જેના હુકમોનો અનાદર કર્યો છે તેને કહો ! ત્યારે પાછા અલ્લાહ તઆલાને એના રહમતી, દયામય, કૃપાવંત નામોથી અરજો (ફરિયાદ) કરશે. પરંતુ અલ્લાહ તઆલા હજાર વર્ષ સુધી કોઈ જ જવાબ નહીં આપે. એક હજાર વર્ષ પછી ફર્માવશે કે, '' દૂર રહો ! જહન્નમમાં પડયા રહો ! મારાથી વાત ન કરો !'' ત્યારે કાફિરો દરેક જાતની ભલાઈથી નિરાશ થઈ જશે અને ગધેડાઓની જેમ અવાજ કાઢી જોર જોરથી રડશે.

પ્રથમ આંસૂંઓ નીકળશે, જ્યારે આંખોમાં આંસૂંઓ પણ સુકાઈ જશે તો લોહી રડશે, રડતાં રડતાં ગાલોમાં ખાઈઓની જેમ ખાડા પડી જશે. રડવાથી લોહી અને પરૂ એટલું બધું ભેગું થઈ જશે કે તેમાં નાવડીઓ ચાલી શકે. દોઝખીઓની શક્કલ (સૂરત) એટલી ખરાબ હશે કે જો કોઈ દોઝખીને દુનિયામાં લાવવામાં આવે તો તેની બદ્સૂરતી (ખરાબ શક્કલ) અને દુર્ગંધને કારણે બધાય લોકો મૃત્યુ પામે.

છેવટે કાફિરો માટે એ હશે કે દરેક કાફિરને તેની ઊંચાઈ બરાબરની પેટીમાં બંધ કરવામાં આવશે. પછી અગ્નિ ભડકાવવામાં આવશે, અને આગનુ તાળુ મારવામાં આવશે. પછી એ પેટીને આગની બીજી પેટીમાં મૂકવામાં આવશે. તે બંનેવની વચમાં પણ અગ્નિ સળગાવવામાં આવશે. અને એને પણ આગનું તાળુ મારવામાં આવશે. પછી એવી જ રીતે બીજી આગની પેટીમાં મૂકીને આગનું તાળું મારી દઈ આગમાં નાખી દેવામાં આવશે. ત્યારે દરેક કાફિર એવું સમજશે કે હવે એના પોતાના સિવાય કોઈ જ આગમાં નથી અને એ એને માટે અઝાબ ઉપર અઝાબ છે અને હવે એને માટે હમેશાં અઝાબ જ રહેશે. જે કદી પણ પૂર્ણ થાય નહીં.

જ્યારે બધા જન્નતીઓ જન્નતમાં પહોંચી જશે અને દોઝખમાં ફક્ત તે જ માણસો રહેશે જેમને હમેશાં દોઝખમાં રહેવાનું છે. તે વખતે જન્નત અને દોઝખની વચ્ચે મૌતને ઘેટાની શક્કલમાં લાવી ઉભુ કરવામાં આવશે. પછી એક અવાજ આપનાર જન્નતવાળાઓને અવાજ આપશે. તેઓ બ્હીતા બ્હીતા ડોકિયાં કરશે કે કદાચ એવું ન થાય કે અહીંથી નીકળવાનો હુકમ મળે. પછી અવાજ આપનાર દોઝખીઓને અવાજ આપશે તો તેઓ ખુશ થઈને ડોકિયું કરશે કે કદાચ આ મુસીબતમાંથી છૂટકારાનો ઓર્ડર મળે. પછી તે તેમને પૂછશે ''આને ઓળખો છો ?'' બધાય કહેશે, ''હા ! એ મૌત છે ! પછી તેને કાપી નાખવામાં આવશે અને તે મુનાદી (અવાજ દેનાર) કહેશે, ''અય જન્નતવાળાઓ ! હવે હમેશાંની જિંદગી છે મરવાનું નથી ! તે વખતે જન્નતીઓની ખુશીનો પાર નહીં હોય. તેમને ખુશી ઉપર ખુશી (આનંદ ઉપર આનંદ) હશે અને દોઝખીઓને દુઃખ ઉપર દુઃખ મુસીબત ઉપર મુસીબત !

# આબે ઝમઝમ શરીફ એક જીવંત મો'જિઝો

-કાર્યાલય

## આબે ઝમઝમ ફઝલ તથા કમાલના આઈનામાં

આબે ઝમઝમ અલ્લાહ તબારક વ તઆલાની પોતાના બંદાઓના માટે મહાન ભેટ છે. તે હાજીઓ મહાન ખુશનસીબ છે જેઓ મક્કા મુકર્રમા જઈને અન્ય ફયૂઝો તથા બરકતો ઉપરાંત આબે ઝમઝમથી ખૂબ ખૂબ તૃપ્ત થાય છે. આબે ઝમઝમ મુસલમાનોના નજીક સૌથી ઉમદા, સૌથી બેહતર સૌથી આ'લા અને ઘણુ જ સન્માનને પાત્ર પાણી છે. આબે ઝમઝમની ફઝીલત તથા મહાનતાથી કોઈપણ ઈમાનવાળાને ઈન્કાર નથી હોઈ શક્તો. વિવિધ હદીષોમાં એની જરૂરિયાત તથા ફાયદાઓને જાહેર કરવામાં આવેલ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે. અલ્લાહના રસૂલ મકબૂલ ﷺએ ફર્માવ્યું, **"જમીનના પટનાં તમામ પાણીઓથી બેહતર આબે ઝમઝમ છે."**

જામેઅ સગીરમાં છે, **"ઝમઝમનું પાણી અને જહન્નમની આગ બંને ઈન્સાનના પેટમાં જમા નથી થઈ શક્તાં."**

દારકુતનીમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "ઝમઝમનું પાણી જે નિયતથી પીવામાં આવે એ નિયત પૂરી કરે છે, જો તમે શિફાની નિય્યતથી પીશો તો અલ્લાહ તઆલા શિફા બખ્શે, જો તૃપ્ત થવાના હેતુથી પીશો તો અલ્લાહ તઆલા તમને તૃપ્ત કરી દેશે અને જો તરસ બુઝાવવાના માટે પીશો તો અલ્લાહ તમારી તરસ છીપાવી દેશે."

હુઝૂર અકરમ સૈયદે આલમ ﷺને આબે ઝમઝમ ઘણુ જ પસંદ હતું. એ જ કારણે આપ ક્યાંક જતા તો આ પાણીને સાથે લઈ જતા. જેમ કે હઝરત આઈશાના વિશે નકલ થયેલ છે, "હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہا ખૂદ પણ ઝમઝમ શરીફ લઈ જતાં હતાં અને બયાન કરતાં હતાં કે રસૂલુલ્લાહ ﷺ પણ પોતાની સાથે ઝમઝમ લઈ જતા હતા." *(બહવાલા તિર્મિઝી શરીફ)*

ફતહે મક્કાના પછી હુઝૂરે અકરમ ﷺએ નામવર ખતીબ સુહૈલ બિન અમ્રને પત્ર લખીને આબે ઝમઝમ માંગ્યુ હતું. મક્તૂબે ગિરામીમાં આ પ્રમાણે લખેલ હતું કે, "જો મારું આ ફર્માન રાતના સમયે તમારી પાસે પહોંચે તો સવારથી પહેલાં જ આબે ઝમઝમ રવાના કરવાની કોશિશ કરજો અને જો દિવસમાં પહોંચે તો રાતથી પહેલાં જ પાણી રવાના કરી દેશો." જનાબ સુહેલે હુકમ પાલનમાં આબે ઝમઝમની બે મશકો ઊંટ પર લાદીને ખિદમતે અકદસમાં મદીના મુનવ્વરા મોકલી આપી.

## આબે ઝમઝમ ખોરાકનો ખોરાક અને દવાની દવા !

ઝમઝમનું પાણી માત્ર તરસ જ નથી બુઝાવતું પરંતુ એમાં ભરપુર ખોરાકી પણ છે. તે શરીરને વધારે છે, હજમ કરવામાં મદદ કરે છે જેથી એણે હઝરત હાજરાને રોજીની ફિક્રથી બેપરવા કરી દીધા હતા. ઝમઝમ શરીફ જેની પાસે વધારે પ્રમાણમાં હોય એને ન કોઈ ખોરાકની જરૂરત છે ન દવાની. હદીષે પાકમાં છે : "ઝમઝમ ખાવાની જગાએ ખાવા અને દવાની જગાએ દવા છે." *(અલ્ મલ્ફૂઝ, ૩૨૩)*

એના વિશે થોડાક બનાવો ખિદમતમાં રજૂ છે :–

"જલીલુલ કદર સહાબીએ રસૂલ હઝરત

અબૂઝર ગિફારી رضی اللہ عنہ થી રિવાયત છે કે, તેઓ જયારે ઈસ્લામની શરૂઆતમાં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની નબુવ્વતની ખબર સાંભળીને મક્કા મુકર્રમા આવ્યા તો એમને પૂરો એક મહીનો બારગાહે રિસાલતમાં હાજરીનો મોકો ન મળી શક્યો. રસ્તાનું ભાથુ હાજર ન હતુ, માત્ર ઝમઝમનુ પાણી પીને એ મુદ્દત પસાર કરી. તેઓ બયાન કરે છે, "હું જાડો થઈ ગયો ત્યાં સુધી કે મારું પેટ વધી ગયું, હું મારા જિગરમાં ભૂખની કમજોરીની કોઈ અસર ન અનુભવતો હતો."

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનુ બયાન છે કે, "પહેલીવારની (હરમૈનની) હાજરીમાં મારી બાવીસ વર્ષની ઉંમર હતી, મેં બંને સમયની રોટી છોડી દીધી હતી. માત્ર ગોશ્ત પર સંતોષ કરતો, ગોશ્ત પણ ઘેટાનો જે સના (એક છોડ) ચરેલાં હોતાં. થોડાક દિવસ પછી પેટમાં ગરબડ જણાયી તો હરમ શરીફમાં જઈને મોટો પ્યાલો ભરીને ઝમઝમ શરીફ પીધું તો તરત ગરબડ દૂર થઈ ગઈ." *(અલ્ મલ્ફૂઝ)*

ડોકટર મિર્ઝા અનવર બેગ પોતાના એક લખાણમાં લખે છે :–

"એક સાંધાના દર્દની બીમારીનો દર્દી હતો જેનાથી અમે ખૂદ જાણકાર છીએ તે દવા વગર એક પલ પણ રહી શક્તો ન હતો, એનો એક પગ લગભગ બેકાર થઈ ચૂક્યો હતો. જેમાં ઘણુ જ દર્દ થયા કરતુ હતું, ચાર કદમ ચાલવું પણ મુશ્કેલ હતું. પરંતુ જયારે તે ભાઈ હજજના માટે રવાના થયા તો સફર દરમ્યાન પોતાની તમામ દવાઓ દરિયામાં ફેંકી દીધી. એને એ ભરોસો હતો કે અલ્લાહ તઆલા એને સારું કરી દેશે. મક્કા પહોંચીને દવાની જગાએ ઝમઝમનો ઉપયોગ કરતો રહ્યો. જેટલા પ્રમાણમાં પી શક્તો હતો એટલું પીતો રહ્યો અને એ પાણીથી નહાતો હતો. નાહી લીધા પછી બદન પર કપડાંને સૂકાઈ જવા દેતો હતો જેથી એ પાણી વધારેમાં વધારે સમય એના શરીરથી લાગેલ રહે. છેવટે તે પોતાના યકીન તથા ઈમાનના સહારે બિલકુલ સારો થઈ ગયો. *(અશ્રફિયા, જૂલાઈ, સ.હિ. ૧૯૧૯)*

## આબે ઝમઝમના ઔષધિયુક્ત ફાયદા

હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمના મહાન શાનવાળાનું ફર્માન, ماء زمزم لما شرب له ના પ્રમાણે આબે ઝમઝમ જે ફાયદાની પ્રાપ્તિ માટે પીવામાં આવે (જો નિયતમાં ખુલૂસ તથા અકીદત છે) એ ફાયદો જરૂર પ્રાપ્ત થશે. આબે ઝમઝમની નફા પ્રાપ્તિથી કોઈપણ મો'મિન બંદાને ઈન્કાર નથી થઈ શક્તો અને મુસલમાનોની અકીદતમંદી કોઈ સમયે પણ એ પાણીના ઔષધિયુક્ત ફાયદાઓને ભૂલી નથી શક્તો.

સરવરે કાઈનાત ફખ્રે મૌજૂદાત صلی اللہ علیہ وسلم એ ઝમઝમ શરીફના ફાયદાઓ આજથી લગભગ પંદરસો વર્ષ પહેલાં બયાન ફર્માવ્યા અને આજે સાયન્સી દુનિયા વિ□લેષણ કરવાના સાધનો દ્વારા એને સ્વીકારી રહી છે, અને રસૂલે આ'ઝમ વ અકરમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં માથુ ઝુકાવવા અને સ્વીકારવા માટે મજબૂર છે. જેમ કે એક ઘણા મોટા મિસ્રી ડોકટરે સાયન્સી સંશોધનના પ્રકાશમાં ઝમઝમ શરીફના વૈજ્ઞાનિક સંશોધનથી એની અંદર આ તત્વોને જાહેર કર્યા છે :–

(૧) મેગ્નેશ્યમ (૨) સોડિયમ સલ્ફેટ (૩) સોડિયમ ક્લોરાઈડ (૪) કેલ્શિયમ કાર્બોનેટ (૫) પોટેશિયમ નાઈટ્રેટ (૬) હાઈડ્રોજન સલ્ફાઈડ.

ઉપર જણાવેલ તત્વોના ફાયદાઓ વિસ્તારની સાથે જાણો :–

**મેગ્નેશ્યમ સલ્ફેટ** : એનો ઉપયોગ ગરમીને દૂર કરે છે. ઊલ્ટી અને માથાના દુઃખાવા માટે ઘણુ જ ફાયદાકારક છે. જલંદરના રોગ માટે અકસીર છે, શરીરના માંસયુક્ત તત્વોને ખત્મ કરીને નુકસાનકારક અંશોને દૂર કરે છે.

**સોડિયમ સલ્ફેટ** : આ એક પ્રકારનું મીઠુ છે જે કબ્જીયાતને દૂર કરે છે, સાંધાના દુઃખાવામાં ઘણુ જ ફયદાકારક ગણવામાં આવે છે. ડાયાબીટીશ, પથરી, હજમ શક્તિ, મરડો અને જલંધરના માટે અકસીર ઈલાજ છે.

**સોડિયમ ક્લોરાઈડ** : આ પણ એક પ્રકારનું મીઠુ જ છે જે ઈન્સાનના લોહીના માટે ઘણા ફાયદાઓ ધરાવે છે. લોહીમાં ગરમી પેદા કરે છે, □સની સફાઈ કરે છે, શારીરિક વ્યવસ્થાને બરાબર રાખે છે, જુદા જુદા ઝહેરોના માટે અકસીર સમજવામાં આવે છે, જેમ કે કોલસાના ધૂમાડાનો ઝહેરીલા ગેસ એના ઉપયોગથી તરત દૂર થઈ જાય છે, અંગોની કમજોરી પણ દૂર કરે છે.

**કેલ્શિયમ કાર્બોનેટ** : ખોરાકને હજમ કરવા, પથરીને તોડવા અને સાંધાઓના દર્દના માટે ઘણુ જ ફાયદાકારક છે. અંગોની ગરમી અને લૂની અસર દૂર કરવામાં પણ ઉપયોગ કરવામાં આવે છે.

**પોટેશિયમ નાઈટ્રેટ** : થાક અને લૂની અસરને દૂર કરે છે, પેશાબ લાવનાર છે, દમના માટે પણ ફાયદાકારક છે, પસીનો વધારે પ્રમાણમાં લાવે છે, ઝમઝમને ઠંડુ રાખવામાં એનો ઘણો મોટો ભાગ છે.

**હાઈડ્રોજન સલ્ફાઈડ** : સર્વ ચામડીની બીમારીઓના માટે ફાયદાકારક સમજવામાં આવે છે. સખત શરદીમાં એના ઉપયોગથી રાહત થાય છે. જંતુનાશક છે એના ઉપયોગથી કોલેરાના જંતુઓ નાશ પામે છે, હજમશક્તિ અને બીજી મગજની શક્તિઓને તાકાત આપે છે, ખોરાકને હજમ કરીને ભૂખ વધારે છે. મસાની બીમારીના માટે એમાં ઘણો જ ફાયદો છે મતલબ કે આબે ઝમઝમ ન માત્ર દરેક પ્રકારના જંતુઓથી પાક છે પરંતુ ઘણી જ ખાસિયતોના લેહાઝથી ખાસ અસર ધરાવે છે.વિચારવાની વાત છે કે આજથી પંદરસો વર્ષ પહેલાં જયારે કે વિ□લેષણના સાધનો હાજર ન હતાં અને એ પાણીના અંદર ધાતુના પ્રમાણથી લોકો જાણકાર ન હતા એવા સમયમાં નબીએ ઉમ્મત, મુખબિરે સાદિક ﷺનું પોતાની ફૈઝવાળી ઝબાનથી ઝમઝમ શરીફના ઔષધિયુક્ત તથા કીમીયાઈ ફાયદાઓનું આ શબ્દોમાં વર્ણન કરવું કે ઝમઝમ ભૂખ, તરસ અને બીમારીનો ઈલાજ છે, શું આ ઈલ્મે ગૈબ નથી ? અહીંયાથી એ વાત પણ ચોક્કસપણે સાબિત થાય છે કે મારા આકા ﷺને એ તમામ ચીજોની માહિતી છે જેમાં મોટા મોટા બુદ્ધિજીવીઓ તથા વૈજ્ઞાનિકોને બુદ્ધિ અને વિચારણા તથા ચિંતનના ક્ષેત્રે ચાંચ ડૂબાડવાનોય અવકાશ નથી. *–(કન્ઝુલ ઈમાન ઉર્દૂ, જાન્યુ–૦૬, દિલ્હી)*

## શું આપ જાણો છો ?

**મસ્અલા** : નજુમીઓની એવી વાતો જેમાં સિતારાઓની તાસીર બતાવવામાં આવે છે કે ફલાણો સિતારો ઉગશે તો ફલાણું બનશે, **એ પણ શરીઅતની ખિલાફ છે.** એ રીતે નક્ષત્રોનો હિસાબ જેમ કે ફલાણા નક્ષત્રથી વરસાદ થશે એ પણ ખોટું છે. **હદીષમાં આ બાબત પર સખ્તીથી ઈન્કાર ફર્માવ્યો છે.**

**મસ્અલા** : સફર મહિનાના છેલ્લા બુધવારને હિન્દુસ્તાનમાં ખૂબ માનવામાં આવે છે. લોકો પોતાનો ધંધો, રોજગાર બંધ કરી દે છે. હરવા ફરવા અને શિકાર માટે જાય છે. પુરીઓ પકાવે છે. ન્હાવે, ધૂએ ખુશીઓ મનાવે છે અને એવું કહે છે કે આ દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તંદુરસ્તીનુ ગુસ્લ કર્યું હતું અને મદીના શરીફની બહાર ફરવા નીકળ્યા હતા. **આ બધી વાતો પાયા વિનાની છે.** બલ્કે આ દિવસોમાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બીમારી ખૂબ જોરથી હતી જેથી એ વાતો પ્રસંગની વિરૂધ્ધ છે. અને કેટલાક લોકો એવું કહે છે કે એ દિવસે બલાઓ આવે છે અને જાત જાતની વાતો બયાન કરવામાં આવે છે. **એ બધી વાતો સાબિતી વિનાની છે (એની કોઈ સાબિતી નથી)** બલ્કે હદીષનો એ ઈર્શાદ **લા સફર** એટલે કે સફર કોઈ ચીજ નથી. આવા સઘળા ખુરાફાતને રદ કરે છે. *–(બહારે શરીઅત, કાનૂને શરીઅત વગેરે..)*

★ બ ઝ્મે ઔ લિ યા ★



(ઉર્સ : ૨૯ મુહર્રમ)

# મુજદ્દિદે વક્ત હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી

(رحمة الله عليه)

રજૂકર્તા : **જનાબ મૌલાના મોહસિન હવેલીવાલા (હાલ : યુ.કે.)**

હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمة الله عليه ૨૨ મુહર્રમ ૯૧૦ હિ.સ. ચાંપાનેર ગુજરાતમાં પેદા થયા. આપનું નામ સૈયદ અહમદ રાખવામાં આવ્યું પણ વજીહુદ્દીનના લકબથી મશ્હૂર થયા. બચપનમાં કુર્આન શરીફના હાફિઝ થઈ ગયા. ત્યારબાદ એમના વાલિદ સાહબે શમ્સુદ્દીન رحمة الله عليه(શાહ વજીહુદ્દીનના કાકા)ને સુપ્રત કર્યા. અરબી ભાષાની મોટા ભાગની કિતાબોની તા'લીમ લીધી. ત્યારબાદ આપના મામુ હઝરત અબુલ કાસિમ رحمة الله عليهની બારગાહમાં પણ ઘણો સમય રહી ઈલ્મ હાંસલ કરતા રહ્યા. હદીષોની તા'લીમ હઝરત શૈખુલ મુહદ્દિષીન અબ્દુલ બરકાત અબ્બાસી رحمة الله عليه પાસેથી લીધી કે જેઓ મુહદ્દિષીનમાં ઘણો ઊંચો દરજ્જો ધરાવતા હતા. આપ હઝરત અલ્લામા અમ્માદ તારમી رحمة الله عليه કે જેઓ ઈરાનના ખુરાસાનથી હિંદુસ્તાનમાં તશરીફ લાવ્યા હતા. તે જમાનામાં સૌથી મહાન આલિમ હતા એમની બારગાહમાં રહી ઈલ્મી પ્યાસ બુઝાવતા રહ્યા. જ્યારે (અલ્લામા અમ્માદ તારમી رحمة الله عليه)નો વિસાલ થયો ત્યારે આપ (શાહ વજીહુદ્દીન અલ્વી رحمة الله عليه) અફસોસ કરવા લાગ્યા કે હજુ થોડાક ઉલૂમ બાકી રહી ગયા છે તેનું શું થશે ?! એક દિવસ નબી કરીમ صلى الله عليه وسلم નો ખ્વાબમાં દીદાર થયો. આપને નબી કરીમ صلى الله عليه وسلم ફર્માવે છે કે હે ફરઝંદ ! ગમ અને અફસોસ ન કર ! જેટલો ઈલ્મ તારા ઉસ્તાદ પાસે હતો તેનાથી વધુ તમોને આપું છું અને એક કાગળ દેખાડયો જેના પર ઉલૂમનાં નામ લખ્યાં હતાં. હઝરત શાહ વજીહુદ્દીન رحمة الله عليه ફર્માવે છે કે ત્યારબાદ જે ઈલ્મ તરફ નજર કરતો તો મને એમ લાગતું હતું કે હું આ ઈલ્મથી પૂરેપૂરો માહિર છુ ! આ રીતે આપ ૨૪ વરસ સુધી ઈલ્મે દીન હાંસલ કરવામાં મશ્ગૂલ રહ્યા. આપ ૬૦ થી વધારે વિદ્યાઓ જાણતા હતા. અને દરેક ફુનૂન (વિદ્યાઓ)માં કામિલ મહારત ધરાવતા હતા.

હવે આપ હઝરત તા'લીમ આપવાનું શરૂ કરે છે. આપના મદ્રસામાં તમામ ઉલૂમની તા'લીમ આપવામાં આવતી હતી. આપ હઝરતના મદ્રસામાં તફસીર, હદીષ, ફિકહ, ફલસફા, મન્તિક, રિયાઝી (મેથ્સ) અને ઈલ્મે હઈઅત (ખગોળશાસ્ત્ર) જેવા વિષયો પર આપના ત્યાં ઈલ્મનો દરિયો વહેતો હતો. સાથે સાથે તરીકત તથા તસવ્વુફની તર્બિયત પણ થતી હતી. થોડાક સમયમાં આપની દર્સગાહ એટલી મશ્હૂર થઈ કે અરબ અને અજમમાંથી તલબા સૈલાબની જેમ ઉમટી પડયા. બેશુમાર લોકો આવ્યા અને ઈલ્મી પ્યાસ બુઝાવી વતન પાછા ગયા. જ્યાં જ્યાં આપના શાર્ગિદો પહોંચ્યા એમણે ઈલ્મી રૂહાની ચિરાગ રોશન કર્યા.

**તસ્નીફો તા'લીમ** : આપ હઝરતે દર્સની સાથે તસ્નીફ (કિતાબો લખવાનું) કામ પણ ચાલુ રાખ્યું. દરેક ઈલ્મ પર આપનો હાશિયો અથવા શરહ મૌજૂદ છે. ફક્ત ફન્ને હદીષ પર આપે ૩૨ રિસાલાઓ લખ્યા છે. મૌલાના ગુલામનબી આઝાદ બેલગરામી લખે છે કે હઝરત શાહ વજીહુદ્દીન رحمة الله عليهએ ૧૯૭ કિતાબો લખી છે. અમુક

કિતાબોમાં ૩૦૦ કિતાબોની સંખ્યા બતાવેલી છે. પણ અફસોસની વાત એ છે કે આપની વધારે પડતી કિતાબો ગુમ છે ! આમાંની કેટલીક કિતાબો હિંદુસ્તાનની લાઈબ્રેરીઓમાં ખામોશ પડેલી છે ! પરંતુ આપ હઝરતના કલમી નુસ્ખા જે અમુક કુતુબખાનામાં પડેલા છે એમાનાં અમુક નુસ્ખા અમારા મિત્ર હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચણવાલા (બોલ્ટન યુ.કે.) એ હાંસલ કર્યા છે અને છપાવી રહ્યા છે. એક કિતાબ છપાઈ પણ ગઈ છે અને ઉલ્માએ કિરામના હાથોમાં પહોંચી ગઈ છે. અને આ કિતાબ છપાવવામાં માલની કુર્બાની હઝરત અલ્લામા મુહમ્મદ હનીફ રઝવી રાજસ્થાની (હાલ : બોલ્ટન યુ.કે.)એ આપી છે. જેમણે શરૂઆતમાં અહિંયાની સૂકી તથા વિરાન જમીન પર મહેનત કરી સુન્નિયતની ખેતી તૈયાર કરી છે. હઝરત હનીફ સાહબ કિબ્લા માર્ગદર્શન આપી રહ્યા છે કે આવા નેક કામોમાં ભાગ લેવો જોઈએ. કૌમના માલાદાર લોકો આવા કામોમાં ભાગ લે તો બહુ મહાન કામ દીન માટે થઈ શકે છે, કેવળ ફાતેહા પઢી, ન્યાઝ કરીને અટકી ન જાવ !

**બયઅત** : હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہની નિગાહ મુરીદ થવા માટે રઈસુલ કામેલીન હઝરત શાહ મુહમ્મદ ગૌષ ગ્વાલિયરી رحمۃ اللہ علیہને પસંદ કરે છે. આપ ગૌષ ગ્વાલિયરી હિંદુસ્તાનના મશ્હૂર ઔલિયામાંથી છે. ૯૭૦ હિજરી આગ્રામાં વિસાલ થયો, ગ્વાલિયરમાં મઝારે પાક છે. શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہ આ ખૂબસૂરત હસ્તીથી મુરીદ થઈ સિલસિલાએ સત્તારીમાં દાખલ થાય છે.

**ફઝાઈલ** : હઝરત શાહ વજીહુદ્દીન દુનિયાદારોથી હમેશાં બેપરવાહ રહેતા. કનાઅત (જે મળે તેમાં સંતોષ) પહેચાન હતી. આપની જિંદગી તદ્દન સાદી હતી. નઝરાણુ, તોહફા ગરીબોમાં પહોંચાડી આપતા હતા. તકવો પરહેઝગારીમાં આપનો જવાબ મળતો ન હતો. આપ નામના તથા શોહરતથી દૂર રહ્યા હતા. કોઈની ખુશામદ ગવારા ન ફર્માવતા. આપ આપની સામે તારીફ કરનારને પસંદ ન ફર્માવતા. આજકાલ દરેક ઈન્સાનોને ખુશામદખોરી પસંદ છે, પરંતુ જો આજનો ઈન્સાન હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہના નક્શે કદમ પર જિંદગી પસાર કરે તો મંઝિલ મળી જાય.

**કરામત** : હઝરત સૈયદ યાસીન رحمۃ اللہ علیہ હજ્જે બયતુલ્લાહ જઈ રહ્યા હતા. આપે હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہની બારગાહમાં હાજરી આપી. આપની દુઆઓ તથા ફયૂઝ લઈ મક્કા શરીફ રવાના થયા. અરકાને હજ્જ સંપૂર્ણ કરીને મદીના મુનવ્વરા હુઝૂર ﷺ ની બારગાહે રહમતમાં હાજરી આપે છે. એક દિવસે આસ્તાનાએ રસૂલ પર ઝાડુથી સફાઈ કરતા હતા કે દિલમાં ખ્યાલ આવ્યો કે સીરિયા દેશમાં ફલાણા બુઝુર્ગ પાસે જઈ અલ્લાહની મઅરેફત હાંસલ કરું. બસ ! આ તસવ્વુર આવ્યો અને તુરત હુઝૂર ﷺ ના રોઝએ પાકમાંથી અવાજ આવ્યો કે, "હે ફરઝંદ ! તેં હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہ સાથે જાહેરી મુલાકાત કરી છે, તને હજુ એમના બાતિની અસરાર અને ભેદોની ખબર નથી ! હે ફરઝંદ ! ત્યાં વજીહુદ્દીન પાસે જા ! જે કાંઈ મકસદ હશે ત્યાંથી મળશે." હઝરત સૈયદ યાસીન رحمۃ اللہ علیہ કહે છે કે હું તુરત વતન પાછો આવવા કશ્તીમાં સવાર થઈ ગયો. સંજોગોવસાત કશ્તી દરિયામાં રસ્તો ભૂલી ગઈ અને સામે પહાડ આવી ગયો. લોકોમાં ખૌફ તથા ગભરાટ ફેલાઈ ગયો અને એક બીજાને કહેવા લાગ્યા કે અલ્લાહ તઆલા પાસે દુઆ કરો કે આ મુસીબતથી નજાત આપે. લોકો પોતાના સામે મૌત જોઈ રહ્યા હતા. પણ હઝરત સૈયદ યાસીન رحمۃ اللہ علیہ આ ખૌફનાક માહોલમાં મુરાકબો કરે છે. થોડીક જ વારમાં એમના પર કશ્ફ થાય છે કે હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہ હાજર છે, અને ફર્માવી રહ્યા છે : હે યાસીન ! તું હિંમત રાખ ! અમારી મદદ તારી તથા તમામ મુસાફરો સાથે છે ! ઈન્શાઅલ્લાહ ! જહાઝ સલામત રહેશે. હવે સૈયદ યાસીન رحمۃ اللہ علیہ મુસાફરોને ખુશખબર આપે છે કે, તમો શાંતિ રાખો !

આપણા મુકદ્દરમાં સલામતી છે. જ્યારે જહાઝ પહાડ પાસે આવ્યું તો બધા મુસાફરોએ જોયું કે જહાઝને પહાડ તરફથી હટાવવામાં આવી રહ્યું છે. લોકોએ પૂછયું કે આવુ કેમ થયું ?! તો આપે તમામ બનેલી હકીકત ખોલીને બતાવી. આ સાંભળી તમામ લોકો હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہના મોઅતકીદ થઈ ગયા. સૈયદ યાસીન સાહબ પણ અમદાવાદ પહોંચી હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہ ના મુરીદ બને છે. થોડા વખત બાદ હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہએમને ખિલાફત આપે છે.

**વફાત** : ૮૮ વરસની ઉમરમાં ૨૯ મુહર્રમ રવિવારના સવારમાં આપનો વિસાલ થયો. અહમદાબાદ (ખાનપુર, સૈયદવાડ) ગુજરાતમાં આપનો મઝારે પાક છે.

**ઔલાદ** : હઝરત શાહ વજીહુદ્દીનના ૯ ફરઝંદ હતા : (૧) શાહ મુહમ્મદ (૨) શાહ હબીબુલ્લાહ (૩) શાહ અબ્દુશ્શકૂર (૪) શાહ અબ્દુલ હક્ક (૫) શાહ અબ્દુલ વહાબ (૬) શાહ ગાલિબ (૭) શાહ કબરૂદ્દીન (૮) શાહ અબ્દુલ્લાહ (૯) શાહ ગજનફર. આ ઉપરાંત હઝરતની બે દુખ્તર હતી.

**ખલીફાઓ તથા શાગિર્દો** : હઝરત શાહ વજીહુદ્દીન رحمۃ اللہ علیہના મુબારક હાથે બેશુમાર શાર્ગિદો પેદા થયા એમાં ઉચ્ચ કક્ષાના વલીએ કામિલ પણ હતા.

(૧) હઝરત સૈયદ સિબગતુલ્લાહ હુસૈની ભરૂચી જે હઝરતના ખાસ શાગિર્દ અને સાહિબે વિલાયત ખલીફા છે. ૯ વરસ સુધી આપની બારગાહમાં રહી અરબમાં ગયા. ત્યાં પણ ત્યાંના ઉલમાને ઈલ્મો ફયૂઝ આપી ૧૦ વરસ મદીનામાં રહ્યા. ત્યાં જ આપનો વિસાલ થયો. અત્યારે જન્નતુલ બકીઅમાં આરામ ફર્માવે છે.

એક દિવસ હુઝૂર ﷺ ના રોઝએ પાક પર "અસ્સલામુ અલૈકુમ યા જદ્દી !" કહ્યું. તો અંદરથી અવાજ આવ્યો, "વઅલૈકુમુસ્સલામ યા વલદી !" (૨) હઝરત શૈખ ફરીદ رحمۃ اللہ علیہ હઝરતના શાગિર્દ અને ખલીફા હતા. (૩) હઝરત જલાલુદ્દીન મુલતાની رحمۃ اللہ علیہ. (૪) હઝરત મૌલાના ઉષ્માન બિન ઈસા સિદ્દીકી رحمۃ اللہ علیہ. આપની વિલાદત સિંધમાં થઈ હતી. આપનો મઝાર શરીફ થાનેસરમાં છે. (૫) અલ્લામા કમાલ મુહમ્મદ અબ્બાસી ગુજરાતી رحمۃ اللہ علیہ આપનો મઝાર શરીફ ઉજ્જૈનમાં છે. (૬) મૌલાના શૈખ યૂસુફ બંગાળી رحمۃ اللہ علیہ બુરહાનપૂરમાં આપનો મઝાર શરીફ છે. (૭) મૌલાના યાસીન ગુજરાતી, આપનું વતન જુગાઢમાં છે. ભાગલપૂરમાં આપનો મઝાર છે. (૮) હઝરત સૈયદ અબૂ તુરાબ. ઈરાનથી અમદાવાદ તશરીફ લાવ્યા હતા. આપનો મઝાર શરીફ લાહોરમાં છે. (૯) હઝરત શાહ અલી મુત્તકી જિલ્લા કોંકણમાં આરામ કરે છે. (૧૦) કાઝી અબ્દુલ્લાહ, આપનુ વતન ગુજરાત છે. આપની "વફાત બીજાપૂરમાં થઈ. (૧૧) શાહ અબ્દુલ મલિક મઝાર લાહોરમાં છે. (૧૨) મૌલાના યુનુસ رحمۃ اللہ علیہ (૧૩) હઝરત સૈયદ શાહ અબ્દુલ ગફૂરનો મઝાર કાશ્મિરમાં છે. (૧૪) હઝરત અબ્દુલ ગની જોનપુરી رحمۃ اللہ علیہના શાગિર્દ અને ખલીફા છે, હઝરત મૌલાના ઈસ્હાક ભરૂચી આપના શાગિર્દ હતા. (૧૫) હઝરત શૈખ સાલેહ رحمۃ اللہ علیہ નવસારીના હતા. (૧૬) હઝરત સૈયદ અઝીઝ, અહમદાબાદમાં મઝાર છે. (૧૭) મુલ્લા હસન رحمۃ اللہ علیہ અમદાવાદમાં મઝાર છે. (૧૮) હઝરત શાહ ઈસા મદની رحمۃ اللہ علیہની મઝાર અમદાવાદમાં છે. (૧૯) શાહ ફૈઝુલ્લાહ رحمۃ اللہ علیہનો બુરહાનપૂરમાં મઝાર છે. (૨૦) શૈખ અબ્દુલકાદિર બગદાદી, આપની પેદાઈશ બગદાદમાં થઈ. આપનો મઝાર શરીફ ઉજ્જૈનમાં છે. (૨૧) મૌલાના અબ્દુલ સત્તારી, મઝાર શરીફ આગ્રામાં છે. (૨૨) સૈયદ ઝિયાઉદ્દીન સત્તારી رحمۃ اللہ علیہ હઝરત શાહ વજીહુદ્દીનના પીરો મુર્શિદના ફરઝંદ પણ હઝરતના શાગિર્દ હતા. મઝાર આગ્રામાં છે. (૨૩) હઝરત શાહ અબ્દુલ્લાહ સત્તારી رحمۃ اللہ علیہ.



(ઉર્સ : ૨૫ સફર)

# આ'લા હઝરતના કમાલો તથા કરામતોની એક ઝલક !

–કાર્યાલય

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ અસંખ્ય ખૂબીઓના માલિક હતા. ઈલ્મી દુનિયાનો કયો ઈલ્મ એવો છે જેમાં આપને મહારત ન હતી. આપના કમાલો તથા કરામતો પણ બેશુમાર છે આપની બારગાહમાં ખિરાજે અકીદતના તૌર પર એની એક ઝલક અત્રે રજૂ કરીએ છીએ :–

## આપનો દરેક પ્રસંગ કરામત છે !

**મુહદ્દિષે આ'ઝમે હિંદ, મખ્દૂમે મિલ્લત સૈયદ મુહમ્મદ અશરફી જીલાની કછોછવી** عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે, "આજે હું તમને જગબીતી નહીં આપબીતી સંભાળવી રહ્યો છું કે જ્યારે દર્સે નિઝામી તથા દર્સે હદીષની પરિપૂર્ણતા કર્યા બાદ મારા મુરબ્બીઓએ જ્યારે મને આ'લા હઝરતને સુપ્રત કર્યો, તો **જિંદગીની આ જ ઘડીઓ મારા માટે જિંદગીની મહામૂલી મૂડી બની ગઈ !** અને હું મેહસૂસ કરવા લાગ્યો કે **આજ સુધી જે કાંઈ પઢયો હતો તે કાંઈ ન હતું અને હવે એક ઈલ્મના સમુદ્રનો કિનારો મેળવી લીધો છે !** ઈલ્મને ઠસાવી દેવો અને ઈમાનને રગ રગમાં ઉતારી દેવું અને સહીહ ઈલ્મ આપીને નફ્સની સફાઈ કરવી આ તે કરામત હતી જે દરેકે દરેક મિનિટે બહાર પડતી રહેતી હતી.

## સાડા ચૌદસો વરસની કિતાબોના હાફિઝ !

એ જ મુહદ્દિષે આ'ઝમે હિંદ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે આ વસ્તુ દરરોજ બનતી કે જવાબની પૂર્ણતાના માટે ફિકહના જુઝઈય્યા (અસ્લ કાનૂન)ની તલાશમાં જો લોકો (આ'લા હઝરતને) અર્ઝ કરતા તો આ'લા હઝરત તે જ વખતે ફર્માવી આપતા કે રદુલ મુહતાર, ભાગ ફલાણો, પેજ નં. ફલાણાની લીટી ફલાણીમાં આ શબ્દો સાથે જુઝઈય્યહ (મુખ્ય કાયદો) મૌજૂદ છે. દુર્રે મુખ્તારના ફલાણા પેજની ફલાણી લીટીમાં આ લખાણ છે, આલમગીરીમાં ફલાણા ભાગ, ફલાણા પેજ, ફલાણી લીટીમાં આ શબ્દોમાં મૌજૂદ છે, એવો ઈર્શાદ ફર્માવી આપતા. હવે જો કિતાબોમાં જઈને જોતા તો પેજ તથા લીટી તથા લખાણ એ જ જોવા મળતુ જે આ'લા હઝરતે મૌખિક કહ્યું હતું ! એને તમે વધુમાં વધુ એ જ કહી શકો કે **ખુદાદાદ યાદ શક્તિથી સાડા ચૌદસો વરસની કિતાબો યાદ (હિફ્ઝ) હતી.** એ ચીજ પણ એના સ્થાને આશ્ચર્યજનક છે પણ હું તો એ કહી શકુ છું કે કુર્આને કરીમના હાફિઝે વરસો વરસ સુધી કુર્આનને પઢીને હિફ્ઝ કર્યું, દરરોજ દોહરાવ્યું, એક એક દિવસમાં સો સો વાર જોયું, હાફિઝ થયો. મહરાબ સંભળાવવા માટેની તૈયારીમાં આખો દિવસ કાઢી નાખ્યો અને કેવળ એક કિતાબ (કુર્આન)થી જ વાસ્તો રાખ્યો. હિફ્ઝ કર્યા પછી વરસો વરસ એ જ પ્રવૃતિ રહી તો શક્ય છે કે કોઈ હાફિઝને તરાવીહમાં લુકમાની જરૂરત ન પડી હોય, જો કે એવું જોવામાં નથી આવ્યું. અને શક્ય છે કે હાફિઝે કુર્આન કોઈ કુર્આની આયતને સાંભળીને

એટલી યાદ રાખે કે તેમની પાસે જે કુર્આને કરીમ છે તેમાં આ આયતે કરીમા જમણી બાજુ છે કે ડાબી બાજુ. જો કે આ પણ ખૂબ જ જવલ્લેજ બને, **પણ એ તો આદતની રૂએ અશક્ય છે કે કુર્આની આયતના પેજ તથા લીટીને બતાવવામાં આવી શકે તો કોઈ બતાવે કે તમામ મોટી મોટી કિતાબો (ભાગોવાળી)ના દરેક વાક્યોને પેજ-લીટી નંબર સાથે બતાવનાર એ પૂરા ઈસ્લામી કુતુબખાનાનો કેવળ હાફિઝ જ છે અથવા તે અલ્લાહની અતા કરેલી આ'લા કરામતનો નમૂનો છે** જેનો બુલંદ મુકામ વર્ણન કરવાના માટે હજી શબ્દકોશના નિષ્ણાતો પાસે કોઈ શબ્દ નથી.

## એકવાર વાંચતાં કિતાબ પેજ લીટી નં. સાથે મોઢે !

એ જ પ્રમાણે **મલિકુલ ઉલમા હઝરત અલ્લામા મૌલાના શાહ ઝફરુદ્દીન બિહારી** عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡનો રિવાયત કરેલ પ્રસંગ છે. વાતને ટૂંકાવતાં જણાવું કે સફરમાં કિયામ દરમ્યાન મુહદ્દિષે સૂરતી હઝરત અલ્લામા વસી અહમદ સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡથી એક કિતાબ લઈ રાતમાં જ વાંચી સવારે પરત કરી, આપે સાથે લઈ જવા કહ્યું તો આ'લા હઝરતે ફર્માવ્યું કે, "આ કિતાબમાં વિષયોની અનુક્રમણિકા ન હતી, તો ફકીરે કિતાબની પાછળ અનુક્રમણિકા પણ લખી દીધી છે, જોઈ લો !" મુહદ્દિષે સૂરતીએ કહ્યું, "શું એક વાર જોઈ લેવું પૂરતુ છે ?!" આ'લા હઝરતે ફર્માવ્યું, **"અલ્લાહ** عَزَّوَجَلَّ **ના ફઝલો કરમથી ઉમ્મીદ છે કે બે ત્રણ મહિના સુધી જ્યાંના લખાણ (જે પેજ નં. લીટી નં.)ની જરૂરત હશે ફતવામાં લખી દઈશ અને વિષય તો ઈન્શાઅલ્લાહ ! જીવનભર માટે મેહફૂઝ થઈ ગયા !** *(તજલ્લિયાતે આ'લા ઈમામ અહમદ રઝા)* આ સિવાય અસંખ્ય પ્રસંગો આપના ઈલ્મી કમાલો તથા કરામતો વિશે છે.

## આ'લા હઝરતની કરામતથી ટ્રેન અટકી ગઈ !

હઝરત મુહદ્દિષે સૂરતી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡ ફર્માવે છે કે, એકવાર હિ.સ. ૧૩૩૭માં જ્યારે કે હું દસ વરસનો હતો. આ'લા હઝરત સરકાર બરેલી શરીફ જવા માટે સ્ટેશને તશરીફ લઈ ગયા. ટ્રેન તૈયાર હતી, ટિકિટ લેવામાં આવી. આ'લા હઝરતે ફર્માવ્યું, મગરિબની નમાઝ પઢી લેવામાં આવે. કોઈ ભાઈએ કહ્યું કે ટ્રેન છૂટી જશે ! ઈર્શાદ ફર્માવ્યો, "જો ટ્રેન જતી હોય તો જાય, હવે તો પહેલા નમાઝ પઢીશું ! ઈન્શાઅલ્લાહ ! ફકીરના વિના ટ્રેન જશે નહીં !" આ તરફ આ'લા હઝરતે નમાઝ શરૂ કરી પેલી બાજુ ટ્રેન ઉપડી ગઈ. જ્યારે સલામ ફેરવી તો ટ્રેનનું દૂર સુધી નામો નિશાન ન હતું. સુન્નતો વગેરે પઢી પછી વઝીફા શરૂ કરી દીધા. થોડીક મિનિટો પછી જોવામાં આવ્યું કે મોટા ટોળાની સાથે રેલ્વેના કર્મચારી અધિકારીઓ આ'લા હઝરતની તરફ ચાલ્યા આવે છે. જ્યારે નજીક આવ્યા તો ખાદિમોએ પૂછ્યું કે શું મામલો છે ? તો જણાવ્યું કે ટ્રેન પુલ પર જઈને રોકાઈ ગઈ ! હવે ન આગળ વધે છે ન પાછળ હટે છે ! રસ્તો પણ બંધ થઈ ચૂક્યો છે અને બંને તરફની ટ્રેનોનો ટ્રાફિક બ્લોક થઈ ગયો છે. અને એંજિનમાં કોઈ ખરાબી પણ જણાતી નથી. લોકોએ જણાવ્યું કે બરેલીના એક ખૂબ જ મહાન બુઝુર્ગ નમાઝ પઢી રહ્યા હતા તેમણે આ ટ્રેન રોકી દીધી, અમારી ગલતી માફ કરવામાં આવે. આ'લા હઝરતને જલાલ આવી ગયો અને ફર્માવ્યું, જો કોઈમાં તાકત હોય તો ટ્રેનને લઈ જઈને બતાવી આપે ! ટ્રેન ફકીરે નથી રોકી બલ્કે ફકીર જે અલ્લાહની નમાઝ પઢી રહ્યો હતો તે વહદહૂ લાશરીકે રોકી દીધી. અધિકારીઓએ આ'લા હઝરતના કદમોને પકડી લીધા અને કહ્યું, હવે અમારી ગલતી માફ કરો ! આપે ઈર્શાદ ફર્માવ્યો,

સારું ! એ અલ્લાહે ચાહ્યું તો ટ્રેન ચાલશે, તેને પાછી સ્ટેશન પર લાવવામાં આવે. ડ્રાયવર વગેરે ગયા અને ટ્રેન આગળ ચલાવવા ઈચ્છયું પણ ન ચાલી પણ જ્યારે રિવર્ઝ કરી તો ટ્રેન પાછી ફરવા માંડી અને સ્ટેશન પર આવી. આ'લા હઝરત એમાં બિરાજમાન થયા પછી ટ્રેન બરેલી જવા રવાના થઈ. *(તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા)*

## આ'લા હઝરતની કરામતથી જાદૂગરનો ઈસ્લામ સ્વીકાર !

હઝરત શાહ માના મિયાં સાહબનું બયાન છે કે મારા પીરો મુર્શિદ આ'લા હઝરત સરકાર عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ પોતાની મસ્જિદેથી નમાઝ પઢી આવી રહ્યા હતા, સોદાગ્રાન મહોલ્લામાં લોકોની ભીડ જોઈ. પૂછતાં ખબર પડી કે એક ગૈર મુસ્લિમ જાદૂગર પોતાનો જાદૂ બતાવી રહ્યો છે. ત્રણ ચાર કિલો પાણીથી ભરેલું વાસણ કાચા દોરા વડે ઉઠાવી રહ્યો છે. આ'લા હઝરત સરકાર પણ એ મજમાની તરફ ગયા અને તે જાદૂગરને કહેવા લાગ્યા કે સાંભળ્યું છે કે તમે કાચા દોરા વડે ત્રણ ચાર કિલો પાણી ભરેલુ વાસણ ઉઠાવી લો છો ! તેણે કહ્યું, જી ! હા ! ઈર્શાદ ફર્માવ્યો, કોઈ અન્ય ચીજ પણ ઉઠાવી શકો છો ? તેણે કહ્યું, જે ચીજ પણ તમે આપો ઉઠાવી લઈશ ! આ'લા હઝરતે પોતાના જૂતા મુબારકને પગેથી કાઢતાં (આપ નાગરા જૂતા પહેરતા હતા જેનું લગભગ ૫૦ ગ્રામ વજન હશે) ફર્માવ્યું, આ જૂતાને ઉઠાવવાનું તો મોટી વાત છે, પણ એની જગાએથી હટાવીને જ બતાવી દો ! જાદૂગરે ખૂબ જ કોશિશ કરી પરંતુ તે જૂતા મુબારકને તેની જગાએ હલાવી ન શક્યો. આ'લા હઝરતે ફરી ઈર્શાદ ફર્માવ્યો, સારું ! આ વાસણને જ હવે ઉઠાવી બતાવો ! હવે એણે વાસણ ઉઠાવવા પ્રયત્ન કર્યો તો તેને પણ ન ઉઠાવી શક્યો ! તે જાદૂગર એ કરામતને જોઈને આ'લા હઝરતના કદમો પર ગબડી પડયો અને કલ્મો પઢીને ઈસ્લામથી પાવન થઈ ગયો અને આ'લા હઝરતની બારગાહથી રૂહાનિયતની મહાન દૌલત લઈને પરત થયો. *(હવાલો : ઉપર મુજબ)*

## રામપુરના નવાબની બેગમના મૃત્યુની પેશનગોઈ

હિ.સ. ૧૩૨૮માં એક અજબનો પ્રસંગ બન્યો કે રામપુરના નવાબ સાહબની બેગમ જે શીઆ હતી તે બીમાર થઈ ગઈ. આ'લા હઝરતને એ બેગમના વિશે પૂછવામાં આવ્યું તો જવાબ આપ્યો, "રાફઝીપણુ છોડીને સુન્ની થઈ જાય, નહીં તો સાજી થશે નહીં !" તેણી સુન્ની થવા માટે તૈયાર ન થઈ જેથી બીમારી વધતી ગઈ. એ વરસે આઠ શવ્વાલે બીજો સવાલ કરવામાં આવ્યો કે, તેણીનું મૃત્યુ ક્યારે અને ક્યાં થશે ? તેણી તે વખતે આબોહવાના ફેરના માટે નૈનીતાલમાં રહેતી હતી. આ'લા હઝરતે જવાબ આપ્યો કે તેનું મૃત્યુ મોહર્રમના મહિનામાં થશે પણ નૈનીતાલમાં નહીં બલ્કે પોતાના શહેર રામપુરની નજીક થશે. અમુક ઉતાવળીયા લોકોને આ જવાબની ખબર પડી તો તેમણે ઝી કઅદામાં જ પત્રો લખવાનું શરૂ કરી આપ્યું, જુઓ ! તેણી તો હજી જીવે છે ! તેમને જવાબ આપવામાં આવ્યો કે મોહર્રમ તો આવવા દો ! મોહર્રમમાં ન મરે તો જવાબ ગલત થઈ જશે ! જેથી નવાબ નૈનીતાલમાં રોકાયેલા હતા એવામાં કાનપૂરની મસ્જિદ શહીદગંજના હંગામામાં લેફ્ટન્ટ મિ. મેસ્ટિનની બેચૈની હદથી વધી તો નવાબ સાહબને તાર કર્યો કે રામપુર આવુ છું, જલ્દી આવીને મળો ! નવાબ એકલા જવા તૈયાર થયા તો બેગમે ન માન્યું. છેવટે બંનેવ માહે મુહર્રમમાં જેવાં રામપુર નજીક પહોંચ્યાં તેવો જ બેગમનો ઈન્તેકાલ થઈ ગયો. આ તો કેવળ કમાલો તથા કરામતોની ઝલક જ છે, આ'લા હઝરતના કમાલોનો અભ્યાસ કરો તો તમારા ઈમાનને ચાર ચાંદ લાગી જશે અને બંને જહાન લુત્ફથી ભરપુર થઈ જશે.

# તકવાની હકીકત અને તેના ફાયદાઓ

રજૂ. જનાબ મૌલાના ઈકબાલ મિસ્બાહી
વોરાસમનીવાલા, બોલ્ટન (યુ.કે.)

રબ તઆલા ફર્માવે છે :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰه حَقَّ تُقٰتِهٖ

"અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો જેવો કે એનાથી ડરવાનો હક્ક છે." *(આલે ઈમરાન–૧૦૨)*

બીજી આયતમાં છે :–

فَاتَّقُوا اللّٰهَ مَااسْتَطَعْتُمْ "તમો અલ્લાહથી ડરો ! જેટલું તમારાથી થઈ શકે." *(તગ઼ાબુન–૧૬)*

આ આયતોમાં અલ્લાહ તઆલાએ બંદાઓને તકવો ઈખ્તેયાર કરવાનો હુકમ ફર્માવ્યો. કુર્આનમાં ઘણી આયતો થકી તકવો ઈખ્તેયાર કરવા વિશે બયાન થયું છે. જોરદાર અંદાજમાં અલ્લાહ તઆલાએ બંદાઓથી તકવો ઈખ્તેયાર કરવા વિશે બયાન ફર્માવ્યું છે. જન્નતમાં જેટલા આદમીઓ દાખલ થશે તે બધા તકવાના દરજામાંથી એક દરજામાં જરૂર હશે.

**તકવાનો શબ્દકોશ થકી તથા શરઈ અર્થ** : તકવાનો અર્થ બચવું, હિફાઝત કરવું, પર્દો કરવો, ખૌફ (ડર) રાખવો વિગેરે... થાય છે.

શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં ઈન્સાનનું તે કામોથી બચવું જે એના માટે આખેરતમાં ખુદાની નારાઝગીનું કારણ બને.

## તકવાના વિશે બુઝુર્ગોના અકવાલ

**૧.** હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તકવો એ છે કે ઈન્સાન શિર્ક, કબીરા ગુનાહો અને બેહયાઈ (બેશર્મી)ના કામોથી બચે.

**૨.** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما અને હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ફર્માવે છે કે, "તું બીજાઓને પોતાનાથી બેહતર સમજે અને પોતાને બીજાથી હકીર અને કમતર સમજે." એટલે કે બંદાની સિફત હોવી જોઈએ આજીઝી, ઈન્કેસારી (નમ્રતા) અપનાવવી.

**૩.** હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہما ના સાહબઝાદા ફર્માવે છે કે તકવો ફક્ત દિવસે રોઝો રાખવાનું અને રાત્રે નમાઝ પઢવાનું જ નામ નથી બલ્કે તકવો એ છે કે, "જે કાંઈ અલ્લાહ તઆલાએ હરામ ફર્માવ્યું એનાથી બચો અને જે ફર્ઝ ફર્માવ્યું તેને અદા કરો."

**૪.** હઝરત કઅબ અહબાર رضی اللہ عنہ થી હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما એ પૂછયું કે મને બતાવો તકવો શું છે ? તો તેમણે ફર્માવ્યું કે શું તમો કોઈ દિવસે કાંટાવાળા અને તંગ રસ્તાથી પસાર થયા છો ? આપે ફર્માવ્યું કે હા ! તો પછી હઝરત કઅબે પૂછયું, તમો એવા રસ્તા પરથી કેવી રીતે પસાર થાવ છો ? ફર્માવ્યું, ઘણી સાવચેતીથી ચાલું છું, કપડાઓ, શરીરને બચાવીને, દામન સમેટીને બચી બચીને ચાલું છું એ બીકે કે કપડાંઓ કાંટાથી ફાટી ન જાય, પગ ઝખ્મી ન થઈ જાય, શરીર ઘાયલ ન થઈ જાય. હઝરત કઅબે ફર્માવ્યું, આનુ નામ જ તકવો છે. જેમ કે દુનિયા કાંટાળુ જંગલ છે અને દુનિયાની લઝઝતો, નફ્સની ખ્વાહિશો તેની ઝાડીઓ છે. જે મુસલમાને આ દુનિયામાં નફ્સને મનોચ્છાઓથી બચાવીને ચાલશે તે હિફાઝત અને સલામતીથી ગુજરી જશે અને જે નફસાની ખ્વાહિશો દિલમાં આવે તેવું કરે તે પોતાને સલામત નહીં રાખી શકશે. અરબી શેઅરમાં છે :–

**(અર્થ)** : દરેક નાના મોટા ગુનાહોથી દામન બચાવી લે એનું નામ "તકવો" છે, તે આદમી જેવો

તરીકો અપનાવ જે કાંટા પાસેથી સલામતીના માર્ગે પસાર થાય છે."

યાદ રાખો દરેક નાના ગુનાહને હકીર અને મામૂલી ન ખયાલ કરવો કારણ કે મોટા પહાડ પણ નાની નાની કાંકરીઓ અને પથ્થરોથી બનેલ છે અને એક કૌલ એ છે કે "તકવો" એટલે કે દરેક તે વસ્તુથી બચવું જે તમોને અલ્લાહ તઆલાથી દૂર કરી દે.

હઝરત કાસિમ બિન કાસિમ رضی اللہ عنہ ફર્માવે છે : "શરીઅતના આદાબ"નું પાલન કરવું તકવો છે, જ્યારે આ હાંસલ થશે તો પછી ખુદા તઆલાની નજદીકી હાંસલ થવા માટે કોઈ વસ્તુ રુકાવટ નહીં બને.

હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે : ગુનાહો પર હમેશગી ન કરવી અને પોતાની ઈબાદત પર નાઝ અને એ'તેમાદ (ભરોસો) ન કરવાનું નામ "તકવો" છે.

હઝરત મીર સૈયદ શરીફ જુરજાની رحمۃ اللہ علیہ "અત્તારીફાત" કિતાબમાં ફર્માવે છે, શરીઅતની હિફાઝત અને દરેક તે કામ જે અલ્લાહ તઆલાથી દૂર કરે તેનાથી પોતાને બચાવવાનું નામ "તકવો" છે.

સર્વ અકવાલ (કથનો)નો ખુલાસો એ છે કે જે કામ શરીઅતમાં કરવાનું કહ્યું છે તેને કરવું અને શરીઅત જે કામોથી રોકે છે તેનાથી બચવાનું નામ તકવો છે. પોતાની જિંદગીને શરીઅતે મુસ્તફા صلی اللہ علیہ وسلم પ્રમાણે ગુજારવાનું નામ "તકવો" છે.

**તકવાનો દરજાઓ :** (૧) પ્રાથમિક દરજ્જો (૨) મધ્યમ દરજ્જો (૩) ઉચ્ચ દરજ્જો (૪) ઉચ્ચતર દરજ્જો

**પ્રાથમિક દરજ્જો** : તકવાનો એ છે હમેશાંના અઝાબથી બચવું એટલે કલમો પઢી ઈસ્લામમાં દાખલ થવું છે. હઝરત ઈમામ તિર્મિઝી رضی اللہ عنہ એ હઝરત કઅબ رضی اللہ عنہથી રિવાયત લખી છે કે નબી કરીમ کلمۃ التقوٰی "કલિમતુત્તકવા"ની તફસીરમાં ફર્માવ્યું કે;

لَآ اِلٰہَ اِلَّااللّٰہُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰہِ એટલે કે કલ્મો શરીફ સાચા દિલથી પઢી ઈસ્લામમાં દાખલ થવું દરેક ઈન્સાન પર જરૂરી છે કમથી કમ સંપૂર્ણ કલમો શરીફ પઢીને દીને ઈસ્લામના કિલ્લામાં પનાહ હાંસલ કરે અને પોતાને હમેશાં સુધી જહન્નમમાં રહેવાથી બચાવી લે. આ પ્રાથમિક દરજ્જો એ બાકીના દરજ્જાઓ માટે "શર્ત" છે જેના વગર કોઈ દરજ્જો મળી ન શકે. નેકીઓની કબૂલિયાત માટે મુસલમાન હોવું જરૂરી છે, જેના વગર બીજા દરજ્જાઓ પર પહોંચી ન શકાય. તકવાનો આ પ્રાથમિક દરજ્જો નમાઝમાં તકબીરે તહરીમા જેમ છે કે તકબીરે તહરીમા નમાઝમાં શર્ત છે, જેના વગર નમાઝમાં દાખલ ન થઈ શકાય અને બીજા અરકાનો અદા ન થઈ શકે, એના વગર નમાઝનો વુજૂદ ન થઈ શકે. એવી જ રીતે તકવાનો પ્રાથમિક દરજો પ્રાપ્ત કર્યા વગર આગળની મંઝિલો પ્રાપ્ત ન થઈ શકે. તકવાના અરકાનમાં આ દરજો "શર્ત" છે.

**બીજો દરજ્જો** : તકવાનો મધ્યમ (દરમિયાની) દરજ્જો ઈમાન લાવ્યા બાદ દરેક ફર્ઝો અને વાજિબોને ટાઈમસર અદા કરવું અને હરામ અને ગુનાહે કબીરાથી પોતાને બચાવવો દરેક મુસલમાન ઉપર જરૂરી છે.

**ઉચ્ચ દરજ્જો** : જે ખાસ લોકોનો દરજ્જો છે જે ફર્ઝો તથા વાજિબો ઉપરાંત સુન્નત, નવાફિલ વધુ પ્રમાણમાં અદા કરે, મુસ્તહબો પર અમલ કરવા સાથે મકરૂહ તથા શંકાવાળી વસ્તુથી બચવું, ગુનાહે કબીરાથી બચવું અને નાના ગુનાહો વારંવાર ન કરવું (હમેશાં ન કરવું).

**ઉચ્ચતર દરજ્જો** : મુકર્રબ લોકોનો તકવો છે. ફર્ઝો, વાજિબોની અદાયગીની સાથે સુન્નતો, મુસ્તહબો, નફલોની પણ પાબંદી કરે અને તેને હમેશાં અદા કરે. અને દરેક તે વસ્તુથી બચે જે ખુદા તઆલાથી દૂર કરી દે અને હુઝૂર صلی اللہ علیہ وسلمની સુન્નતો પર ચાલી શરીઅતની પૂરેપૂરી તાબેદારી અપનાવે.

રસૂલે અકરમ ﷺ ફર્માવ્યું કે ખબરદાર ! હલાલ ચીજો જાહેર છે, હરામ પણ જાહેર છે. આ બંનેવની વચમાં અમુક ચીજો મુબાહ(શંકાસ્પદ) છે, ઘણા લોકો તેને નથી જાણતા. જે માણસ આ શુબાહવાળી (શંકાસ્પદ) ચીજોથી બચી ગયો તેણે પોતાના દીનને બચાવી લીધો અને પોતાની ઈજ્જતની હિફાઝત કરી.

એક વખતે નબીયે કરીમ ﷺ એ પૂરી રાત બેકરારી બેચૈનીમાં પસાર ફર્માવી. વારંવાર કરવટ બદલતાં કોઈ ઉમ્મુલ મો'મિનીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! પૂરી રાત આપ બેચૈન રહ્યા, ઊંઘ ન આવવાનું કારણ શું ? ફર્માવ્યું, એક ખજૂર પડેલી હતી તે ઉઠાવીને ખાઈ લીધી કે જેથી તે બેકાર ન થાય. હવે ખયાલ આવ્યો કે સદકાની ખજૂર ન હોય ! જો કે તે સદકાની ખજૂર ન હતી પરંતુ આપના પાસે સદકા (ઝકાત)નો માલ પણ આવતો હતો તે ખયાલે આપને બેચૈન કરી દીધા હતા.

તકવાની પવિત્ર તથા સારી ખૂબીઓને અપનાવનાર માટે મહાન દરજ્જો છે, એમનો મુકામ ઉચ્ચ છે, જેમના માટે અજરે અઝીમ છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ ط " અલ્લાહના નજદીક તમારામાંથી ઈજ્જતદાર તે જ છે જે વધારે મુત્તકી (તકવાવાળો) છે." *(હુજુરાત, આ. ૧૩)*

## મુત્તકી દુનિયામાં પણ ઈજ્જતદાર અને આખેરતમાં પણ

يَوْمَ نَحْشُرُ الْمُتَّقِيْنَ اِلَى الرَّحْمٰنِ وَفْدًا ''અમો મુત્તકીને રહમાનની બારગાહમાં મેહમાન બનાવી લઈ જઈશું." *(મરયમ–૮૫)*

وَلَدَارُ الْاٰخِرَةِ خَيْرٌ لِّلَّذِيْنَ اتَّقَوْا ط ''આખેરતનું ઘર તે લોકો માટે બેહતર છે જે તકવાની દૌલતથી માલામાલ છે." *(સૂ. યૂસુફ, ૧૦૯)*

નબી કરીમ ﷺ એ સહાબાએ કિરામથી પૂછયું કે તમો જાણો છો કે કઈ વસ્તુ લોકોને જન્નતમાં વધુ લઈ જશે ? પછી પોતે તે જ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાથી તકવો ઈખ્તેયાર કરવો અને સારા અખ્લાક." *(મિશ્કાત શરીફ, હિફ્ઝુલ્લિસાનનો બાબ, પેજ–૪૧૨)*

અલ્લાહ તઆલા સૌને "તકવા"ની દૌલતથી માલામાલ ફર્માવે. (આમીન)–*(માહનામા "અહલે સુન્નત" પાક.ના સૌજન્યથી)*

**શું આપ જાણો છે ?!**

## ટેસ્ટ ટયુબ (Test Tube) વડે બાળકની પેદાઈશ જાઇઝ કે નાજાઈઝ ?!

**સવાલ** : ટેસ્ટ ટયુબ(Test Tube) વડે બાળકને પેદા કરવું અને કરાવવું કેવું છે ?

**જવાબ** : કોઈ પુરૂષની મની ટયુબમાં લઈ બાળકને પેદા કરવું અથવા કરાવવું સખત હરામ અને ગુનોહ છે. અને સખત બે હયાઈની વાત છે. જો સ્ત્રી પોતે ટયુબનો ઉપયોગ કરે તો કમસે કમ બે મહાન ગુનાહોમાં સપડાશે. એક તો પોતાની શર્મગાહમાં પોતાના પતિના ગુપ્તાંગ સિવાય બીજી વસ્તુ દાખલ કરી, અને બીજો ગુનો કે શરઈ તરીકા સિવાય બીજા તરીકા (હસ્તમૈથુન)થી પોતાની ખ્વાહિશપૂર્ણ કરી અને આ બંને વસ્તુ હરામ છે. અને જો કોઈ બીજા પાસે ટયુબનો ઉપયોગ કરાવ્યો, ભલે તે સ્ત્રી હોય કે પછી અજનબી માણસ દા.ત. ડોકટર વગેરે, તો ઉપરોક્ત બંને ગુનાહોની સાથોસાથ બીજા માણસનું શર્મગાહને જોવાનો તથા અડકવાનો ગુનો પણ લાગશે. જે હાજત વિના સખત હરામ અને ગુનોહ છે.

સ્ત્રીનું પોતાના પતિના ગુપ્તાંગ સિવાય બીજી વસ્તુને દાખલ કરવું એટલા માટે હરામ અને ગુનોહ છે કે આમ કરવું "પોતાના હાથ વડે ખ્વાહિશ સંતોષવા" (હસ્તમૈથુન)"ના હુકમમાં છે. અને આ રીતે પોતાની ખ્વાહિશ પૂરી કરવાને મલઊન કહેવામાં આવ્યું છે. માટે ટેસ્ટ ટયુબ પણ હદીષના ઉપરોક્ત હુકમમાં જ આવશે. રદુલ મુહતારમાં એ જ પ્રમાણે છે. *(ભાગ–૩, પેજ–૩૭૧, ૩૭૨)* **લખનાર** : (મુફતી) આલે મુસ્તફા મિસ્બાહી–ઘોસી

(હવાલો : જામે નૂર, ઓગસ્ટ–૨૦૦૫)

# બુઝુર્ગ હસ્તીની તા'ઝીમ બાબતે સાફ શરઈ ફેંસલો

# દસ્તબોસી-કદમબોસી જાઈઝ પણ સિજદો હરામ !

રજૂકર્તા : ખલીફાએ તાજુશ્શરીઅહ હઝરત મૌલાના મોહસિન મક્કી મિસ્બાહી-સેગવા
(નાયબ સદર મુદર્રિસીન દારુલ ઉલુમ ગુલશને અજમેર–ભરૂચ)

ઉલમાએ કિરામ, ઉસ્તાદો, મા બાપ તથા બુઝુર્ગોની કદમબોસી બેશક ! જાઈઝ બલ્કે સુન્નત અને ઘણી બધી હદીષોથી સાબિત છે પરંતુ અમુક લોકો એવું સમજે છે કે એ ફક્ત રસમ (રિવાજ) છે, ફિકહ તથા હદીષથી એનો કોઈ પુરાવો નથી.

ઘણી બધી હદીષો આ સંબંધે છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એ હુઝૂર ﷺ ના કદમ મુબારકનો બોસો ફર્માવ્યો અને આપે મનાઈ ન ફર્માવી. જેવું કે હદીષે "વફદે અબ્દે કૈસ"માં એની સમજૂતી મળે છે જેને ઈમામ બુખારીએ પોતાની કિતાબ "અલ અદબુલ મુફરદ"માં, ઈમામ અબૂ દાઊદે પોતાની "સુનન"માં, ઈમામ બૈહકીએ "સુનનુલ કુબ્રા"માં અને મિશ્કાત શરીફના લેખકે "મિશ્કાતુલ મસાબીહ"માં સહાબીએ રસૂલ હઝરત ઝારેઅ ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત કરી :–

فجعلنا نتبادر فنقبل يد رسول الله صلى الله تعالىٰ عليه وسلم و "رجله"

(જ્યારે અમારી નઝરો આપના ચેહરા મુબારક પર પડી) તો અમો ખિદમતે અકદસમાં પહોંચવા માટે જલ્દી કરવા લાગ્યા. પછી અમોએ ત્યાં પહોંચી હુઝૂર ﷺ ના મુબારક હાથ તથા મુબારક કદમને બોસો આપ્યો.

ઉસ્તાદો, ઉલ્મા તથા બુઝુર્ગોની કદમબોસીને હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ જાઈઝ કહે છે અને આ જ એમનો તરીકો હતો. એટલે જ આ જ "હદીષે વફદે અબ્દે કૈસ"ની સમજૂતી કરતાં પોતાની કિતાબ "અશ્અતુલ લમ્આત"માં ફર્માવે છે : અઝ ઈ જા તજવીઝે પાએ બોસી માલૂમ શુદ" એટલે કે "આ હદીષથી સાબિત થયું કે કદમબોસી જાઈઝ છે."

### કદમબોસીની ઈજાઝત અને સજદાથી મનાઈ

એ જ પ્રમાણે એક વખત એક સહાબીએ હુઝૂર ﷺની બારગાહમાં આવીને આપથી આપના સર તથા કદમ મુબારકને બોસો આપવાની ઈજાઝત માંગી તો હુઝૂર ﷺ એ તેની ઈજાઝત આપી, પરંતુ જ્યારે તેમણે તા'ઝીમી સિજદો કરવાની ઈચ્છા દર્શાવી તો આપે એમને સખ્તીથી મનાઈ ફર્માવી, અને ઈર્શાદ ફર્માવ્યું :–

**"જો હું કોઈને કોઈની સામે સજદો કરવાનો હુકમ આપત તો સ્ત્રીને હુકમ આપતો કે તે પોતાના પતિને સજદો કરે."** એટલે આ હદીષ તા'ઝીમી સજદાના હરામ હોવા અને કદમબોસીના જાઈઝ હોવા પર ખુલ્લી દલીલ છે.

આ હદીષને અબૂ નુઐમે "દલાઈલ"માં બઝ્ઝારે મુસ્નદ"માં અને ફકીહ અબુલ્લૈષ સમરકંદીએ "તંબીહુલ ગાફિલીન"માં હઝરત બુરીદહ ઈબ્ને અલ હસીબ رضی اللہ عنہ થી રિવાયત કરી અને હાકિમે પોતાની "મુસ્તદરક"માં હદીષને આ રીતે રિવાયત કરી :–

ان رجلاً أتى النبى صلى الله تعالىٰ عليه وسلم فقال : يا رسول الله ! علمنى شيئاً ازداد به يقيناً فقال : اذهب الى تلك الشجرة فادعوها فذهب اليها فقال : ان رسول الله صلى الله تعالىٰ اليه وسلم يدعوك فجاء ت حتى سلمت على النبى صلى الله تعالىٰ عليه وسلم ثم قال لها : ارجعى فرجت۔ قال ثم اذن له فقبل رأسه و رجليه۔

"એક શખ્સ હુઝૂર صلى الله عليه وسلمની બારગાહમાં આવ્યો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને કોઈક એવી વસ્તુ બતાવો જેથી મારા યકીનમાં વધારો થાય. ફર્માવ્યું, પેલા વૃક્ષ પાસે જાવ અને એને મારી પાસે બોલાવી લાવો ! પછી તે શખ્સ વૃક્ષ પાસે ગયો અને કહ્યું કે તને હુઝૂર صلى الله عليه وسلم બોલાવી રહ્યા છે ! તે વૃક્ષ આપની બારગાહમાં હાજર થયું. આપની બારગાહમાં સલામ પેશ કરી. પછી આપે ફર્માવ્યું, પાછુ ફરી જા ! તો તે હુકમ મુતાબિક ચાલ્યું ગયું. હદીષના રિવાયત કરનાર કહે છે કે પછી હુઝૂર صلى الله عليه وسلم એ તે શખ્સને ઈજાઝત આપી તો તેણે સર તથા કદમ મુબારકને બોસો આપ્યો.

## મુજતહિદ ઈમામોનું ઈમામે આ'ઝમની જાંગોને બોસો આપવું

મુજતહિદ ઈમામો, મુહદ્દિષો તથા ઈસ્લામી ફકીહોનો પણ એ તરીકો હતો કે તેઓ પોતાનાથી મોટા બુઝુર્ગોના હાથ, જાંગો તથા કદમોને બોસો આપતા હતા અને તે કાર્યને જાઈઝ જાણતા. આરિફ બિલ્લાહ ઈમામ અબ્દુલ વહહાબ શઅરાની પોતાની કિતાબ "મીઝાનુશ શરીઅતિલ કુબ્રા"માં હઝરત મુતીઅ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُના હવાલાથી સૈયદુના ઈમામ જાફર સાદિક, ઈમામ સુફયાન ષૌરી, ઈમામ મકાતિલ ઈબ્ને હય્યાન, હમ્માદ ઈબ્ને સલમા તથા અમુક બીજા ફકીહો, મુજતહિદો ઈમામોનુ જામેઅ મસ્જિદ કૂફામાં હઝરત સૈયદુના ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ થી થનારા મુનાઝરાનો આંખે દેખ્યો હેવાલ રજૂ કરતાં ફર્માવે છે : જ્યારે આ બધા ઈમામો હઝરત ઈમામે આ'ઝમના જવાબથી સંતોષી થઈ ગયા અને જવા માટે ઉભા થયા તો એ બધાઓએ નિયાઝમંદીનો સુબૂત આપતાં હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના સર મુબારક અને જાંગ મુબારકનો બોસો આપ્યો અને અર્ઝ કરી, "તમો તો ઉલ્માના સરદાર છો."

قبلوا ایدیه روکبتیه و قالواله "أنت سید العلما" الی آخر الکلام

**(અર્થ)** : "જો કદમબોસીનું કાર્ય શરીઅતની વિરૂધ્ધ હોત તો આવા મોટા મોટા ઈમામો જેમણે શરીઅતના કાનૂનોને સંપાદિત કર્યા તથા બનાવ્યા તો શું એવી ઉમ્મીદ કરવામાં આવે કે તેઓ શરીઅત વિરૂધ્ધ કાર્યને જાઈઝ જાણતા હતા ?"

## કદમબોસી વિશે શૈખ અબ્દુલ હક્ક દહેલ્વીનો મઝહબ

હદીષે વફદે અબ્દે કૈસની સમજૂતીમાં હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُનો મસ્લક તથા મઝહબ સ્પષ્ટ થઈ ચૂક્યો કે આપ બુઝુર્ગોની કદમ બોસીને જાઈઝ જાણે છે. આવી જ રીતે "અખ્બારુલ અખ્યાર"ની તે રિવાયતથી પણ આપના મંતવ્યની વધારે મજબૂતી મળે છે જેમાં આપ આરિફ બિલ્લાહ "શૈખ અહમદ શબાકી"ના હાલાતમાં લખે છે કે શૈખ અહમદની બારગાહમાં આવીને કોઈ એવું બયાન કરતો કે મેં ખ્વાબમાં હુઝૂર صلى الله عليه وسلمની ઝિયારત કરી છે તો આપ બાઅદબ બેસી એનાથી ખ્વાબની પૂરી હાલત સાંભળતા અને એની તા'ઝીમ તથા એહતેરામ કરતા તથા એના હાથ પગ તથા આસ્તીનોને બોસો આપી પોતાની આંખોથી લગાડતા. *(અખ્બારુલ અખ્યાર, પેજ-૧૮૫)*

અખ્બારુલ અખ્યારની રિવાયત આ પ્રમાણે છે :-

''જો કોઈ શખ્સ શૈખ અહમદની બારગાહમાં આવી કહેતો કે મેં હુઝૂર ﷺને ખ્વાબમાં જોયા છે તો આપ એની સામે બાઅદબ બેસી જતા અને ખ્વાબનો પૂરો વાક્યો સાંભળતા અને પેલા શખ્સના હાથ પગને બોસો આપતો પછી તેના દામન તથા આસ્તીનોને પોતાના ચેહરા ઉપર લગાડતા.''

## કદમબોસી હનફી ફિકહની રોશનીમાં

હુઝૂર ﷺના જમાનાથી સહાબાએ કિરામ, ત્યારબાદ તાબેઈને ઈઝામ, મુજતહીદ ઈમામો વગેરેનો એ મસ્લક હતો કે, ''બુઝુર્ગોની કદમબોસી જાઈઝ છે.'' અને એ એમનો તરીકો પણ હતો. આ જ કારણે હનફી ફકીહોએ ફિક્હી મસ્અલાઓમાં આ મસ્અલાને સ્પષ્ટથી બયાન ફર્માવ્યો અને એને જાઈઝ ફર્માવ્યો. જેવું કે હઝરત અલ્લામા અલાઉદ્દીન હસ્કફી હનફી ''દુર્રે મુખ્તાર''માં લખે છે :–

طلب من عالم أوزاهد أن يدفع أليه قدمه و يمكنه من قدمه ليقبله ”أجابه“

''કોઈ શખ્સ કોઈ આલિમ તથા ઝાહિદથી એવી ખ્વાહિશ જાહેર કરે કે તે (આલિમ અથવા ઝાહિદ) પોતાનો કદમ એના તરફ લાંબો કરે જેથી તે કદમને બોસો આપે તો તે (આલિમ અથવા ઝાહિદ) પેલા અકીદતમંદની દરખાસ્તને કબૂલ કરે.''

આ કદમબોસીના જાઈઝ હોવા પર દલીલ આપતાં હઝરત અલ્લામા ઈબ્ને આબેદીન શામી હનફી ''રદ્દુલ મુહતાર''માં લખે છે :–

لما أخرجه الحاكم أن رجلا أتى النبى صلى الله تعالىٰ عليه وسلم فأذن له ”فقبل رجليه“

એની દલીલ તે હદીષ છે જેની તખ્રીજ હાકિમે કરી છે કે એક શખ્સ હુઝૂર ﷺની બારગાહમાં આવ્યો અને આપથી કદમ બોસીની ઈજાઝત માંગી તો આપે એની ઈજાઝત આપી. તેણે આપના કદમ મુબારકને બોસો આપ્યો.

હદીષો, અફઆલે સહાબા તથા ઈમામોના અમલો અને ફકીહોના કથનોથી સ્પષ્ટ થયું કે શરીઅતમાં કદમબોસી એક જાઈઝ અને મુસ્તહસન કાર્ય છે જેના પર હમેશાંથી બુઝુર્ગોનો અમલ રહ્યો છે એટલે કોઈ નિયાઝમંદ જો કોઈ એવા શખ્સની કદમબોસી કરે જે એનો અહલ (લાયક) હોય તો તેનો ઈન્કાર કરવામાં આવશે નહીં. **પરંતુ ખરાબી ત્યાંથી ચાલુ થાય છે જ્યારે હાથબોસી અથવા કદમબોસીનો આમ રિવાજ બની જાય અને આદમી તેની તમન્ના કરવા લાગે કે મારી પણ હાથબોસી અથવા કદમબોસી કરવામાં આવે ! અને જો કોઈ ન કરે તો તેનાથી નારાજ થઈ જાય ! અને જો કોઈ અકીદત વિના ફક્ત પોતાનો મતલબ કાઢવા અથવા લોકોને દેખાડવા હાથબોસી કે કદમબોસી કરે તો એને સાચો અકીદતમંદ ગણવામાં આવે !**

એક એ કે ઈન્સાન પોતાના મન્સબ તથા મકામ તથા મર્તબા પર ઘમંડી ન બને બલ્કે પોતાના છુપા ઐબો અને ગૃપ્ત કમજોરીઓ પર નજર રાખે અને અલ્લાહ તઆલાની સત્તારી તથા વાકેફ લોકોની પર્દાપોશીથી ગલત ફાયદો હાંસલ કરવાના ચક્કરમાં ન પડે.

હાથબોસી કે કદમબોસી ફક્ત દેખાવ ન હોય અને ન એવા શખ્સની કરવામાં આવે જે તેનો અહલ (લાયક) ન હોય.

સારાંશ એ કે કદમબોસી જાઈઝ છે પરંતુ જાઈઝ વસ્તુ જાઈઝ ત્યાં સુધી રહે છે જ્યારે તેને એની હદમાં રહીને કરવામાં આવે. *(અશ્રફિયા ઉર્દૂ મંથલી મુબારકપુર, ડિસેમ્બર–૦૫ના આધારે)*

# શું આ ત્રાસવાદ નથી ?!

## ડેન્માર્ક તથા પશ્ચિમી અખ્બારો થકી નબી કરીમ ﷺની તૌહીન !

-કાર્યાલય

# વિ□ભરમાં મુસ્લિમોના વિરોધ સામે યૂરોપ અમેરિકાનું ખંધુ વલણ !

જેઓ વિ□માં યૂરોપ અમેરિકાની ઈસ્લામ તથા મુસ્લિમ વિરોધી પ્રવૃત્તિઓ ઉપર સતત નજર રાખી રહ્યા છે તેમને ખબર છે કે ઈસ્લામના ઉદયથી લઈને અત્યાર સુધી યહૂદ તથા ઈસાઈ ઈસ્લામ તથા મુસલમાનો સાથે વિવિધ પ્રકારે જંગો છેડતા આવ્યા છે. આગલા વર્ષોમાં ઈમાની મજબૂતી તથા મુસલમાનોના સંગઠનને કારણે મેદાનના જંગમાં ન ફાવતાં વૈચારિક તથા સાંસ્કૃતિક ખરાબી ફેલાવવાના ક્ષેત્રે ભરપુર કોશિશો તેઓ સતત કરતા રહ્યા અને અરબસ્તાનમાં તુર્કી હુકૂમતને વેરણ છેરણ કરીને મુસ્લિમોમાં વિભાજન ઉભુ કરી સુપર પાવર ઉષ્માની હુકૂમતનો ખાત્મો બોલાવ્યો. ત્યારબાદ પણ સમગ્ર મુસ્લિમ સત્તાઓને પોતાની ગુલામ બનાવવાની પ્રવૃત્તિઓ ચાલતી રહી અને તેમાં ઘણે ખરે અંશે તેઓ કામયાબ પણ થઈ ગયા છે. સત્તાની લાલચમાં કહેવાતા ગદ્દાર મુસ્લિમો તેમના પડખે બેઠા અને સત્તા મેળવી તેમના ગુલામ તરીકે નામ માત્રનું રાજ કરી રહ્યા છે, જેમ કે કુવૈત તથા સઊદી વગેરે અરબ રાજાઓ.

ત્યારબાદ અમેરિકાએ વિ□ભરમાં મુસ્લિમ દેશો પર પોતાનું પ્રભુત્વ જમાવવા તથા તેલના ભંડારો પચાવી પાડવા તેમની ગુલામી ન સ્વીકારનાર દેશો જેમ કે અફઘાનિસ્તાન, ઈરાક તથા ઈરાન બાકી હતા તેમને પસ્ત કરવા કાવત્રાં રચ્યાં, તેમાંથી જગતની આંખોએ જોઈ લીધું કે આતંકવાદનું નામ લઈને ખૂદ આતંકવાદ ફેલાવી હજારો લોકોની લાશોના ઢગ ખડા કરીને અફઘાન તથા ઈરાકનો ખાત્મો બોલાવી દીધો. હિટલરના કહેવાતા માનવસંહારને તપી જાય એવી ક્રુરતાપૂર્વક સતત માનવસંહાર આંતરરાષ્ટ્રિય ત્રાસવાદી બુશ તથા તેના સાથી દેશોએ કર્યો તથા કરી રહ્યા છે ! હવે ઈરાનમાં કાંઈક હુંફ તથા દમ બાકી જણાય છે તો તેને પણ ટાઢુ પાડવા પેંતરા રચાઈ રહ્યા છે. અમેરિકાની હરામની ઔલાદ સમુ ઈઝરાઈલ નાજાઈઝ રીતે પેલેસ્ટાઈનની ભૂમીનો કબ્જો કરીને અણુ સત્તા બની જાય તો કાંઈ વાંધો નહીં ! પણ ઈરાન જો એ ક્ષેત્રે કદમ વધારે તો અમેરિકાના પેટમાં તેલ રેડાય ! અણુ બોમ્બ અને શસ્ત્રોનો માનવસંહાર માટે ઉપયોગ થશે અને વિ□માં ઈરાન ત્રાસવાદ ફેલાવશે એવો હાઉ ઉભો કરીને તેને ખતમ કરવાના પેંતરા થઈ રહ્યા છે અને વરસોથી અમેરિકા તથા યૂરોપના ત્રાસવાદી દેશો અસંખ્ય માનવોનો સંહાર એ જ શસ્ત્રો વડે સતત કરી રહ્યા છે તેને કોઈ પૂછનાર નથી !

એટલાથી હજી નથી ધરાયા, રોજ લાશોના ઢગલા કરીને સંતોષ નથી થતો તો વિવિધ તુક્કાઓ વડે વિ□ના દરેક મુસ્લિમના દિલને બેચૈન કરવા તથા તેમની માનસિક તથા આધ્યામિક શાંતિને હણવા માટે અવનવા હુમ્લા ઈસ્લામ પર કે ઈસ્લામના મહાન પૈગંબર પર કરી રહ્યા છે. વર્તમાન સમયે ડેન્માર્કના નાપાક દિમાગોએ હુઝૂર ﷺથી સંબંધિત કરીને સપ્ટે–૦૫માં વર્તમાન પત્રોમાં કાર્ટૂનો છાપ્યાં. તેનો વિરોધ સ્વભાવિકપણે મુસ્લિમ દેશોમાં થયો. તો વાણી સ્વાતંત્ર્યના નામે ફરીથી

યૂરોપના અખ્બારોએ જાન્યુઆરી–૦૬માં એને ફરીથી છાપીને જગભરના મુસલમાનોને બેચૈન બનાવી દીધા અને જગતભરના દેશોમાં, હિંદુસ્તાનમાં વિવિધ રાજયો તેમજ ગુજરાતના વિવિધ શહેરોમાં પણ એની રેલીઓ કાઢીને વિરોધ દર્શાવવામાં આવ્યો તથા દર્શાવાઈ રહ્યો છે.

સલ્માન રૂશ્દી જેવા બદ્‌બખ્ત નાપાક કલમકાર તથા તસ્લીમા નસ્રીન જેવી કુકર્મી નાપાક ઔરતના મનહૂસ હાથો વડે ઈસ્લામના પૈગંબર તથા કુર્આન વિરૂધ્ધ લખાણો લખાવીને તેને વાણી સ્વાતંત્ર્યમાં ખપાવવાની એ જ પશ્ચિમી દેશોએ ઉચ્ચારણા કરી હતી અને ઈસ્લામ વિરૂધ્ધ લખનાર બોલનારને સંપૂર્ણ સાથ સહકાર તથા રક્ષણ એઓ જ પૂરું પાડતા રહ્યા છે. મૂળભૂત રીતે આ તેમનું કાવતરૂ છે કે મુસ્લિમો ચૈનનો □ાસ ન લઈ શકે એ જ ઉદ્દેશથી આ હાલનું પ્રકરણ પણ ઉપસ્થિત કરવામાં આવ્યું છે.

જેથી જયારે સમગ્ર જગતના મુસ્લિમોનો વિરોધ છે અને નિષ્પક્ષ વિધર્મીઓ પણ એ કૃત્યની ટીકા કરી રહ્યા છે તો **શું આ ત્રાસવાદ નથી કે વિ□ભરમાં બેચૈની ફેલાઈ જાય ?!** જેથી ઈન્સાફ તો એમાં જ છે કે એવાં કામો કરનારાઓની ધરપકડ કરીને તેમના પર કાયદેસર કાર્યવાહી કરી સજાઓ કરવી જોઈએ. તેને બદલે એ દેશોમાં કોઈ એવી કાર્યવાહી જોવા મળતી નથી બલ્કે ખૂદ યુનોના મહાસચિવ કોફી અન્નાને જગતભરમાં અશાંતિ ઉભી કરનાર બદ્‌બખ્ત કાર્ટૂનિસ્ટોના વિશે કોઈ શબ્દ ન ઉચ્ચાર્યો પણ કહ્યું કે કાર્ટૂન વિરોધી દેખાવકારોએ ડેન્માર્કની એલચી કચેરીઓને નુકસાન પહોંચાડયું છે તેને જે તે દેશો ભરપાઈ કરે ! એ સૂચવે છે કે આ સુવ્યવસ્થિત કાવતરૂ તેમના ઈસ્લામ વિરોધી એજન્ડાની એક કડી જ છે, કોઈ આકસ્મિક બનાવ નથી. મૌલા તઆલા ઈસ્લામ તથા મુસ્લિમોની હિફાઝત ફર્માવે.

## શરીઅત વિરૂધ્ધની ગલત માન્યતાઓને છોડો !

### ★ કોઈ તારીખ કે દિવસ મનહૂસ નથી જ ! ★

**મસ્અલા :** સફર મહિનાને લોકો મનહૂસ સમજે છે. એમાં શાદી, વિવાહ નથી કરતા. છોકરીઓને વળાવતા નથી અને આવા ઘણા પ્રકારનાં કામોથી પરહેઝ કરે છે અને મુસાફરી કરવાથી પાછા પડે છે. ખાસ કરીને સફર મહિનાની શરૂઆતની ૧૩ તારીખોને વધારે પડતી નહૂસત માનવામાં આવે છે અને એને તેરહ તેજી (૧૩ તેજી) કહે છે. આ બધી જહાલતની વાતો છે. હદીષમાં ફર્માવ્યું છે કે સફર કોઈ ચીજ નથી અર્થાત લોકોએ એને (સફર માસને) મનહૂસ સમજવો ગલત છે. એ રીતે ઝી કઅ્દાના મહિનાને પણ લોકો ખરાબ સમજે છે અને એને ખાલી મહિનો કહે છે. એ પણ ખોટું છે અને દર મહીનાની ૩, ૧૩, ૨૩, ૮, ૧૮, ૨૮ને મનહૂસ સમજે છે એ પણ (ખોટી વાતો) જૂઠુ છે. *(બહાર)*

### ★ કમર દર અકબરવાળી માન્યતા ગલત છે ★

**મસ્અલા :** કમર દર અકરબ એટલે કે ચંદ્ર જ્યારે બુરજે અકરબ (વિછુડો રાશી)માં હોય છે ત્યારે સફર કરવાને બુરું સમજે છે અને જ્યોતિષીઓ એને મનહૂસ કહે છે અને જયારે બુરજ અસદ (સિંહ રાશી)માં હોય છે ત્યારે કપડું વેતરાવવા અને સીવડાવવાનું બુરું સમજે છે. આવી વાતોને કદી પણ માનવી ન જોઈએ. આવી વાતો શરીઅતની ખિલાફ અને જ્યોતિષોના ધોકાઓ છે.

*–(બહારે શરીઅત, કાનૂને શરીઅત તથા ફિકહની આમ કિતાબો)*

ઇસ્લામ વિરુધ્ધ આટલા પ્રોપેગન્ડા છતાં આવું શાથી ?!

# ૧૪ હજાર બ્રિટિશરો ઈસ્લામના દામનમાં !

રજૂકર્તા : **મૌલાના શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી**

પશ્ચિમી રીત રિવાજથી તંગ આવીને ૧૪૦૦૦થી પણ અધિક બ્રિટિશરોએ ઈસ્લામ કબૂલ કરી લીધો છે અને તેઓ સખત પાબંદી સાથે મસ્જિદો તથા મદ્રસાઓમાં હાજરી આપી રહ્યા છે. મુસલમાન થવાવાળાઓમાં મોટા મોટા જમીનદાર, **B.B.C.** ડાયરેક્ટર જનરલનો પુત્ર, ભૂતપૂર્વ વડા પ્રધાનની પૌત્રી, એસ્ટાબ્લિશમેન્ટની સિનિયર હસ્તીઓની ઔલાદનો પણ ઉપરોક્ત ગણતરીમાં સમાવેશ થાય છે. સાથોસાથ અસંખ્ય એવા લોકો જોવા મળે છે જે એવા મઝહબની શોધમાં છે જે આજની મોડર્ન તથા આધુનિક દુનિયા સાથે હદથી વધુ સંબંધ ન ધરાવતો હોય.

સ્પષ્ટ છે કે તેમના માટે પણ કાયમી નજાત અને રક્ષણ માત્ર ઈસ્લામમાં જ છે, આ સિવાય તેમને ક્યાંયે જીવનની રાહત નહીં મળી શકે. ઈંગ્લેન્ડના મુસ્લિમ ઉલમા તથા લીડરો આ વાતનું સ્પષ્ટીકરણ કરી રહ્યા છે કે બ્રિટિશ સમાજના ઉચ્ચ લોકોના ઈસ્લામ કબૂલ કરવાના કારણે મુસ્લિમ સમાજને રક્ષણમાં સીધે સીધી મદદ મળશે.

કહેવાતા આતંકવાદના અને રૂઢિચુસ્તતાના કારણે એની બદનામી થઈ રહી છે. ઈમામો અને મસ્જિદ કાઉન્સિલના પ્રમુખ ડોટકર ઝકીનું કહેવું છે કે અત્યાર સુધી મુસ્લિમ સમાજને નાઈન્સાફીનો શિકાર થવું પડયું છે અને આવા કઠીન સમયમાં આ પ્રકારના ફેરફારથી ઈંગ્લેન્ડ તથા અમેરિકામાં વસતા મુસલમાનોને પ્રોત્સાહન મળશે. **B.B.C.**ના લંડનના ભૂતપૂર્વ ડાયરેક્ટર લોર્ડ બર્ટના પુત્ર યહ્યા (જૂનુ નામ જોન્શન બર્ટ)ના નવા સંશોધનના કારણે ઈસાઈઓના મુસ્લિમ થવાથી ઉપરોક્ત ખયાલો તથા જાણકારી પ્રથમવાર સ્પષ્ટપણે સામે આવી છે. તેમણે પૂર્વ ગણતરીના ઉલ્લેખની છાનબીન કરી પરિણામ કાઢયું કે અત્રે **ઈંગ્લેન્ડમાં ૧૪૨૦૦ ગોરા મુસ્લિમ** છે. હાલમાં અમુક દિવસો અગાઉ જ પોતાના અકીદાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે ઈંગ્લેન્ડમાં અધિક પ્રમાણમાં ગોરાઓને મુસલમાન બનાવવા માટે અહીં પણ અમેરિકા જેમ મેલકમ એક્સની જેમ કોઈ શખ્સિયત ઉભરે. યહ્યા બર્ટ જેઓ અત્યારે ઓક્સફોર્ડ યુનિ.માં નવજવાન અંગ્રેજ મુસ્લિમોના વિષય પર ડોક્ટરેટ કરી રહ્યા છે, તેમણે પોતાના એક નિવેદનમાં કહ્યું કે બહારની કોઈ પણ વસ્તુને સ્થાનિક બનાવવા માટે કોઈ મોટી શખ્સિયતની જરૂર હોય છે, ઈસ્લામથી સંગઠિત ચળવળોએ હાલમાં ઈસ્લામનો ખયાલ જે રજૂ કર્યો છે તે ખૂબ આકર્ષક નથી. શરૂઆતમાં મારા મુસલમાન થવાના કોઈ ખાસ કારણો ન હતાં પરંતુ ધીમે ધીમે સામાન્ય રીતે મુસલમાનોની રહેણીકરણી અને રૂહાનિયતે મને ઈસ્લામનો દીવાનો કરી દીધો. હવે મારી ઓળખ માત્ર અને માત્ર ઈસ્લામ તથા પૈગંબરે ઈસ્લામની ગુલામી છે.

ભૂતપૂર્વ બ્રિટિશ વડાપ્રધાન હરબર્ટ એસ્કોટેઠની પપૌત્રી અયમા કલાર્ક પણ મુસલમાન થઈ ગઈ છે. મિસીઝ કલાર્ક જેની પ્રિન્સ ઓફ વેલ્સના માટે બાયગ્રોમાં ઈસ્લામી ઢબનો બગીચો બનાવવામાં મદદ લીધી હતી હવે તેઓ લંડનના શહેર વેકિંગ સરે ઈલાકામાં પણ એક અઝીમુશ્શાન મસ્જિદ માટે આ પ્રકારનો બગીચો બનાવી રહી છે.

તેણીનું કહેવું છે કે મારું ઈસ્લામ કબૂલ કરવું ઈન્શાઅલ્લાહ ! કોઈ હાલની ફેશન સાબિત નહીં થાય ! આ મારો કોઈ જઝબાતી ફેંસલો નથી. ઈસ્લામ લાવતા પહેલાં મેં તેનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે હું તેની રૂહ (આત્મા) તથા હકીકતોથી માહિતગાર છું.

લંડનનું પ્રખ્યાત વર્તમાન પત્ર "સન્ડે ટાઈમ્સ" (**Sunday Times**) લખે છે કે ઘણાયે નવ મુસ્લિમ બ્રિટિશરો વિદેશ મંત્રાલયના રાજદૂત ચાર્લસ ડલી ગાટી ઈટનના લખાણોથી મુસ્લિમ થયા છે જેમણે ઈસ્લામ એન્ડ ધ ડેસ્ટિની ઓફ મેન (**Islam and the destiny of man**) નામનુ પુસ્તક લખ્યું છે. મિસ્ટર ચાર્લસે કહ્યું કે, મને અસંખ્ય લોકોના કાગળો આવ્યા છે જેઓ ઈસાઈયતની કમજોર કક્ષા અને સમજી ન શકાય તેવા લેખનોથી તંગ આવી ચૂકેલા અને તેઓ એવા મઝહબ તથા હમસફરની શોધમાં છે જે મોર્ડન જગતના નિરર્થક અભ્યાસ પાછળ ગુમ ન થઈ જાય, જે પ્રકૃતિ વિરૂધ્ધ ન હોય, બલ્કે ફિતરતને સાથે લઈને ચાલે અને તેની સાબિતીમાં એવી દલીલો આપે જેના પરિણામે ઈન્સાની ચિંતનો તથા ખયાલો એક નવા દૌરમાં દાખલ થાય. અને આ માત્ર ઈસ્લામનો જ કમાલ છે કે તે માણસને ફિતરી (પ્રાકૃતિક) તકાઝા સાથે સાંકળી રાખે છે.

બ્રિટિશ **T.V.**ની ખાતૂન ક્રિસ્ટિયાન બેકર જે અમુક મહિના અગાઉ મુસલમાન થઈ છે, જ્યારે કે તેણી અગાઉ કેટલાયે વરસોથી ઈસ્લામી તા'લીમાત અને **Civilisation** (સંસ્કૃતિ)થી ખૂબ જ પ્રભાવિત રહી છે. સૂફિયાએ કિરામના જીવન ચરીત્ર તેણીના વાંચનનો વિષય છે. ખાસ કરીને ઈમામે ગિઝાલી رحمۃ اللہ علیہની કિતાબોએ તેણીના દિલો દિમાગના મુખ્ય માર્ગો પર ઊંડી અસરો છોડી છે. તેણીનું કહેવું છે કે પશ્ચિમના અમુક ભાગોમાં મુસલમાનોના વિરોધનું કારણ સમજવાથી હતુ હું અસમર્થ છું ! સ્પેનના મુસ્લિમ તત્વચિંતકોએ આખા પશ્ચિમને તત્વચિંતન, ડોકટરી, મેથ્સ અને ભૌગોલિક સાહિત્યની ઓળખ આપી છે. હાલનું યૂરોપ તેમની જ અપર્ણ છે જેમના કારણે જ ઈલ્મના ઘણાયે નવા રસ્તા આપણે શોધી કાઢયા છે. તેણીએ એ વાતની પણ સ્પષ્ટતા કરી કે હું નજીકના ભવિષ્યમાં સ્ત્રીઓ માટે તબ્લીગી મિશનનું કામ કરવાની ઈચ્છા ધરાવું છું જેના માટે પ્રિન્ટ અને ઈલેક્ટ્રીક મિડીયાનો સહી ઉપયોગ પૈગામો મોકલવામાં અસરકારક રોલ અદા કરી શકે છે. બ્રિટિશ રાણી ક્વીન એલિઝાબેથે પણ પોતાના શાહી મહેલમાં જુમ્આની નમાઝની રજા આપી દીધી છે. શાહી મહેલની આ અણધાર્યી તબ્દીલી પાછળ **Prince Charles**નો ઈખ્લાસ જણાય રહ્યો છે. પ્રિન્સ ચાર્લસે વિવિધ ઈસ્લામી કોન્ફેન્સોમાં ઈસ્લામથી પોતાની દિલચસ્પીનો ઈઝહાર કર્યો છે. તેમણે કુર્આને પાકના વાંચનથી એ વસ્તુનો સ્વીકાર કર્યો છે કે આ કિતાબમાં કાઈનાતની બધા જ હકીકતો તથા ઓળખો મૌજૂદ છે.

આપણા માટે એક વાત નોંધપાત્ર એ છે કે **પશ્ચિમમાં ઈસ્લામ કબૂલ કરવાવાળાઓની અધિક સંખ્યા તે લોકોની છે જે જ્ઞાની તથા તીવ્ર બુદ્ધિશાળી છે, જેઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાં મહત્વની ખિદમત આપવાના કારણે પ્રખ્યાત અને જાણીતા છે.** આ તે લોકો છે જેમણે સંપૂર્ણ **ઈસ્લામનો અભ્યાસ કર્યો પછી કોઈ પણ બાહ્ય દબાણ વિના પોતે પોતાના અંતર અને રૂહ(આત્મા)ની અવાજ પર લબ્બૈક કહી ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ ગયા.** આ જ કારણે તેમનો ઈસ્લામ આપણા કરતાં વધુ સશક્ત તથા મજૂબત છે. ઈસ્લામી દા'વત તથા અઝમત પર જે ઈખ્લાસ તથા નિઃસ્વાર્થતા સાથે તેઓ પોતાના ધાર્મિક સફરને આગળ ધપાવી રહ્યા છે તેનો આપણે ખયાલ પણ નથી કરી શક્તા.

અફઘાનિસ્તાનના વિશાળ જંગલોમાં અમેરિકીઓ વિરૂધ્ધ લડવાવાળા એવા અસંખ્ય પશ્ચિમી નવ મુસ્લિમ મળશે જેમના ઈરાદા તથા ઈસ્તેકામત (અડગતા) અને દીને ઈસ્લામના રક્ષણમાં તેમની કુર્બાનીઓ જોઈ ભૂતકાળની યાદો જીવીત થઈ જાય છે :–

પાસબાં મિલ ગયે કા'બે કો સનમખાને સે

પ્રખ્યાત લેખક મઝહરૂદ્દીન સિદ્દીકીના કથન અનુસાર કે તેઓ લખે છે કે ઈસ્લામ માણસની ધાર્મિક બુલંદીનો ફેંસલો કરનાર મંઝિલ હતી જેણે દરેક ધર્મની હકીકતોને એકઠી કરી પોતાની વેહદાનિયત (એકલા)માં સમાવી લીધી, માટે દરેક ધર્મમાં જે કાંઈ સચ્ચાઈ છે તે ઈસ્લામમાં છે. બલ્કે ઈસ્લામે એમાં ઘણો બધો વધારો કર્યો એના આધારે એ માણસો માટે સૌથી વધુ તરક્કી પામેલ ધર્મ છે. આ જ કારણે પ્રગતિશીલ દેશોમાં ઈસ્લામ ખૂબ જ પ્રગતિ કરી રહ્યો છે. ઓરિઅન્ટલિસ્ટો (ઈસ્લામના વિરોધી પશ્ચિમી ટીકાકારો)ના આરોપો છતાં ઈસ્લામી ખયાલો તથા ઈસ્લામી વિચારધારાને પૂર્વ સદીઓથી પણ અધિક જબરદસ્ત તથા યકીન ન કરી શકાય એવી કામયાબી મળી છે. અને હવે જ્યારે પશ્ચિમથી સીધી રીતે ઈસ્લામ વિરૂધ્ધ ચળવળો ચાલી છે, કાયદેસર રીતે ત્યાંની પાર્લામેન્ટમાં ઈસ્લામ વિરૂધ્ધ પોલીસી તથા એજન્ડા બનાવવામાં આવી રહ્યા છે તો પણ ઈસ્લામ અંગીકાર કરનારાઓની અધિક સંખ્યા પશ્ચિમી દેશોમાં ખૂબ જોવા મળે છે.

એનું કારણ એ છે કે **ઈસ્લામ માણસને (ઈન્સાનને) એક આલમગીર સમાજનો ભાગ ગણે છે, જે રંગ રૂપ તથા વંશ કે ઊંચ નીચના જાતિભેદથી ઉચ્ચતર તથા પાક છે.** ઈસ્લામે માણસને અજ્ઞાનતા, ખોટા રીત રિવાજોથી કાઢી સ્પષ્ટતાના વિશાળ માર્ગોએ લાવી ઉભો કરી દીધો જ્યાંથી તેને રૂહાની આનંદ અને ઉજ્જવળ આખેરત હર પળે મળી જાય છે. ઈસ્લામે પોતાના નફ્સના હિસાબ માટે દરેક માણસને બરાબરનો હક્ક આપ્યો છે. માણસ પોતાના કામ તથા મહેનતમાં બીજાનો હાથો તથા ચમચો નથી બલ્કે તે પોતે પોતાના કામો માટે જવાબદાર છે. વર્તમાનકાળમાં દરેક પ્રકારના વિરોધના હોવા છતાં યૂરોપમાં ઈસ્લામ કબૂલ કરવાવાળાઓને ઈસ્લામના આ જીવનબંધારણથી મોટી મદદ મળી રહી છે જે બંધારણે દરેક સમયમાં દરેક રીતે ઈન્સાની અધિકારોની હિફાઝત તથા રક્ષણ કર્યું છે.

*(હવાલો : માહનામા જામિઆ–રોનાહી, ડિસે.૦૫–જાન્યુ. ૦૬માંથી સાભાર)*

## શું આપ જાણો છો ?!

હઝરત શૈખ અલી મુત્તકી رحمۃ اللہ علیہ જેઓ મક્કા મુકર્રમામાં હદીષનો દર્સ આપતા હતા જ્યારે દર્સમાં આ હદીષ આવી કે **અલ્લાહ તઆલા દર સો વરસમાં એક મુજદ્દિદ પૈદા કરે છે** જે તે સદીના દીનને ગલત અકીદાઓ તથા ખોટી રસ્મોથી પાક કરે છે. કોઈક તાલિબે ઈલ્મે સવાલ કર્યો કે **હુઝૂર ! અત્યારે આ સઆદત કોને હાંસલ છે ?** આપે ફર્માવ્યું કે આનો જવાબ આવતી કાલે મળશે. આપ રાતમાં તહજ્જુદ પઢી હુઝૂર ﷺની બારગાહમાં આ સવાલે પેશ કરે છે. બારગાહે નબવીથી જવાબ મળે છે કે **અત્યારે આ ખૂબી વજીહુદ્દીનમાં છે.** સુબ્હાનલ્લાહ ! બશારત સાંભળતાં જ હઝરત શૈખ અલીના દિલમાં હઝરત શાહ વજીહુદ્દીનની મુલાકાતનો શોખ પૈદા થાય છે. આપ હિંદુસ્તાન તશરીફ લાવે છે, આપની મુલાકાત કરે છે પણ વાતચીત પહેલાં જ શાહ વજીહુદ્દીન عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે : હે શૈખ અલી ! આ એક ભેદ છે એને તમારી પાસે જ રાખશો !"

*–મૌલાના મોહસિન હવેલીવાલા*

# ઈઝરાઈલની જેલોમાં થતા જુલ્મ અબૂ ગરીબથી બે હાથ આગળ !

**રજૂકર્તા :** મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી

૩૦૦ બાળકો, ૪૦૦ સ્ત્રીઓ અને ૮૮૦૦ પેલેસ્ટાઈની નજવાન હાલ ઈઝરાઈલી જેલોમાં સડી રહ્યા છે.

હજારો પેલેસ્ટાઈનીઓની ચીસો સાંભળવાથી દુનિયા વંચિત છે કારણ કે દુનિયાભરમાં બગદાદની અબૂ ગરીબ જેલ સ્કેન્ડલના ધમાકા હજુ સુધી ગુંજી રહ્યા છે જેનો અવાજ અત્રે પણ સાંભળી શકાય છે. પણ એક સચ્ચાઈ એ પણ છે કે ઈઝરાઈલની જેલોમાં બંધ હજારો પેલેસ્ટાઈનીઓની આઝાદીની આશા સમયના વહેણ સાથે દમ તોડી રહી છે જેઓને એ પણ ખબર નથી કે કયા કારણે તેમને જેલમાં રાખવામાં આવ્યા છે ! અને કઈ ભૂલની સજા મળી રહી છે ?!

અસલમાં અબૂ ગરીબ જેલની તસ્વીરોએ અમેરિકાના કદરૂપા ચહેરાને દુનિયા સમક્ષ ઉઘાડો કરી દીધો, પણ હજુ ઈઝરાઈલી જેલની કહાનીઓ પ્રકાશમાં નથી આવી શકી. જ્યારે કે આ એક સત્ય હકીકત છે કે ઈઝરાઈલની દરેક જેલ અબૂ ગરીબ જેલથી બે હાથ આગળ છે, ઈન્સાનિયતને હચમચાવી દે અને વર્ણન ન કરી શકાય તેવી કહાનીઓની મોટી એવી લાયબ્રેરી છે જેને વાંચી તથા સાંભળી પથ્થર દિલ પણ નરમ પડી જાય. અબૂ ગરીબ જેલમાં અમેરિકી સૈનિકોએ જે કાંઈ પણ કર્યું તેનાથીય અધિક જુલ્મ ઈઝરાઈલી જેલોમાં થઈ રહ્યા છે. અને ઈન્ટેલિજન્સ રિપોર્ટ તો એ પ્રમાણે છે કે અબૂ ગરીબમાં ટોર્ચર કરવા માટે અમેરિકી લશ્કરે ઈઝરાઈલી એજન્ટોને ભાડેથી રાખ્યા હતા. ઉપરોક્ત રિપોર્ટને જોતાં માલૂમ થાય છે કે અમેરિકાએ ઈરાકી જેલોમાં ઈઝરાઈલી એજન્ટોનો ઉપયોગ કર્યો છે.

પેલેસ્ટાઈની ઓથોરીટીના તાજા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આરબ ઈઝરાઈલ ટકરાવના ૧૯૬૭ની શરૂઆતથી અત્યાર સુધીના સમય દરમ્યાન ઈઝરાઈલી ફૌજે **સાડા ચાર લાખ પેલેસ્ટાઈનીઓને ગિરફતાર કર્યા** છે જે પેલેસ્ટાઈની વસ્તીનો પાંચમો ભાગ છે જ્યારે કે **હાલમાં ૮૮૦૦ પેલેસ્ટાઈનીઓ ઈઝરાઈલી જેલોમાં બંધ છે.** આ વરસે ફેબ્રુઆરીથી અત્યાર સુધી ૨૫૦૦ પેલેસ્ટાઈનીઓને પકડવામાં આવ્યા છે. એક રિપોર્ટ મુજબ ૧૮૧ કેદીઓએ કસ્ટડીમાં દમ તોડયો છે જેમના પર સખત રીતે અત્યાચાર કરવામાં આવ્યો હતો. વર્તમાન ન્યૂઝ એજન્સીઓના રિપોર્ટ મુજબ ઈ.સ. ૨૦૦૧માં ઈઝરાઈલી ફૌજે ૩૫૦૦૦ પેલેસ્ટાઈનીઓને ગિરફતાર કર્યા છે જેમાં ત્રણ હજાર બાળકો છે. હાલમાં ૧૮ વરસથી ઓછી વયના ૧૪૨ બાળકો જેલોમાં બંધ છે જેમાં ૭૫ બાળકોને વિવિધ બીમારીઓ છે પરંતુ તેમના ઈલાજ માટે કોઈ જ વ્યવસ્થા નથી.

## જેલ નહીં જહન્નમ !

અહમદ રઝા નામના એક સામાજિક કાર્યકરની દાસ્તાન તથા તેના અનુભવો ટી.વી. ચેનલ અલ જઝીરામાં બતાવવામાં આવ્યા હતા જેના મુજબ ઈ.સ. ૨૦૦૨ની એક રાત્રે ઈઝરાઈલી લશ્કરે તેના મકાન પર હુમલો કર્યો અને દારૂગોળાથી દરવાજા ઉડાવી દીધા અને સખત ફાયરીંગ કરી. અહમદ

રઝાને લાગ્યું કે આ મારી તથા મારા પરિવારની છેલ્લી રાત છે. પણ ઈઝરાઈલી લશ્કરે તેને બહાર આવવા કહ્યું. જ્યારે તે બહાર આવ્યો તો તેના હાથ પીઠ પર બાંધી દેવામાં આવ્યા. જ્યારે તેણે લશ્કરીને પૂછ્યું કે મને શા માટે ગિરફતાર કરવામાં આવ્યો છે ? તો જવાબ મળ્યો કે તું સામાજિક કાર્યકર છે એટલા માટે ! તે આગળ જણાવે છે કે તેને બખ્તરબંધ ગાડીમાં નાખ્યા પછી ઈઝરાઈલી લશ્કરી દળે તેને લાતો વડે ખૂબ માર માર્યો. જ્યારે ઘણા કલાકોના સફર પછી ગાડી રોકાઈ તો તેને એક પથ્થર પર બેસાડી દેવામાં આવ્યો. ૨૪ કલાક સુધી ખાવા પીવાની કોઈ જ વસ્તુ આપવામાં ન આવી અને જ્યારે ટોયલેટ જવાની રજા માંગી તો બે કલાક પછી રજા મળી. તેને ત્રણ દિવસ સુધી પથ્થર પર સૂવડાવવામાં આવ્યો પછી રમલ્લાહ નજીક એક જેલમાં નાખી દેવામાં આવ્યો.

અહમદ રઝાનું કહેવું છે કે આ જેલમાં ૧૧ સેકશન હતાં અને દરેકમાં ૧૨૦ કેદીઓ જેમને માત્ર છ તંબુ આપવામાં આવ્યા હતા. દરેક તંબુ ૬ કે ૮ વ્યક્તિની કેપીસીટી ધરાવતો હતો પરંતુ તેમાં ૨૦ માણસો રહેતા હતા. વાંસના પલંગ કેદીઓને આપવામાં આવ્યા હતા જેના પર તકીયા અને ગાદલાની કોઈ જ વ્યવસ્થા ન હતી. કેદીઓ ઠંડી રાતોમાં પોતાના જેકીટ ઓઢી જાન બચાવતા હતા અને જેમની પાસે કાંઈ ન હતું તે તુટયુ વળી જતા. સવારે છ વાગે કેદીઓની હાજરી લેવામાં આવતી જેના માટે કેદીઓ છ વાગ્યા પહેલાં પોતાના તબુંની બહાર લાઈન લગાડતા અને તેમને ગુઠણોભેર બેસાડવામાં આવતા. દરેક લાઈનમાં ૧૦ કેદીઓ રહેતા. હાજરી લેનાર ઓફિસર સાથે જે તે સેકશનનો ઈન્ચાર્જ પણ રહેતો. જો કોઈ કેદીએ ગાર્ડ સાથે નજર મિલાવી તો તેને એક દિવસ એકાંતમાં પસાર કરવો પડતો હતો.

જો કોઈ પેલેસ્ટાઈની કેદી તકલીફ કે બીમારીની ફરિયાદ કરતો તો દરેક બીમારીની એક જ દવા ''પેરાસીટામોલ''ની ટેબલેટ આપવામાં આવતી ! જો કોઈ ઈમરજન્સી સંજોગો હોય તો ગાર્ડને બીજા દિવસે તેની ફિકર પડતી. અહમદ રઝાને ત્રણ અઠવાડિયા પછી ફોજી કોર્ટમાં લાવવામાં આવ્યો. જ્યાં બધુ પહેલેથી જ નક્કી હોય છે. અહમદ રઝાએ ઈઝરાઈલી જેલોને દુનિયામાં જહન્નમ ગણાવી.

## ન વકીલ ન ગવાહ માત્ર ફૈંસલો !

માનવ અધિકાર પંચના રિપોર્ટ પ્રમાણે કે જેલમાં બંધ કેદીઓના કેસની સુનાવણીની કોઈ જ ગેરન્ટી નહીં. ફોજી અદાલતમાં એક ફોજી જજ હોય છે જેની સાથે એક ઈન્ટેલિજન્સ ઓફિસર, એક વકીલ અને એક દુભાષિયો (**Interpriter**) હોય છે. આ એક નકલી અને બનાવટી કોર્ટ હોય છે, કારણ કે એમાં કેદીને બતાવવામાં આવે છે કે તમારા વિરૂધ્ધ એક છુપી ગવાહી અથવા સબૂત છે જેના વિશે જજને પણ કંઈ ખબર નથી હોતી. ઈન્ટેલિજન્સ ઓફિસરના મશ્વેરા અથવા ઈશારા મુજબ સજા નક્કી કરવામાં આવે છે જેમાં ત્યાર પછી વધારો કરી શકાય છે.

કેદીઓ માટે સખત સમસ્યા પોતાનાં સગાં સંબંધીઓની મુલાકાત છે, જેની રજા મળતી જ નથી અને કોઈની કિસ્મત સારી હોય તો તે સળીયા તથા જાળી પાછળથી કેદીઓને જોઈ શકે છે, કંઈક વાતો કરી શકે છે પરંતુ આ માટે તેમને સખત બેઈજ્જતી વેઠવી પડે છે. તેમને જેલમાં જતાં પહેલાં નગ્ન થઈ તપાસ આપવી પડે છે. કેદીઓને તેમનાં સગાં માત્ર હાલ ચાલ જ પૂછી શકે છે. તેમના માટે ઈબાદત કરવી પણ ઘણી સખત વસ્તુ છે. તેમને એવા માહોલમાં રાખવામાં આવે છે કે દિમાગ પર અસર થાય. ઘણાયે કેદી માનસિક બીમારીઓમાં સપડાય જાય છે. તેમને છૂટકારો પણ મળે તો બાકી જિંદગી ઈલાજ તથા તકલીફોમાં ખપી જાય છે. ઘણીયે સંસ્થાઓની ડખલ છતાં હજુ હાલત ત્યાંની ત્યાં જ છે.

## અસહ્ય તકલીફો

ઈમેન્સટી ઈન્ટરનેશનલ ૧૯૯૮ના આ પ્રસંગને વિવિધ સેમીનારનો વિષય બનાવી રાખ્યો છે જેમાં એક પેલેસ્ટાઈની કેદીએ મેગડો મિલેટ્રી કેમ્પમાં ગિરફતારી દરમ્યાન આપઘાત કર્યો હતો અને પોતે ઈઝરાઈલી માનવ અધિકાર પંચે પણ આ વાતને સ્વીકારી હતી કે જે હાલમાં કેદીને રાખવામાં આવ્યો હતો તેમાં આપઘાત કરવો કોઈ અશક્ય વાત ન હતી. તેના આપઘાત અગાઉ મેન્ટલ સ્પેશ્યાલિસ્ટે મિલેટ્રી કેમ્પના એડમિનીસ્ટ્રેશનને એ વાતની સલાહ આપી હતી કે આ કેદીને આઝાદ કરી દેવામાં આવે અથવા તો તેને કોઈ હોસ્પિટલમાં એડમિટ કરી દેવામાં આવે, કારણ કે આ કેદીએ આપઘાત કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો. જે દિવસે તેની કેદમાં પાંચ મહીનાના વિલંબનો હુકમ કરવામાં આવ્યો તેના બીજા જ દિવસે આ આપઘાત સર્જાયો હતો. અમુક દિવસો અગાઉ ઈઝરાઈલી કેદમાં ૧૫ વરસ પસાર કરનાર એક ભૂતપૂર્વ પેલેસ્ટાઈની કેદીએ લંડનની એક કોન્ફરન્સમાં કહ્યું હતું કે, "હું પેલેસ્ટાઈની કેદીઓના જુલ્મના હજારો બનાવો તથા દાખલા આપી શકું છું જે મેં મારી નજરો સમક્ષ જોયા છે પણ મારી કહાની તમે સાંભળો જે કોઈના નસીબમાં નથી આવી. સતત કેટલાયે દિવસો જાગ્યા પછી મને સૂવા માટે કહેવામાં આવ્યું અને જેવી થોડી આંખ લાગી તો એક ડોલ ભરીને પાણી મારા શરીર પર નાખવામાં આવ્યું. જ્યારે હું ઉઠીને બેસી ગયો તો એક ઓફિસરે મારા ઉપર શાવર (ફુવારો) લગાડી દીધો અને પાણીનાં ટીપાં મારા માથા પર પડવાં લાગ્યાં. કલાકો સુધી આજ હાલતમાં મને ઉભો રાખવામાં આવ્યો જેના કારણે મારા દિમાગ પર ઘણી ચોટો આવી જાણે મારુ દિમાગ સુન મારી ગયું હોય. તે ઓફિસર પાછો આવ્યો અને મને જોઈ હસવા લાગ્યો, પછી હું બેહોશ થઈ ગયો !

આ ભૂતપૂર્વ કેદીના બયાન અનુસાર આ ફોજી જેલના વિવિધ ઓરડાઓમાં સખત જુલ્મ કરવામાં આવતા. એવી તકલીફો આપવામાં આવતી કે કેદીઓની બુમોથી દીવારો ધ્રુજી ઉઠતી. સ્ત્રીઓ સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવતો, પુરૂષોને નગ્ન કરી તમાશો બનાવવામાં આવતા. એવી હરકતો કરાવવામાં આવતી કે તેઓ એક બીજાથી નજરો મિલાવવાની હિમ્મત પણ ન રાખતા.

## અબૂ ગરીબ યહૂદીઓનું જ કારનામુ

ઈઝરાઈલીઓના પેલેસ્ટાઈનીઓ પ્રત્યેના વલણની એક ઝલક ઈરાકમાં અબૂ ગરીબ જેલમાં ૨૦૦૪માં જોવામાં આવી જ્યારે ઈરાકી કેદીઓના સેંકડો ફોટો દુનિયા સમક્ષ આવ્યા જેમાં કેદીઓને નગ્ન કરી શારીરિક તકલીફોના નિશાન બનાવતા દુનિયાની હજારો આંખોએ જોયા. ઉપરોક્ત બધી જ વાતોની ખબર ઈઝરાઈલી સત્તાધિશો વળી અમેરિકી સંરક્ષણ પ્રધાન ડોનાલ્ડ રમ્સફિલ્ડને પણ હતી અને તેમણે પોતે આ પ્રકારનાં કૃત્યોની રજા આપી હતી. આશ્ચર્યની વાત તો એ કે હવે એવી ખબરો આવી રહી છે કે ઈરાકી જેલોમાં પણ આ પ્રકારનાં કામો ઈઝરાઈલી એજન્ટો કરી રહ્યા હતા. ન્યૂઝ મેક્સના ખબરપત્રી યુ.એન. સંવાદદાતા ઈસ્ટો એસ્ટોજલે દાવો કર્યો છે કે તેમને અમેરિકી એલચી વિભાગે બતાવ્યું છે કે ઈરાકના જેલ સેક્સ સ્કેન્ડલમાં ઈઝરાઈલી એજન્ટ સામેલ હતા. એમનું કહેવું છે કે ઈરાકી જેલોમાં કેદીઓથી પૂછતાછના માટે અમેરિકી ફૌજે ઈસ્રાઈલી તપાસ કરનારાઓને ભાડેથી મેળવ્યા હતા જે ઈઝરાઈલી ગુપ્તચર સંસ્થા શીન, બેટ તથા મોસાદના માજી અધિકારી છે. અમેરિકી એજન્સીઓ મુજબ કે સ્ત્રીઓની પૂછતાછના તરીકા ઈઝરાઈલથી વધુ સારી રીતે કોણ જાણી શકે છે ? આ કારણે જ અબૂ ગરીબમાં ઈઝરાઈલી એજન્ટો રાખવામાં આવ્યા છે અને એ ઈરાકી જેલોમાં જે તરીકા અપનાવવામાં આવ્યા છે તે ઈઝરાઈલીઓના જ છે.

*(નઈ દુન્યા સાપ્તાહિક, ૫ થી ૧૧ ડિસેમ્બર–૨૦૦૫)*

## ઔરતોની હિકાયતો

★ લેખક ★
મૌલાના અબૂન્નૂર મુહમ્મદ બશીર
★ અનુવાદક ★
આલિમા કારિયહ્ અનીસા યાકૂબ પટેલ (પાલેજ)

### (હિકાયત નં. ૧૩)

### હઝરતે આમેના رضی اللہ عنہا ના ઈર્શાદાત

હુઝૂર ﷺનાં વાલેદા માજેદા ફર્માવે છે કે છ માસ ગર્ભના પસાર થઈ ગયા પરંતુ મને કાંઈ ગર્ભની નિશાની ન જણાઈ અને ન કોઈ તકલીફ મેહસૂસ થઈ. છ મહીના પછી કોઈએ સ્વપ્નમાં મને કહ્યું :–

**અર્થાત** : "હે આમેના ! તારા ગર્ભમાં સમગ્ર જહાનોથી શ્રેષ્ઠ જલ્વાગર છે. જ્યારે તું તેને જન્મ આપે તો તેનું નામ મુહમ્મદ રાખજે."

અંબિયાએ કિરામની મુકદ્દસ જમાઅત આપના ઝહૂરની ખુશખબરી સંભળાવતા રહ્યા. જ્યારે જન્મનો સમય આવ્યો, હું ઘરમાં એકલી હતી. હઝરત અબ્દુલ મુત્તલિબ હરમ શરીફમાં તવાફ કરી રહ્યા હતા. મેં એક ભયંકર અવાજ સાંભળ્યો જેથી હું કાંપી ઉઠી, પછી એક ફરિશ્તો સફેદ મરઘાની શિક્લમાં આવ્યો, જેણે પોતાની પાંખ મારા સીના પર રગડી અને મારો ભય જતો રહ્યો અને બધી તકલીફ પણ દૂર થઈ ગઈ. પછી મારા માટે કોઈ એક પ્યાલો શરબતનો લાવ્યું જેને મેં પીધું. તેના પીવાથી મને એક બુલંદ નૂર દેખાયું. મેં જોયું કે અબ્દુલ મુનાફની પુત્રીઓ મારી આસપાસ ઊભી છે. હું અચંબામાં પડી ગઈ એટલામાં તેણીઓમાંથી એકે કહ્યું, હું ફિરઓનની પત્ની આસિયા છું અને બીજી બોલી હું ઈસા علیہ السلامની માં મરયમ છું અને આ અન્ય ઔરતો જન્નતની હૂરો છે, અમો સર્વ અલ્લાહના હુકમથી તમારી ખિદમત માટે જન્નતથી આવી છે. પછી ફર્માવ્યું કે :–

**અર્થાત** : અલ્લાહે મારી આંખોથી પરદો હટાવી દીધો, તો મેં દુનિયામાં પૂર્વ તથા પશ્ચિમ જોઈ લીધાં અને ત્રણ ઝંડા પણ જોયા, એક ઝંડો પૂર્વમાં ફરકાવેલ હતો, બીજો પશ્ચિમમાં અને ત્રીજો કા'બાની છત પર.

ત્યારબાદ હુઝૂર ﷺ પૈદા થયા અને મેં આપને જોયા તો આપ સજદામાં પડેલ હતા *(મુવાહિબુલ્ લદુન્નિયહ્, પેજ–૨૧, જિલ્દ–૧)*

**બોધ** : હઝરત આમેના رضی اللہ عنہا સૌ માંઓથી વધુ ભાગ્યશાળી માં છે. એટલી ભાગ્યશાળી કે આપની ખિદમત માટે જન્નતથી આસિયા અને ઈસા علیہ السلامના માં તથા જન્નતની હૂરો ખિદમતમાં હાજર થઈ ગઈ. એવી ખુશનસીબ માંના ખિલાફ કોઈ અતિ બદ્નસીબ જ ઝબાન ખોલશે. જણાયું કે હઝરત આમેના ખૈરુલ આલમીન સૈયદુલ આલમીનનાં માં છે. આપને જન્નતના ફરિશ્તા તથા અંબિયાએ કિરામ બશારતો આપતા રહ્યા. આપના માટે જન્નતથી શરબત મોકલવામાં આવ્યું, પછી જે મુકદ્દસ માંની આ દુનિયામાં પણ જન્નતની હૂરો ખિદમત કરે અને આ દુનિયામાં પણ જન્નતનું શરબત જેને મળે શું એ શક્ય છે કે તે જહાનમાં આપને જન્નતથી વંચિત રાખવામાં આવે ?! આ પરથી જણાયું કે હુઝૂર ﷺ નૂર છે ત્યારે જ તો હઝરત આમેના رضی اللہ عنہاને હમલની તકલીફોનો સામનો ન કરવો પડયો અને આપે શરબત પીધા બાદ એક બુલંદ નૂર પણ જોઈ લીધું અને પછી તે જ નૂરની બરકતથી આપની આંખોથી પરદા હટયા તો દુનિયામાં પૂર્વ તથા પશ્ચિમને આપે જોયા. અને પૂર્વ અને પશ્ચિમ તથા કા'બાની છત પર ખોસેલ ઝંડા પણ જોઈ લીધા. પછી કેટલી હદે જુલમ તથા જેહાલતની વાત છે કે જે ઝાતે નૂરની માંની દેખવાની કુવ્વતનો આ આલમ હોય તે ઝાતે નૂર સંબંધે કોઈ આમ લખી આપે કે તેમને તે દીવાર પાછળ નું પણ ઈલ્મ ન હતુ. (અલ્લાહની પનાહ !) એ પણ જણાયું કે આપણા હુઝૂર ﷺ સરાપા મો'જિઝા છે કે પૈદા થતાં જ સજદામાં પડી ગયા એનો આ તરફ સંકેત હતો કે હું દુનિયામાં દુનિયાને અલ્લાહ સમક્ષ સજદામાં પડાવવા માટે આવ્યો છું. અને એ પણ જણાયું કે આપણા હુઝૂર ﷺના આ સજદાથી સમગ્ર રૂએ જમીન હુઝૂર માટે મસ્જિદ બની ગઈ. જેથી હુઝૂર ﷺએ ફર્માવ્યું છે : મારા માટે આખી જમીન મસ્જિદ અને પાક કરવાવાળી બનાવવામાં આવી. આ જબીને મુસ્તફાનું જમીન પર લાગવાનો સદકો છે કે આખી જમીન મસ્જિદ અને પાક કરવાવાળી બની ગઈ.

મુબારક હો જહાં મેં સૈયદે લૌલાક આએ હૈં
જો થે નાપાક સરકાર ઉનકો કરને પાક આએ હૈં

કાર્યાલય

# બાળકોનો તર્બિયતી ગુલશન

## ★ અંગારા ફૂલ બની ગયા ! ★

ઘણા જ પૂરાણા જમાનાની વાત છે કે ઈરાક દેશમાં એક શહેર હતું જેનું નામ બાબિલ હતું. હઝરત ઈબ્રાહીમ عليه السلام ત્યાં પેદા થયા હતા. બાબિલના લોકો મૂર્તિની પૂજા કર્યા કરતા હતા. આમ છતાં એ દુનિયાની વાતોમાં ઘણા જ ચાલાક અને અકલમંદ હતા પરંતુ દિલ એમનું આંધળુ હતું, પોતાના હાથોથી પથ્થરોને કોતરી મૂર્તિ બનાવતા અને પછી એ જ મૂર્તિને ખુદા માનીને એની પૂજા કરતા.

અલ્લાહ તઆલાએ ભટકેલા માનવોની હિદાયતના માટે હઝરત ઈબ્રાહીમ عليه السلامને પૈગંબર બનાવ્યા અને આપના પર પોતાનું કલામ નાઝિલ ફર્માવ્યું. હઝરત ઈબ્રાહીમ عليه السلام એ બાબિલના લોકોને સમજાવ્યું કે ખુદા એ છે જેણે આપણને બધાને પેદા કર્યા, જમીન બનાવી, આકાશ બનાવ્યું આખી દુનિયાનો એ જ ખુદા છે, તે એકલો છે એની ખુદાઈમાં કોઈનો ભાગ નથી એનું નામ અલ્લાહ છે. તમે લોકો માત્ર ખુદાની ઈબાદત કરો, મૂર્તિઓને પૂજવાનું છોડી દો, આ મૂર્તિ જીવ વગરના પથ્થર છે એ હરગિઝ ખુદા નથી.

જ્યારે બાબિલવાળાઓએ નસીહત કબૂલ ન કરી તો આપે સાફ સાફ એલાન કરી દીધું કે, અય મૂર્તિના પૂજારીઓ ! તમે બધા દરેક દરેકે કાફિર અને ગુમરાહ છો, તમારા પર અને તમારા જૂઠા ખુદાઓ પર ફિટકાર છે, હું તમારા બધાથી બેઝાર છું અને તમારા જૂઠા ખુદાઓનો દુશ્મન છું.

એક દિવસ બાબિલના લોકો પોતાના વાર્ષિક મેળામાં ગયા હતા, આપે હાથમાં કૂહાડી લીધી અને મૂર્તિઘરમાં પહોંચ્યા. ત્યાં મૂર્તિઓની આગળ જાત જાતના ઉમદા ખાણાં જોઈને ફર્માવ્યું કે, અય મૂર્તિઓ ! તમે આ પ્રસાદોને કેમ નથી ખાતી ?! જ્યારે કોઈ જવાબ ન મળ્યો તો કહ્યું, અરે તમને શું થઈ ગયું છે ? તમે લોકો બોલતા કેમ નથી ? ભલા પથ્થરની જીવ વગરની મૂર્તિઓ શું બોલી શક્તી હતી ?! પછી તો આપે કૂહાડી ઉઠાવી અને મૂર્તિઓને મારી મારીને ચૂર ચૂર કરી દીધી.

બાબિલના કાફિરો જ્યારે મેળામાંથી પાછા આવીને મૂર્તિઘરે પહોંચ્યા તો પોતાના ખુદાઓનો બુરો હાલ જોઈને હઝરત ઈબ્રાહીમ عليه السلامના જાની દુશ્મન થઈ ગયા. એ લોકોએ સાઈઠ હાથ લાંબો અને ચાલીસ હાથ પહોળો એક ઘણો જ મોટો આતિશકદા (અગ્નિકુંડ) તૈયાર કર્યો અને એને ચારેબાજુ દીવાલોથી ઘેરી લીધો. એક મહીના સુધી એમાં લાકડાંઓ ભરતા રહ્યા પછી એમાં આગ લગાડી. જ્યારે ભડકીને એની આગ આકાશમાં વાતો કરવા લાગી તો એ કાફિરોએ હઝરત ઈબ્રાહીમ عليه السلامને ભડકતા અંગારાઓમાં નાખી દીધા. આપના પહોંચતાં જ રબ્બુલ આલમીનનો હુકમ થયો કે, અય આગ ! ઈબ્રાહીમના હક્કમાં ઠંડી થઈ જા ! બસ, આખો આતિશકદો હઝરત ઈબ્રાહીમના માટે ઠંડો થઈ ગયો અને આગના અંગારા ફૂલ બની ગયા.

કેટલાય દિવસ આતિશકદામાં રહ્યા પછી આપ બહાર તશરીફ લાવ્યા. બાબિલવાળા આપને જીવંત સલામત જોઈને દંગ થઈ ગયા. તે લોકો આગના ન સળગવા પર નવાઈ તો ખૂબ પામ્યા પણ ઈમાન ન લાવ્યા. હઝરત ઈબ્રાહીમ عليه السلام એ બાબિલ છોડી દીધું અને શામ દેશની તરફ તશરીફ લઈ ગયા. પછી બાબિલના રહેવાવાળાઓ પર અલ્લાહ તઆલાનો અઝાબ નાઝિલ થયો અને દરેકે દરેક દુનિયાથી ખતમ થઈ ગયા.

**ફાયદો** : હઝરત ઈબ્રાહીમ عليه السلامને અલ્લાહ તઆલાએ જે ગુમરાહ માનવોની હિદાયતના માટે દુનિયામાં મોકલ્યા હતા તો આપે પોતાની જાનને ખતરામાં નાખીને એ ગુમરાહ માનવોને સીધા રસ્તાની તરફ બોલાવ્યા, એ લોકો આપની જાનના દુશ્મન થઈ ગયા તેમ છતાં પણ આપ એની પરવા કર્યા વગર હક્કનો પ્રચાર કરતા રહ્યા ત્યાં સુધી કે આપને આગના ભળકતા શોલાઓમાં નાખી દેવામાં આવ્યા. પણ અલ્લાહે આપની મદદ ફર્માવી અને આગને આપના પર બાગ બનાવી દીધી.

એમાં કોઈ શક નથી કે સાચુ કહેનારની મદદ અલ્લાહ તઆલા કરે છે, અલ્લાહ આપણને હક્ક વાત કહેવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ બરકાતે ખ્વાજા (માસિક) કેવું લાગ્યું ?! ★

અસ્સલામુ અલૈકુમ, મુકર્રમી જનાબ પટેલ શબ્બીર અલી રઝવી,

આપને આ ખત લખતાં આનંદ થાય છે કે આજે જ્યારે ઢોંગી જમાનો ચાલી રહેલો છે ત્યારે ઈસ્લામને બચાવવા આપની જે કલમ ચાલી રહેલ છે અને સાચો રસ્તો બતાવી રહેલ છે તો મને એમ લાગે છે કે અમેરિકાના આતંકવાદી હુમલા જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર પરમાણુ બોમ્બથી થયા હતા તે જ પ્રમાણે આજે ઈસ્લામ પર ચારે તરફથી થતા હુમલા (કલમી) સામે જાણે બખ્તર પૂરુ પાડી રહેલ છે. આપના માટે આ ગુનેહગાર અને નાચીઝના શબ્દો છે જે આપની તારીફમાં દરિયાના ટીપા સમાન છે.

***–અબ્બાસ વલી ખાપા (મછાસરા)***

**તંત્રી** : બરકાતે ખ્વાજા (માસિક), સલામ મસ્નૂન ડિસ. ૦૫ના અંકનો લેખ **'ઈમામ અહમદ રઝાખાં' જેવા સાયન્ટીસ્ટ (વૈજ્ઞાનિક) બતાવો અને રૂપિયા પાંચ લાખ મેળવો !** ખૂબ જ ગમ્યો. આધુનિક એજ્યુકેટેડ તથા ગૈર મુસ્લિમોમાં ઈસ્લામી દા'વત આપવા જેવો લેખ છે તે બદલ મુબારકબાદ !

***–લિ. યૂસુફખાન કરીમખાન પઠાણ–ભાવનગર***

*(તંત્રી : સિપાહી પયગામ)*

## ★ દયાદરામાં દીની જલ્સાઓ ★

★ અમીરુલ મો'મિનીનીન **હઝરત ઉષ્માનગની** رضی اللہ عنہની શહાદતના મુબારક દિવસે મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ દયાદરામાં જનાબ મૌલાના શાકિર પટેલ મિસ્બાહીએ તા. ૧૮ ઝીલ હજ્જના રોજ ઈશા બાદ આપની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

★ અમીરુલ મો'મિનીન હઝરત **ઉમર ફારૂકે આ'ઝમ** رضی اللہ عنہની શહાદતની યાદના પ્રસંગે તા. ૨૩ ઝીલ હજ્જ સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા દયાદરા નૂરાની મસ્જિદમાં રાખ્યો હતો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમ્તિયાઝભાઈ ભીવંડીવાળાએ શાને ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہમાં શાનદાર તથા બોધદાયક બયાન કર્યું હતું.

★ મુહર્રમ શરીફની ૯, ૧૦ તારીખોએ રાત્રે મોટા ચકલા પર **જશ્ને શોહદાએ કર્બલા** મનાવાયો જેમાં હઝરત મૌલાના મુફતી ગુલામ જીલાની સાહબ (શૈખુલ હદીષ દા.ઉ. નૂરે મહુમ્મદી–દયાદરા)એ વલવલાઅંગેઝ બયાનો કર્યા હતાં. ૧૦ મીની સવારે ૮ વાગ્યે હઝરત સૈયદ બડા સાહબની સદારતમાં મસ્જિદમાં પણ મુફતી સાહબે બયાન કર્યું હતું છેવટમાં હઝરત સૈયદ બડા સાહબે શાને હુસૈનમાં નૂરાની બયાન કર્યું હતું. નફ્લો તથા દુઆએ આશૂરા પઢવામાં આવી છેવટે સલાતો સલામ બાદ બડા સાહબની દુઆ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો. ગ્રામ્યજનો તરફથી શરબતની વહેંચણી કરવામાં આવી હતી.

★ તા. ૧૨–૨–૨૦૦૬ (૧૪–મુહર્રમ)ના રોજ ઈશા બાદ **જશ્ને મુફતીએ આ'ઝમે હિંદ** મનાવાયો જેમાં દયાદરા મસ્જિદમાં જનાબ મૌલાના શાકિર પટેલ મિસ્બાહીએ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની શાનમાં આપની શરીઅત પર અડગતા વિશે તથા કરામતો વિશે અને વલીની શરતો વિશે બયાન કરી આશિકાને ઔલિયાનાં ઈમાન તાજાં કરી દીધાં હતા.

## ★ સૈયદ યુવક/યુવતિઓ માટે ★

ગુજરાતમાં વસતા સૈયદ કુટુંબના યુવક, યુવતિઓની પસંદગી માટે ''ગુજરાત અંજુમને સૈયદ'' સંસ્થા મદદરૂપ થવા વિચારી રહી છે તો તે અંગેના ફોર્મ મુહમ્મદ અલી સૈયદ, ખત્રીપોળ, સ્વામીનારાયણ મહોલ્લો, વાડી, વડોદરા–૧૭ ખાતેથી રૂા. ૨૫/– આપી સવારે ૯ થી ૧૦ : ૩૦ દરમ્યાન મેળવી લેવા વિનંતિ છે. ***–લિ. મુહમ્મદ અલી સૈયદ (સેક્રેટરી)***

## ★ આજીવન તથા પેટ્રન થયા ! મુબારકબાદ ! ★

- ✪ જનાબ પઠાણ મુસ્તકીમખાન શાહિદખાન રઝવી, મુા. માતર (જિ. ખેડા) રૂા. ૨,૫૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના આજીવન સભ્ય થયા છે તેમજ રૂા. ૩૦૦/– લિલ્લાહ મદદ પણ માસિકને મોકલી છે. (જઝાકલ્લાહ !)

  *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

- ✪ જનાબ સૈયદ હાજી મુસ્તફામિયાં પન્નુમિયાં–ઉનાવા (તા. ઊંઝા) રૂા. ૧,૦૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના પેટ્રન ગ્રાહક થયા છે. મુબારકબાદ ! જઝાકલ્લાહ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

- ✪ અમારા હમદર્દ, બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક જનાબ અબ્દુલ ગફ્ફાર એસ કાઝી (કોઠી, તા. વાંકાનેર) પણ રૂા. ૧,૦૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના પેટ્રન ગ્રાહક થયા છે. મુબારકબાદ ! જઝાકલ્લાહ ! *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

- ✪ તેમજ જનાબ હાજી ઉમરભાઈ જમીલભાઈ વ્હોરા–મુા. બીલ (તા. જિ. વડોદરા) તરફથી રૂા. ૧૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

  *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ શાદી મુબારક ! ★

**પાલેજ** : તા. ૨૬–૧–૨૦૦૬ના રોજ જનાબ યાકૂબ યૂસુફ આમનજીની નેક દુખ્તર આલિમા કારિયહ્ (તંત્રી બરકાતે ખ્વાજા માસિકની ભાણકી) અનીસા બાનુની શાદી જનાબ હાફેઝ યાકૂબ હલદરવી રઝવીના નેક ફરઝંદ મૌલાના ગુલામ મોહ્યુદ્દીન સાથે પાલેજ મુકામે "અયવાને મદની હોલ" ખાતે ખૂબ જ શાનો શૌકત સાથે થઈ હતી જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી (મુંબઈ)એ તશરીફ લાવી નિકાહના સંબંધે ઈમાન અફરોઝ બયાન કરી હાલમાં યૂરોપ અમેરિકાના બેહયાઈભર્યા કલ્ચરથી દૂર રહી ઈસ્લામી કાનૂન પ્રમાણે શાદી કરવા સંબંધે તાકીદ કરી હતી તકરીર બાદ નિકાહ થયા પછી સલાતો સલામ સાથે નિકાહનો પ્રોગ્રામ પૂર્ણ થયો હતો. હલદરવા : મુકામે આગલા દિવસે રાત્રે નઅતનિયા મેહફિલ રાખી હતી જેમાં નઅતખાં જનાબ સૈયદ અહમદ સાહબ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી તશરીફ લાવ્યા હતા. ખૂબ જ કામયાબ પ્રોગ્રામ થયો હતો. હલદરવાથી આવેલ બારાતમાંના કેવળ પુરૂષો હઝરત દફતર અલી બાવા رحمۃ اللہ علیہની દરગાહ શરીફથી સલાતો સલામ પઢતા પઢતા દુલ્હા સાથે હોલ પર આવ્યા હતા. આમ એક સુંદર નમૂનારૂપ શાદી થઈ હતી. (મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌ મો'મિનોને ઈસ્લામી કાનૂન પર ચાલીને સર્વ પ્રસંગો કરવાની તૌફીક આપે અને આવી શાદીઓમાં ખૂબ બરકતો અતા કરે. આમીન

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કરજણ** : (જિ. વડોદરા) જનાબ ખત્રી ઈકબાલ હુસૈન અ. કરીમ (બાદલ સાહબ)ની સુપુત્રીઓ શમીમ બાનુ હમરાહ ફૈઝ મુહમ્મદ (સાધલી) તથા આમેનાબાનુ હમરાહ મુહમ્મદ તાહિર (તેજગઢ) નિકાહખ્વાની તા. ૨૩–૧–૨૦૦૬ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નબીપુર** : જનાબ ગુલામઅલી આદમ કડુજી (તંત્રી બરકાતે ખ્વાજા માસિકના મામા)ના નેક ફરઝંદ સલાહુદ્દીન સાથે વોરાસમનીના અહમદ હાજી ઈબ્રાહીમ શયદાની નેક પુત્રી શબાના સાથે નિકાહખ્વાની વોરાસમની મુકામે તા. ૨૨–૧–૨૦૦૬ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !) -

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કંબોલી** : જનાબ ઈબ્રાહીમ ઉમરજી માટલીવાલાના નૂર ચશમ નેક ફરઝંદ જનાબ મુફતી હારૂનરશીદની નિકાહખ્વાની મનુબર નિવાસી હાજી વલી (ઉર્ફે ગુલામભાઈ)ની દુખ્તરે નેક અખ્તર આલિમા રૂબીનાબાનુ સાથે તા. ૧૯–૨–૨૦૦૬ના રોજ રાખવામાં આવી. (મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**દયાદરા** : મુકામે હાજી ઈસ્માઈલ મૂસા ઉમરનો તા. ૧૩–૧–૦૬ના રોજ દુ:ખદ ઈન્તેકાલ થયો હતો. મૌલા તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બરકાતે ખ્વાજા માસિક થકી ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

-કાર્યાલય

## વિષય : દીને હક્ક માટે સહાબાની કુર્બાનીઓ અને આપણે

### લેખ હરીફાઈમાં ભાગ લેનારા ખુશનસીબો

**દારુલ ઉલૂમ શૈખુલ ઈસ્લામ-બાલાસીનોર**

મલેક સઈદ અશરફ ભાલેજવાળા

**M.E.S. સ્કૂલ -રાજપારડી**

વાઝા જાવિદ હુસૈન ગુલામ હુસૈન-રાજપારડી

**દારુલ ઉલૂમ મિસ્કિનિયહ-ધોરાજી**

મુહમ્મદ મુનવ્વર રઝા વલીમિયાં બાપુ પટેલ

**મલાડ (ઈ) મુંબઈના રહેવાસી**

મુહમ્મદ ફૈઝ કાસિમ પઠાણ-મુંબઈ

**નોંધ**

**આ લેખ હરિફાઈમાં પ્રથમ આવનાર લેખ આવતા અંકે છપાશે. ઈન્શાઅલ્લાહ !**

### ★★ સૂચના ★★

લેખ લખનારા તલબા ધ્યાન રાખે કે....

★ પઢાઈ સિવાય સમય કાઢીને વિવિધ ગુજરાતી-ઉર્દૂ રિસાલા તથા વર્તમાન પત્રોનો અભ્યાસ રોજની આદત બનાવે જેથી દિમાગ વિશાળ થશે. જાણકારી વધશે, લખવાનો ઢંગ મળશે વગેરે.

★ કુર્આનની આયતો લખે કે ન લખે પણ તર્જુમાની પાછળ સૂરતનું નામ તથા આયત નંબર જરૂર લખે.

★ હદીષ ટાંકયા બાદ કે શરૂમાં કિતાબનો હવાલો અને બહવાલા કઈ કિતાબમાંથી લખ્યું તે દર્શાવે.

★ વાકયા બયાન કરે તેમાં પણ પેજ નં. સાથે જે તે કિતાબનો હવાલો લખે.

★ જયાં વાત બદલાય ત્યાં **પેરેગ્રાફ** પાડે.

★ ડાબી બાજુ હાશિયાની જગા છોડીને લખાણ લખો.

★ લખાણ સુવ્યવસ્થિત લાગે તેમ સ્પષ્ટ શકય તેટલા સુઅક્ષરોમાં લખે.

★ જોડણી માટે બુક સ્ટોલ પરથી ગુજરાતી ડિક્ષનરીઓ મેળવી લે જેથી સરળતા રહે.

### ★ લેખ હરીફાઈમાં પ્રથમ ત્રણ નંબર મેળવનારાઓનાં નામો ★

| | | | |
|---|---|---|---|
| નંબર ૧ : | મુહમ્મદ ફૈઝ કાસિમ પઠાણ (મુંબઈ-મલાડ) | રૂા. ૩૦૦/- | (પ્રથમ ઈનામ) |
| નંબર ૨ : | મલેક સઈદ અશરફ ભાલેજવાલા | રૂા. ૨૦૦/- | (બીજુ ઈનામ) |
| નંબર ૩ : | મુહમ્મદ મુનવ્વર રઝા વલીમિયાં બાપુ પટેલ | રૂા. ૧૦૦/- | (ત્રીજુ ઈનામ) |

★ હવે કયા વિષય પર લેખ મોકલશો ?! ★

## ઈલ્મે દીનનું મહત્વ અને આપણે

તા. **૧૨-૪-૨૦૦૬** સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.

★ **નોંધ** ★

**લેખ હરીફાઈમાં ભાગ લેનાર દરેકને એક કિતાબ તથા બરકાતે ખ્વાજા અંક મે-૨૦૦૬નો ભેટમાં આપવામાં આવશે.**